
# FMPB ફસલ

Volume 15 Issue 6 June 2025



"પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ બનતું નથી, કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ" (હિબ્રૂઓને પત્ર

# વિશ્વાસ

આના કરતા વધારે

યોહાન ૨૧:૧૫

## ઈશ્વર પર હજી વધારે વિશ્વાસ કરો

# મુખપૃષ્ઠ... વિશ્વાસમાં ભરેલુ પગલું

ચાર્લ્સ સ્પર્જન તેમના દાદા જેમ્સ, મોટા પરિવાર અને ખૂબ જ ઓછી આવકવાળા ગરીબ પાળક વિષે એક વાત જણાવે છે કે તે ઈશ્વરને પ્રેમ કરતા હતા અને તેમણે કોઈ પણ વસ્તુ માટે સુવાર્તાનો ઉપદેશ આપવાનું ત્યજી દીધું ન હોત. જ્યારે તેમની એકમાત્ર ગાય મૃત્યુ પામી ત્યારે તેમના બાળકો માટેના દૂધનો પુરવઠો કપાઈ ગયો. ત્યારે પણ જેમ્સે વિશ્વાસપૂર્વક કહ્યું જો જરૂર પડશે તો ઈશ્વર 50 ગાયો પૂરી પાડશે. તે જ દિવસે, તેમની પરિસ્થિતિથી અજાણ, લંડનનું એક જૂથ સંઘર્ષ કરતા પાળકો માટે નાણાં ઊભા કરતા હતા. જ્યારે તેઓ યાદીના અંતે પહોંચ્યા, ત્યારે હજુ પણ પાંચ પાઉન્ડ બચ્યા હતા. તે જૂથમાંની એક વ્યક્તિએ સૂચવ્યું કે તે પાંચ પાઉન્ડ ચાર્લ્સ સ્પર્જનને મોકલો. બીજી વ્યક્તિએ કહ્યું, "ના, માત્ર પાંચ પાઉન્ડ ના મોકલશો. મને તેમાં બીજા પાંચ પાઉન્ડ ઉમેરવા દો." જૂથની અન્ય વ્યક્તિઓ પણ તેમાં જોડાઈ, અને ચાર્લ્સની ગાય મૃત્યુ પામી તેના બીજા દિવસે, તેમને મોટી ભેટ મળી.



તમે આખી નિસરણી જોઈ શકતા નથી
છતાં તમે વિશ્વાસથી પ્રથમ પગથિયું ભરો છો.
- માર્ટિન લ્યુથર કિંગ જુ.

આ વાર્તા પ્રગટ કરે છે કે ઈશ્વર આપણી જરૂરિયાતો પૂરી પાડે છે અને તેમણે આપેલા વચનો પાળે છે. ઈશ્વર પર વિશ્વાસ, ફક્ત આપણી પ્રાર્થનામાં આપણી જરૂરિયાતમાં જ નહિ, પરંતુ તેમના ન્યાયમાં આપણી ધીરજપૂર્વકની માન્યતામાં પણ પ્રદર્શિત થાય છે. જ્યારે તમે ખોટુ કર્યું હોય, ત્યારે પોતાની જાત સાથે બદલો લેવાને બદલે, ઈશ્વર પર વિશ્વાસ રાખો કે તે તમારી સંભાળ લેશે. જે રીતે આપણે ડોક્ટર, વકીલ કે બેન્કર પર વિશ્વાસ કરીએ છીએ, તે જ રીતે જ્યારે આપણે આપણી લાચાર સ્થિતિને તેમના હાથમાં મૂકીએ છીએ અને આપણે જે નથી કરી શકતા તે બાબતો માટે તેમના પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે ઈસુને ખરેખર આપણા તારનાર તરીકે વિશ્વાસ કરીએ છીએ.

એફએમપીબીનું હવે પછીનું નૈતિક મૂલ્ય "વિશ્વાસ" છે. "પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ બનતું નથી, કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે, અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ" – હિબ્રૂઓને પત્ર 11:6.

જ્યારે આપણે તારણ માટે ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે વિશ્વાસનું પ્રથમ પગલું લેવું જોઈએ. પછી જ્યારે આપણે જીવનભર તેમને અનુસરીએ છીએ ત્યારે આપણે વધારાના પગલા લઈએ છીએ. તેથી, આપણે ઈસુ ખ્રિસ્ત દ્વારા ઈશ્વર પર વિશ્વાસ રાખીએ તે નિર્ણાયક છે, કારણ કે તે તેમનું વચન તોડશે નહિ, તેમાં નિષ્ફળ જશે નહિ કે આપણને નિરાશ કરશે નહિ. "વિશ્વાસના પિતા" ઈબ્રાહિમની જેમ, અમારા તમામ મિશનરીઓ, અમારી સંસ્થાની શરૂઆત કરનાર ચાર વિભૂતિઓ જેઓ પ્રાર્થના કરવા એકત્ર થયા હતા અને આ સંસ્થાના બીજ વાવ્યા હતા ત્યારથી લઈને સંસ્થામાં જોડાનાર છેલ્લામાં છેલ્લા મિશનરીએ વિશ્વાસનું આ પ્રથમ પગલું ભર્યું છે (હિબ્રૂઓને પત્ર 11:8). એફએમપીબીના તમામ ઈતિહાસ દરમિયાન ઈશ્વર અમારા માટે એટલા વિશ્વાસુ રહ્યા હતા અને આત્માઓ આપવા અથવા અમારી જરૂરિયાતો પૂરી પાડવામાં ક્યારેય નિષ્ફળ ગયા નથી. જેમ આપણે વાંચીએ છીએ કે કરણી વિના વિશ્વાસ નિર્જીવ છે, તેમ આપણે ખાતરીના શબ્દો બોલવાની અને કાર્યોમાં આપણો વિશ્વાસ બતાવવાની જરૂર છે. જો આપણને રાઈના નાના દાણા જેટલો વિશ્વાસ છે, તો તે આપણી સમસ્યાઓ દૂર કરવા માટે પૂરતો હશે. તમારો વિશ્વાસ કેટલો વિશાળ છે ?

***- મર્સિ સેલ્વિન (કમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ)***

વિશ્વાસી ધર્મનો મર્મ
શુદ્ધ અંતકરણથી
માનનાર હોવા જોઈએ.

૧ તિમોથી ૩:૯

વિશ્વાસ એ લાગણી નથી, આગળનો રસ્તો અનિશ્ચિત લાગે ત્યારે પણ ઈશ્વર પર વિશ્વાસ કરવો એ પસંદગી છે.

- ડેવ વિલિસ

કેમ કે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો, અને એ તમારાથી નથી, એ તો દેવનું દાન છે : કરણીઓથી નહિ, રખેને કોઈ અભિમાન કરે.
એફેસી ૨:૮-૯

"વિશ્વાસ અદ્રશ્યને જુએ છે, અવિશ્વસનીય પર વિશ્વાસ કરે છે અને અશક્ય બાબતને પ્રાપ્ત કરે છે."

- કોરી ટેન બૂમ

## અમારું દર્શન

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા ભારતીયો સુધી પહોંચો.

## અમારું ધ્યેય

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે રાષ્ટ્રને સુવાર્તા પહોંચાડવી, સમુદાયોને રૂપાંતરિત કરવા અને ભારતીય મંડળીઓની વિશાળ ભાગીદારી માટે તેઓને દર્શન જણાવવું.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનાકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાજુદા લોકજૂથો મધ્યે પહોંચીને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

FMPB, House No.06, Carmel Park Society,
Nr. Carmel Methodist Church,
Gurukrupa School Road,
CTM, Ahmedahad-380026, Gujarat
Mo. 9913007205

ફસલ

એફએમપીબીનું સત્તાવાર માસિક

Publisher & Editor
S. John Berlin

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...



### પ્રિય પ્રાર્થના ભાગીદારો

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં આપ સર્વને શુભેચ્છાઓ.

સંઘર્ષ, અનિશ્ચિતતા અને નાજુક યુદ્ધવિરામ દ્વારા ચિહ્નિત થયેલ સમયમાં, આપણું રાષ્ટ્ર નિર્ણાયક ચોરાહે ઊભું છે. સરહદો, રાજકિય અસ્થિરતા અને હિંસા દ્વારા તણાવથી વ્યાપક અસ્વસ્થતા ઊભી થઈ છે. જ્યારે મીડિયા વાટાઘાટો અને બદલાની હેડલાઈન્સ સાથે પડઘો પાડે છે, ત્યારે આપણને યાદ અપાવે છે કે કાયમી શાંતિ માટે મંડળીએ ઉત્સાહપૂર્ણ દરમિયાનગીરી અને હિંમતપૂર્વકની સાક્ષીમાં વધારો કરવો જ જોઈએ.

સેવાકાર્ય અને પ્રાર્થનામાં ભાગીદારો તરીકે, આપણે પ્રગટતા નાટકના નિષ્ક્રિય નિરીક્ષકો નથી – આપણે ઈશ્વર દ્વારા મળતા તારણના કાર્યમાં સક્રિય સહભાગી છીએ. હેડલાઈન્સથી આગળ જોવા અને આપણી દૈવી જવાબદારીમાં આગળ વધવા, પ્રાર્થના કરવા, પ્રગટ કરવા અને શાંતિના પ્રતિનિધીઓ બનવાનું આ તેડુ છે.

### સંઘર્ષની પ્રકૃતિ સમજવી

બાઈબલ યુદ્ધ અને અશાંતિના વૃતાંતોથી ભરેલું છે. તેમ છતાં, ભૌતિક લડાઈઓ ઉપરાંત, શાસ્ત્ર એક ઊંડી આત્મિક વાસ્તવિકતા પ્રગટ કરે છે. યાકૂબ 4:1 જણાવે છે કે, "તમારામાં લડાઈ તથા ઝઘડા ક્યાંથી થાય છે ? શું તમારા અવયવોમાંની લડાઈ કરનારી દુર્વાસનાથી નહિ ?" – પાપ, અભિમાન અને સ્વાર્થી મહત્વકાંક્ષાના મૂળ આંતરિક તકરાર તરફ ઈશારો કરે છે. આ અર્થમાં, આજે આપણે જે યુદ્ધો જોઈએ છીએ તે આત્મિક અશાંતિનું પ્રતિબિંબ છે, જ્યાં અંધકારનું રાજ્ય વિક્ષેપ અને નાશ કરવાનો પ્રયત્ન કરે છે.

યુદ્ધવિરામ કરાર ક્ષણિક રાહત આપે છે, ત્યારે તેઓ તૂટેલા રાષ્ટ્રના હૃદયના દર્દને મટાડતા નથી. શાંતિ, બાઈબલના અર્થમાં, ફક્ત યુદ્ધની ગેરહાજરી નથી – તે ન્યાય, પુનઃસ્થાપના અને ન્યાયીપણાની હાજરી છે. યર્મિયાએ ચેતવણી આપી છે કે, "કંઈ પણ શાંતિ ન છતાં, તેઓએ શાંતિ, શાંતિ, બોલીને મારા લોકની દીકરીના ઘા ઉપર-ઉપરથી રુઝાવ્યા છે" (યર્મિયા 6:14).

સાચી શાંતિ ફક્ત ઈશ્વર સાથે સમાધાન દ્વારા આવે છે. વિશ્વાસીઓ તરીકે, આપણને આશાનો આ સંદેશ સોંપવામાં આવ્યો છે. – અને સંઘર્ષ દ્વારા ક્ષતિગ્રસ્ત થયેલાઓ સહિત, દરેક સંદર્ભમાં તેને પ્રગટ કરવા આદેશ આપ્યો છે.

### મધ્યસ્થી અને સેવાકાર્ય માટે

### બાઈબલનો આદેશ

સમગ્ર ઈતિહાસમાં, ઈશ્વરે તે લોકોની માંગ કરી છે જેઓ રાષ્ટ્રો વતી દરમિયાનગીરી કરે. હઝકિયેલ 22:30 માં, તે કહે છે, "તેઓની અંદર મેં એવો માણસ શોધ્યો કે જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઊભો રહીને મને તેનો નાશ કરતાં વારે." આ અશાંતિના સમયમાં, મંડળીને પીછેહઠ નહિ કરવા માટે કહેવામાં આવે છે, પરંતુ આત્મિક અધિકાર સાથે છીંડામાં ઊભા રહેવાનું કહેવામાં આવે છે. ઈસુ પોતે, યરૂશાલેમની નજીક પહોંચ્યા, ત્યારે શહેરને જોઈને રડ્યા અને શોક વ્યક્ત કર્યો, "જો તેં, હા તેં, તારા શાંતિને લગતાં જે વાનાં છે તે આજે જાણ્યાં હોત તો કેવું સારું !" (લુક 19:42). તેમના આંસુ શહેરો અને રાષ્ટ્રો માટે સાચી શાંતિના માર્ગને ઓળખવા માટે દૈવી તૃષ્ણાને પ્રગટ કરે છે.

તદ્દુપરાંત, પહાડ પરના ઉપદેશમાં, ઈસુએ જાહેર

કર્યું, "સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમ કે તેઓ દેવના દીકરા કહેવાશે" (માથ્થી 5:9). શાંતિ કરાવનારની ભૂમિકા નિષ્ક્રિય નથી. તેમાં કરુણા, ડહાપણ અને ઈશ્વરના રાજ્યના મૂલ્યોની પ્રતિબદ્ધતા સાથે સંઘર્ષની જગ્યાઓમા દાખલ થવું સામેલ છે.

## કટોકટી વચ્ચે સેવાકાર્ય

યુદ્ધથી પ્રભાવિત પ્રદેશોમાં, સુવાર્તાની જરૂરિયાત વધુ તાકીદની બને છે. શારીરિક વિનાશ ભાવનાત્મક અને આત્મિક આઘાત સાથે આવે છે. ભય, વિસ્થાપન અને નુકસાન ઘણા પ્રશ્નો અને અસ્થિરતા પાછળ મૂકી જાય છે. આ તે છે જ્યાં આપણું સેવાકાર્ય સૌથી વધુ સુસંગત બને છે. ખ્રિસ્તનો સંદેશ – જે માણસને ઈશ્વર સાથે સમાધાન કરાવે છે અને તૂટેલા સંબંધોને પુનઃસ્થાપિત કરે છે – તે સાચી, કાયમી શાંતિનો પાયો છે.

એફએમપીબીમાં, અમે ખૂબ જ સંવેદનશીલ અને અસ્થિર પ્રદેશોમાં પણ, વણખેડાયેલા અને હાંસિયામાં ધકેલાયેલાઓ સાથે ઊભા રહેવાનું ચાલુ રાખીએ છીએ. અમારી પ્રતિબદ્ધતા અવિરત છે, આશાની હાજરી બનવા માટે, વધસ્તંભ પર મૃત્યુ પામેલા અને પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનો ઉપદેશ આપવા અને સાજાપણાની જરૂર હોય તેવા સમુદાયોમાં કરુણા સાથે સેવા આપવી.

## સંઘર્ષના ક્ષેત્રમાં દૈવીય સુરક્ષા

આપણા મિશનરીઓ, સ્થાનિક સુવાર્તિકો અને જમ્મુ, કાશ્મીર અને પંજાબમાં સેવા આપતા વિશ્વાસીઓ પર પ્રભુના હાથના રક્ષણ માટે ઈશ્વરપિતાનો હૃદયપૂર્વક આભાર અને સ્તુતિ કરીએ છીએ. જટિલ અને ઘણીવાર અસ્થિર સંજોગો હોવા છતાં, તેઓ તેમના તેડાને આધીન રહ્યા છે - હિંમત, કૃપા અને અવિરત વિશ્વાસ સાથે લોકોની સેવા કરે છે.

સ્થાનિક લોકો સાથે રહેવાની તેમની પ્રતિબદ્ધતા, પ્રાર્થના, પ્રોત્સાહન અને સમર્થન આપવાની, ખ્રિસ્તના પ્રેમની ગહન સાક્ષી છે. દરેક પ્રાર્થનામાં, વહેંચાયેલ દરેક શાસ્ત્રમાં અને વિસ્તારેલા દયાના દરેક કાર્યમાં, તેઓ સુવાર્તાને સમાવિષ્ટ કરે છે.

તેમનું જીવન ગીતશાસ્ત્રના લેખકે જે લખ્યું છે તે પ્રગટ કરે છે : "તે પોતાનાં પીછાંથી તને ઢાંકશે, અને તેની પાંખો તળે તને આશ્રય આપશે, તેની સત્યતા ઢાલ તથા બખતર છે" (ગીતશાસ્ત્ર 91:4)

અમે પ્રાર્થનાના આખા માળખાને દરરોજ સમર્થન આપવા આમંત્રણ આપીએ છીએ – ઈશ્વરના તેમના જીવન અને સેવાકાર્યો પર વચનોની વિનંતી કરી અને આવા વ્યૂહાત્મક સેવા ક્ષેત્રોમાં તમને ટકાવી રાખવા બદલ તેમનો આભાર.

## આશાની એક ઝલક

જ્યારે આપણે જે પડકારોનો સામનો કરીએ છીએ તે મોટા હોય, ત્યારે આપણી આશા તેનાથી વધારે મોટી હોય છે. પ્રકટીકરણ 21 આપણને શું મળવાનું છે તેનું દર્શન આપે છે : "તે તેઓની આંખોમાંનું દરકે આંસુ લૂછી નાખશે, મરણ ફરીથી થનાર નથી..." (પ્રકટીકરણ 21:4). આ કોઈ કલ્પના નથી – તે વાસ્તવિકતા છે, ઈશ્વરની દ્રાક્ષાવાડીના મજૂરો અને ખ્રિસ્તના રાજદૂતો તરીકે જેની તરફ આપણે દરરોજ કામ કરીએ છીએ.

દરમિયાન, નહેમ્યા અને તેના બાંધનારાઓની જેમ, અમે લેલુ અને તલવાર બંને લઈને તેમનું રાજ્ય સ્થાપવા અને પ્રાર્થના દ્વારા લડાઈ લડવા પ્રતિબદ્ધ છીએ. "તો સારું કરતાં આપણે થાકવું નહિ, કેમ કે જો કાયર ન થઈએ, તો યોગ્ય સમયે લણીશું" (ગલાતી 6:9).

સેવાકાર્યમાં પ્રિય ભાગીદારો, સમય તાકીદનો છે, પરંતુ આપણા ઈશ્વર સર્વોચ્ચ છે. જેમ સંઘર્ષ વધતો જાય છે અને શાંતિ નાજુક લાગે છે, ત્યારે આવો છીંડામાં ચોકીદાર તરીકે ઊભા રહીએ – મધ્યસ્થીમાં વિશ્વાસુ, સાક્ષીમાં હિંમતવાન અને આશામાં અવિરત બનીએ. અત્યારે છીંડામાં ઊભા રહેવાનો સમય છે. અત્યારે ખ્રિસ્ત દ્વારા મળતી શાંતિ જાહેર કરવાનો સમય છે. અત્યારે એ માનવાનો સમય છે કે અંધકારમાં પ્રકાશ તેજસ્વીતાથી ચમકતો હોય છે. તો આવો, જ્યાં સુધી દરેક મજબૂત ગઢો તૂટી ન જાય, દરેક ઘાયલ હૃદય સાજુ ન થાય, અને આપણા રાષ્ટ્રના દરેક ખૂણે ઈસુ પ્રભુ છે તેવી ઘોષણા ન થાય ત્યાં સુધી આપણે ઈશ્વરની દ્રાક્ષાવાડીના મજૂરો તરીકે કાર્ય કરીએ.

**જૂન મહિનાના લક્ષ્યો :** સેવાકાર્યને આકર્ષક, સજ્જ કરવું અને વિસ્તૃત કરવું

આ મહિને, એફએમપીબી મુખ્ય પ્રાથમિકતાઓ સાથે આગળ વધે છે જે આપણી તાકીદ અને સુવાર્તા માટેની આશા બંનેને પ્રતિબિંબિત કરે છે : જૂન 6-7 **નવા મિશનરીઓનો ઈન્ટરવ્યુ** ચિહ્નિત કરે છે, જે વણખેડાયેલા પ્રદેશો માટે લણણીના વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. કૃપા કરીને આ ઉમેદવારોને પ્રાર્થનામાં સમર્થન આપો કે ઈશ્વર તેમના તેડાની પુષ્ટિ કરે અને સ્પષ્ટતા પ્રદાન કરે અને દરેકને ખોવાયેલા લોકો માટે બોજથી ભરે.

9 જૂને, અમે આંસુઓથી વાવનારા આપણા અગ્રણીઓના વારસા અને બલિદનને યાદ કરીને **પેરિયામલાઈ દિવસ**ની ઉજવણી કરીએ છીએ. આપણા સેવાકાર્યની ચળવળના નમ્ર અને ઐતિહાસિક મૂળ અને તે એક સ્મૃતિરૂપ હોઈ શકે કે ઈશ્વરની દરેક મહાન ચાલ આજ્ઞાપાલન, બલિદાન અને પ્રાર્થનાથી શરૂ થાય છે.

વધુમાં સેન્ટ્રલ ઝોનની મુલાકાત અને ક્ષેત્રીય કાર્યક્રમો 23 થી 29 જૂન દરમિયાન થનાર છે. આ આપણા મિશનરીઓ અને આગેવાનોમાં પ્રોત્સાહન, મૂલ્યાંકન અને દર્શનની વહેંચણીનો નિર્ણાયક સમય છે. પ્રાર્થના કરો કે દરેક ક્રિયા-પ્રતિક્રિયા આગળના કાર્ય માટે નવા સામર્થ્ય અને સ્પષ્ટતા તરફ દોરી જાય.

આવો આપણે આપણા મિશનરીઓ અને સભ્યોની માંદગી, દુ:ખો અથવા વ્યક્તિગત મુશ્કેલી માટે પ્રાર્થના કરવાનું યાદ રાખીએ. આપણા કેટલાક મિશનરીઓએ તેમના પરિવારોમાં નુકસાનનો અનુભવ કર્યો છે, જ્યારે અન્ય નાના અકસ્માતો અથવા આરોગ્ય સંબંધિત પડકારોથી સ્વસ્થ થઈ રહ્યા છે.

"યહોવા પોતાના લોકને સામર્થ્ય આપશે, યહોવા પોતાના લોકને શાંતિનો આશીર્વાદ દેશે" (ગીતશાસ્ત્ર 29:11).

ખ્રિસ્તમાં આપનો



**રેવ. વિજય પ્રસન્ના આઈઝેક**

# FINANCE DEPARTMENT




FMPB Bank Account details for sending the offering through online transaction

A/c Name: **FRIENDS MISSIONARY PRAYER BAND**

ICICI - A/c No. 602701216912 - IFS Code ICIC0006027 - Branch: Anna Nagar

**ICICI Bank UPI ID: fmpb@icici**

SBI - A/c No. 10402752621 - IFS Code SBIN0000987 - Branch: Ambattur

Indian Bank - A/c No. 406157474 - IFS Code IDIB000A599 - Branch: Vijayalakshmipuram, Ambattur

Kindly contact us: **finance@fmpb.org, WhatsApp: 7904648270**

## QR Code

facilities to send your offertory

Kindly avail the BARCODE facility also to send your offertory to the ministries of FMPB.

# વિશ્વાસ



ખ્રિસ્તી વિશ્વાસ મૂળભૂત રીતે એક ત્રિએક ઈશ્વરની માન્યતા અને ઈશ્વરના વચન તરીકે બાઈબલની સ્વીકૃતિની આસપાસ ફરે છે જે દૈવીય રીતે પ્રેરિત અને અધિકૃત છે. વિશ્વાસ એ આપણી ખ્રિસ્તી માન્યતાનો ખૂણાનો પથ્થર છે. વિશ્વાસ વિના આપણે ઈશ્વરને પ્રસન્ન કરી શકતા નથી.

## ૧. વિશ્વાસ એટલે ઈશ્વરના અસ્તિત્વ અને ચારિત્ર પરની માન્યતા અને ભરોસો

“પણ વિશ્વાસ વગર દેવને પ્રસન્ન કરવો એ બનતું નથી, કેમ કે દેવની પાસે જે કોઈ આવે, તેણે તે છે અને જેઓ ખંતથી તેને શોધે છે તેઓને તે ફળ આપે છે એવો વિશ્વાસ કરવો જોઈએ” (હિબ્રૂઓને પત્ર 11:6). વિશ્વાસ દ્વારા આપણે ઈશ્વરની સત્તા, શક્તિ અને હાજરી અનુભવીએ છીએ. ઈશ્વરના વચનો, પ્રકટીકરણો અને વ્યક્તિગત અનુભવો દ્વારા ઈશ્વરની હાજરીનો અનુભવ કરીને કોઈ જીવંત ઈશ્વરને સમજી શકે છે.

વિશ્વાસ દ્વારા વ્યક્તિ ઈશ્વરનું ચારિત્ર સમજી શકે અને ગ્રહણ કરી શકે છે. ઈશ્વરને તમામ સર્જન પર અમર્યાદિત શક્તિ અને અધિકાર છે. ઈશ્વર દરેક સમયે દરેક જગ્યાએ હાજર હોય છે. ઈશ્વરનો પ્રેમ એ તેમની રચનાની જોગવાઈ અને માનવતા સાથેના સંબંધનું મૂળભૂત પાસું છે. ઈશ્વર સંપૂર્ણ પાપ વિનાના પવિત્ર છે. ઈશ્વરમાં આપણે ન્યાય, ભલાઈ વગેરે જેવા ઘણા ગુણોનો અનુભવ કરી શકીએ છીએ. આવો આપણે આપણા જીવનમાં તેમની હાજરી અને ચારિત્રનો અનુભવ કરએ.

## ૨. વિશ્વાસ એટલે ઈશ્વર અને તેમણે આપણને આપેલી ખાતરીઓ પર સંપૂર્ણ વિશ્વાસ

એકવાર એક માણસ બે ટેકરીઓ વચ્ચે બાંધેલા દોરડા પર લાંબી વાંસની લાકડી પકડીને ચાલતો હતો. તેણે આ ખેલ કરતી વખતે તેનો પુત્ર તેના ખભા પર બેસાડ્યો હતો. જ્યારે તે માણસ દોરડા પર ગયો અને તેના પુત્ર સાથે બીજા છેડે પહોંચ્યો, ત્યારે ભીડે તાળીઓ પાડી અને શ્વાસ રોકાઈ જાય એવા પ્રદર્શનને જોઈને સીટીઓ વગાડવા લાગ્યા. તે માણસે ભીડને પૂછ્યું કે હું આ ખેલ ફરીથી કરું, અને ટોળાએ હા પાડી. તેણે ફરીથી પૂછ્યું, “શું તમને મારી કુશળતામાં સંપૂર્ણ વિશ્વાસ છે ?” ભીડે હા પાડી. તો પછી, તમારામાંથી એક બાળકને મોકલો જેથી હું તેને આ દોરડાની પેલી બાજુ લઈ જઈ શકું. પણ તે માટે કોઈ તૈયાર ન થયું. લોકો જાણતા હતા કે માણસની તેમ કરવાની ક્ષમતા છે.

જ્યારે તેમના વ્યક્તિગત અનુભવની વાત આવે

છે, ત્યારે તેમને તેના પર સંપૂર્ણ આત્મવિશ્વાસ અને ભરોસો નથી. જો આપણને ઈશ્વર પર વિશ્વાસ અને ભરોસો ન હોય, તો આપણે હંમેશાં ચિંતિત અને તાણમાં રહીશું. શું આપણે ઈશ્વર અને તેમના વચનો પર સંપૂર્ણ વિશ્વાસ કરી શકીએ ? (નીતિવચનો 3:5-6).

### ૩. તારણ ઈસુ અને તેમની કૃપામાં વિશ્વાસ દ્વારા પ્રાપ્ત થાય છે.

તારણનો અર્થ એ છે કે અનંતકાલિક નાશથી બચી શકાય. તે ઘણીવાર પાપથી બચાવવા અને તેના પરિણામોનો સંદર્ભ આપે છે, આખરે અનંતકાલિક સજા અથવા ઈશ્વરથી અલગ થવાથી. બચાવ માટેનાં ચાર પગલાં છે.

અ) ઈસુ ખ્રિસ્ત તારનારમાં વિશ્વાસ કરો અને તેની કબૂલાત કરો (રોમનોને પત્ર 10:10)

બ) પાપી પ્રકૃતિને ઓળખો

ક) પાપોનો પસ્તાવો. જો કોઈ પાપને ઓળખે છે અને તેના માટે અફસોસ અનુભવે છે અને તેની કબૂલાત કરે છે, તો તે પસ્તાવા તરફનું નિર્ણાયક પગલું છે. આ પ્રકારનો પસ્તાવો તારણ તરફ દોરી જશે (2 કરિંથી 7:10).

ડ) ખ્રિસ્તી વિશ્વાસ હંમેશાં જીવનશૈલી તરીકે વર્ણવવામાં આવે છે (2 કરિંથી 5:7). વિશ્વાસ શબ્દો કરતાં વધુ છે, તે કાર્યો દ્વારા પ્રગટ થાય છે (યાકૂબ 2:14)

### ૪. બલિદાની સેવા વિશ્વાસ વધારશે

શિષ્યોનો તેમનો વિશ્વાસ વધારવાની વિનંતીના જવાબમાં (લૂક 17:5-10) ઈસુએ શીખવ્યું કે રાઈના દાણા જેટલો વિશ્વાસ પણ મહાન કાર્યો કરી શકે છે. ચમત્કારોની શોધમાં આજ્ઞાપાલન અને સેવાના મહત્વ પર ભાર મૂકે છે. ઈસુએ આ મુદ્દાને દાસ વિષેના દ્રષ્ટાંત સાથે સચિત્ર બનાવ્યો. વિશ્વાસ પોતાની ફરજ પૂર્ણ કરવી અને વળતરની અપેક્ષા વિના અન્યોની સેવા કરવી તે છે. આ પ્રકારની સેવાનું કૃત્ય ઈશ્વરનું સામર્થ્ય અને પ્રેમના સાક્ષી તરીકે કામ કરે છે.

### ૫. વિશ્વાસની કસોટી

ઈશ્વર વ્યક્તિના વિશ્વાસ અને તેમના વિશ્વાસમાં પ્રતિબદ્ધતાની ઊંડાઈને જાહર કરવા માટે વ્યક્તિના વિશ્વાસની ચકાસણી કરી શકે છે. ઈસુએ તેમના પરના દ્રઢ વિશ્વાસને જાહેર કરવા માટે કનાની મહિલાના વિશ્વાસની ચકાસણી કરી (માથ્થી 15:21-28). ઈસુએ શરૂઆતમાં તેની વિનંતીની અવગણા કરી. બીજું, ઈસુએ જવાબ આપીને તેની વિનંતીને નકારી કાઢી કે તેને ફક્ત ઈસ્રાએલીઓ માટે જ મોકલવામાં આવ્યો છે. ત્રીજે સ્થાને ઈસુએ બાળકોની રોટલી કૂતરાને નાખવાનું દ્રષ્ટાંત આપીને તેની વિનંતીને સંપૂર્ણપણે નકારી કાઢીને કહ્યું કે ઈશ્વરના આશીર્વાદો યહૂદી લોકો માટે અનામત છે, તેના જેવા વિદેશી લોકો માટે નહિ.

અસ્વીકારની લાગણીથી, આ કનાની મહિલાએ તેની વિનંતી ચાલુ રાખી. શા માટે ? કારણ કે તે જાણતી હતી કે ફક્ત ઈસુ તેની સમસ્યા હલ કરી શકે છે. આ પ્રકારનો વિશ્વાસ આપણને તમામ પરીક્ષણોને દૂર કરવામાં મદદ કરે છે. અયૂબનું પરીક્ષણ શેતાન દ્વારા કરવામાં આવ્યું હતું. ઈબ્રાહિમનું પરીક્ષણ ઈશ્વર દ્વારા કરવામાં આવ્યું હતું. એક સમયે શિષ્યોનું પરીક્ષણ તોફાન દ્વારા કરવામાં આવ્યું હતું. આપણું ઈશ્વર, શેતાન અથવા કુદરતી આફતો વગેરે દ્વારા પરીક્ષણ કરવામાં આવી શકે છે, પરંતુ ત્રિએક ઈશ્વરમાં આપણો દ્રઢ વિશ્વાસ આપણને તમામ પરીક્ષણોને દૂર કરવામાં મદદ કરશે (1 પિતર 1:6-7). પરીક્ષણ અને કસોટીઓ આપણા વિશ્વાસને શુદ્ધ સોના કરતા વધારે કિમતી બનાવે છે.

**રેવ. અબ્રાહમ થોમસ**
રજી. સેક્રેટરી મોબિલાઈઝેશન – સેન્ટ્રલ કેરાલા

# પેરિયામલાઈ દિવસ 2025



પેરિયામલાઈ એ ફક્ત એક સ્થાનનું નામ કરતાં વધુ છે – તે જીવન, વારસો અને ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડ માટે હેતુનું પ્રતીક છે. 9 જૂન, 1967 ના રોજ, ઈશ્વરપિતા ધર્મપુરી જીલ્લાના પેટમુકિલામમાં પેરિયામલાઈના આ શાંત, પર્વતીય ગામને પવિત્ર ભૂમિ થવા માટે પસંદ કરે છે, જ્યાં એફએમપીબી સેવાકાર્યનું પ્રથમ બીજ વાવવામાં આવ્યું હતું. તે તેની લોકપ્રિયતા અથવા પ્રખ્યાતિને કારણે પસંદ કરવામાં આવ્યું ન હતું, પરંતુ ઈશ્વર શક્તિશાળી બાબતો પરિપૂર્ણ કરવા માટે નમ્ર શરૂઆતનો ઉપયોગ કરવામાં આનંદ માને છે. રાઈનું બીજ મોટા ઝાડમાં વૃદ્ધિ પામે છે, તેથી આજ્ઞાપાલનનું આ પ્રથમ કાર્ય – એફએમપીબીનો પ્રથમ સેવાકીય પ્રયાસ – રાષ્ટ્રવ્યાપી ચળવળમાં પરિણમે છે.

પ્રભુના વિશ્વાસુ સેવકોની પ્રાર્થનાઓ, આંસુ, બલિદાન અને અવિરત મહેનત દ્વારા પૂરું પાડવામાં આવેલ, પેરિઆમલાઈ ખાતેનું બીજ એક મોટા વૃક્ષમાં વૃદ્ધિ પામ્યું છે – વિશાળ, મજબૂત અને જીવન આપનારું. તે વૃક્ષની શાખાઓની જેમ વ્યાપક ફેલાય છે, તેમ જ સેવાકાર્ય પણ વધ્યું છે, રાજ્યો અને સંસ્કૃતિઓ સુધી પહોંચ્યું છે. દરેક ઋતુમાં ફળ આપે છે, અને ખ્રિસ્તના પ્રેમ હેઠળ અસંખ્ય લોકોને આશ્રય આપે છે. પેરિયામલાઈ ફક્ત અમારું પ્રથમ ક્ષેત્ર નથી – તે આપણો આત્મિક પાયો છે. તે એક સાક્ષી છે કે નાની શરૂઆતને, જ્યારે ઈશ્વરના હાથ દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે, ત્યારે તે એક મહાન લણણીમાં પરિવર્તિત થઈ શકે છે. પેરિયામલાઈ, પેટમુકિલામમાં આપણી ચળવળનું જન્મસ્થળ છે – આપણું પહેલું સેવા ક્ષેત્ર. પાછલા 58 વર્ષથી, ઈશ્વરે ત્યાંથી શરૂ થયેલા કાર્યને વિશ્વાસપૂર્વક દોરવણી અને પોષણ આપ્યું છે. ઘણા વિશ્વાસુ વ્યક્તિઓએ આ દૈવીય સેવાકાર્યમાં અસંખ્ય રીતે ભાગ લીધો છે. દરેક ઈશ્વરના રાજ્યના વિસ્તરણમાં અનન્ય ફાળો આપે છે. આજે, જ્યારે આપણે પાછળ જોઈએ છીએ, ત્યારે આપણા હૃદય કૃતજ્ઞતાથી છલકાઈ જાય છે, તેમના સમર્પણ અને આજ્ઞાપાલન દ્વારા ઉપજેલા વિપુલ ફળને માન્યતા આપે છે.

અમે તેમના વિશ્વાસુ સેવકો, રેવ. હેરિસ હિલ્ટન અને શ્રીમતી પદ્મા, જે આ સ્વપ્રદ્રષ્ટા ભૂમિના પ્રથમ મિશનરીઓ હતા તેના માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. તેમના આજ્ઞાપાલનના પગલાંથી તે પાયો નાખ્યો જેના પર પેઢીઓ બની છે. તેમના પ્રેમ, નમ્રતા અને બલિદાનથી આ ક્ષેત્રના આત્મિક દ્રશ્યને આકાર આપવામાં આવ્યો અને અગ્નિ સળગાવ્યો જે હજી પણ તેજસ્વિતાથી સળગી રહ્યો છે.


અમે આપણા વરિષ્ઠ મિશનરીઓ અને તેમના પરિવારોને પણ યાદ કરીએ છીએ અને સન્માન આપીએ છીએ, જેમણે અહીં ઈશ્વરનું રાજ્ય નિર્માણ કરવા માટે તેમનો આરામ, નાણાં, શિક્ષણ, યુવા વર્ષો અને તાલંતોને આનંદથી પ્રભુને સમર્પિત કર્યા. તેમના પગલે પેઢીઓને અનુસરવા માટે વિશ્વાસનો વારસો બની ગયો છે.

સમાનરૂપે, અમે પ્રાર્થના જૂથના આગેવાનો અને સમર્થકો પ્રત્યે હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ, જેમણે ખૂબ વિશ્વાસ અને બલિદાની પ્રતિબદ્ધતા સાથે કહ્યું, "જાઓ અને ક્ષેત્રમાં ઈશ્વરનું કાર્ય કરો, અમે તમને અમારી પ્રાર્થનાઓ અને દાનો દ્વારા સમર્થન આપીશું." આ છુપાયેલા નાયકોએ તેમના અવિરત મધ્યસ્થી અને સમર્થન દ્વારા આપણા રાષ્ટ્રના દક્ષિણ ભાગમાં ઈશ્વરના રાજ્યની સ્થાપના કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

પેરિયામલાઈમાં વિવિધ વસ્તી રહે છે – જેમાં ઈરુલર, લિંગાયત, આદિ દ્રવિડિયન, અરુન્ધતિ, વન્નીયર્સ અને વેલાલર ગોન્ડર્સનો સમાવેશ થાય છે. 1967 પહેલાં, તેમાંના ઘણાએ ક્યારેય ઈસુ ખ્રિસ્તનું નામ પણ સાંભળ્યું ન હતું. પરંતુ તેમની સર્વોચ્ચ કૃપામાં, ઈશ્વરે એક માર્ગ બનાવ્યો – હૃદય અને ગામોના દ્વાર ખોલ્યા, અને લોકોને શાંતિની સુવાર્તા પ્રાપ્ત કરવા માટે તૈયાર કર્યા.

## સેવાકાર્યના પ્રથમ ફળ

### શ્રી રમન (સ્ટીફન)



સેવાકાર્યનું પ્રથમ ફળ. શરૂઆતમાં, તે મિશનરીઓનો ઊંડો વિરોધ કરતા હતા. છ અન્ય લોકો સાથે, તેમણે વરસાદના અભાવ માટે તેમને દોષી ઠેરવીને તેમના ઝૂંપડાને આગ લડાડવાની યોજના બનાવી. પરંતુ તે રાત્રે, ભારે વરસાદ સતત પડ્યો અને તેમના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. આ ચમત્કારથી ખાતરી પ્રાપ્ત થયેલ, રમન બીજે દિવસે સવારે પાછો ફર્યો અને પૂછ્યું, "શું તે તમારા ઈશ્વર છે જેમણે તમને બચાવ્યા ?" શ્રીમતી પદ્માએ જણાવેલી સુવાર્તા – વધસ્તંભે ચઢાવેલા ઈસુ ખ્રિસ્તનું ચિત્ર બતાવીને - દ્વારા તેમના હૃદયનું પરિવર્તન થયું. તેમણે પોતાની સિગારેટ અને બીડીઓ ફેંકી દીધી, અને પોતાનું જીવન ખ્રિસ્ત માટે સમર્પિત કર્યું. આમ, રમન સ્ટીફન બન્યા.

## શ્રી જહોન એલીમુથુ



ડરેન્ટહલ્લીમાં પોસ્ટ માસ્ટર, તે સ્ટીફનનો મિત્ર હતો. વિનાશક અગ્નિએ પેટમુકિલામમાં 50 ઘરોનો નાશ કર્યા પછી, તે નુકશાનની આકારણી કરવા આવ્યા હતા. ત્યાં, તે હિલ્ટન અન્નન અને પદ્મા અક્કાને મળ્યા. તે મિશનરી દંપતી સાથે રહ્યા, સુવાર્તા સાંભળી, અને તેમને નવો કરાર આપવામાં આવ્યો. બે વર્ષ પછી, 1969 માં, ડેનિશપેટ ખાતેની બેઠક દરમિયાન, તેમણે જાહેરમાં ખ્રિસ્તને તેમના તારનાર તરીકે કબૂલાત કરી અને પ્રભુના લોકમાં જોડાયા.

## શ્રી વિક્ટર રામલિંગમ



1967 માં ઉલાગનાલ્લી ગામના મુખ્ય શિક્ષક તરીકે નિયુક્ત થયા, તેમનો પરિચય એલીમુથુ સાથે થયો અને પેટમુકિલામ ખાતે લાગેલી આગનું નુકસાન જોવા માટે તેમની સાથે આવ્યા. વરસાદમાં ફસાયેલા, મિશનરીઓએ તેમનુ નમ્ર ઝૂંપડું - "યહોવા યિરેહ" માં આવકાર્યા – તેમને ખોરાક, કપડાં અને તારણનો સંદેશ આપ્યો. તેમની દયા અને સુવાર્તાના સામર્થ્યથી સ્પર્શ પામેલા, વિક્ટર ખ્રિસ્તની કબૂલાત કરનાર પેરિયામલાઈમાં પ્રથમ બન્યા. આખરે, તેમના પરિવારના 25 સભ્યો પણ વિશ્વાસમાં આવ્યા.

## સુવાર્તાના ફાયદાઓ

પેટમુકિલામથી સુવાર્તા શ્રી ઈબેન અઝારિયા દ્વારા મરંદહલ્લીના ક્ષેત્રો તરફ ફેલાઈ, જે શ્રી વિજયકુમારને ખ્રિસ્ત તરફ દોરી ગઈ. સેવાકાર્ય શ્રી અને શ્રીમતી ધર્મામનિ દ્વારા ઈરુથુકોટાઈમાં વિસ્તરી, જ્યાં શ્રી પેટ્ટુરુ મુનિઅપ્પા પ્રથમ સ્થાનિક સેવક બન્યા.

વર્ષોથી, ઘણા મિશનરી પરિવારોએ ધર્મપુરી જીલ્લામાં વિશ્વાસપૂર્વક સેવા આપી છે. આજે, તેમના સેવાકાર્યનું ફળ ચોથી પેઢીની આત્મિક જીવનમાં જોઈ શકાય છે.

## આ ક્ષેત્રમાં

- 27 વ્યક્તિઓ પૂર્ણ સમયના સેવકો બની ગયા છે, સમગ્ર ભારતમાં સેવા આપી રહ્યા છે.
- અન્ય 55 સ્થાનિક સુવાર્તિકો તરીકે સેવા આપી રહ્યા છે.
- આ ક્ષેત્ર હવે ત્રણ સક્રિય પ્રદેશોમાં વિસ્તર્યું છે.
- સ્થાનિક મંડળીઓ સ્વ-સહાયક અને સ્વ-સંચાલિત બની છે.
- વિશ્વાસીઓ તેમની પ્રાર્થનાઓ અને સંસાધનોથી સેવાકાર્યને સક્રિયપણે સમર્થન આપે છે.

## દર્શન અને વિશ્વાસ સાથે આગળ જોવું

સેવાકાર્ય ચાલુ છે. આવો આપણે આ ક્ષેત્રને પ્રાર્થનામાં સમર્થન આપીએ કારણ કે ટીમ 2030 સુધીમાં નીચેના દર્શન માટે પ્રતિબદ્ધ છે :

- 440,000 લોકોને સુવાર્તા પ્રગટ કરવી
- 880 નવા ગામો સુધી પહોંચવું
- 88 આરાધના જૂથો રચવા
- 44 મંડળીઓ સ્થાપવી
- 4,400 વિશ્વાસીઓને શિષ્યો બનાવવા અને તેમને ખ્રિસ્તના શરીરમાં એકીકૃત કરવા

“કેમ કે આરંભમાં નાનાં દેખાતાં કામોના દિવસને કોણે તુચ્છકાર્યો છે ? કેમ કે તેઓ, એટલે યહોવાની આ સાત આંખો ઝરુબ્બાબેલના હાથમાં ઓળંબો જોઈને હરખાશે, તેઓ તો આખી પૃથ્વી પર આમતેમ દોડતી ફરે છે” (ઝખાર્યા 4:10)

## યાદ રાખવાનો દિવસ, આશાનો વારસો

આ પેરિયામલાઈ દિવસે, આવો આપણે કૃતજ્ઞતા અને ઈશ્વરની સ્તુતિ કરીએ જે મિશનરીઓ અને તેમના પરિવારો કે જેઓએ આ પ્રથમ સેવા ક્ષેત્રમાં મહેનત કરી હતી. તેમના પ્રેમ અને પ્રતિબદ્ધતાના વારસાએ સંગઠન અને રાષ્ટ્રને આશીર્વાદ આપ્યા છે. ઈશ્વરના તેડા પ્રત્યેના તેમના વિશ્વાસુપણાએ ઘણા બધા અંધારાવાળા ગામો અને હૃદયોમાં પ્રકાશ પાથર્યો છે.

આવો આપણે તેમનું સન્માન કરીએ – ફક્ત આપણા શબ્દોથી જ નહિં, પરંતુ તેઓએ શરૂ કરેલ મિશન ચાલુ રાખીને. પેરિયામલાઈ હંમેશાં ઈશ્વરની ઈચ્છાને સમર્પિત નમ્ર હૃદયો દ્વારા ઈશ્વર શું કરી શકે છે તેનું પવિત્ર પ્રતીક બની રહે.

***મર્સી સેલ્વિન દ્વારા સંકલિત (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)***

## ઈશ્વર તેમનું વચન પાળે છે

મહારાષ્ટ્રના ઈગતપુરી ક્ષેત્રના વિશ્વાસી અનિતા, પ્રાથમિક શાળા (બાલવાડી)માં કામ કરે છે અને તેમના કાર્યસ્થળ સુધી પહોંચવા માટે નદી પાર કરવી આવશ્યક છે. ચોમાસાની ઋતુ દરમિયાન, આ નદી ઘણીવાર છલકાઈ જાય છે, જેનાથી પૂર આવે છે. એક દિવસ, જ્યારે તેણીએ નદી પાર કરવાનું શરૂ કર્યું, પાણી તેના પગના સ્તર સુધી હતું, તેણી આગળ વધતી ગઈ ત્યારે પાણી તેના ઘૂંટણની ઉપર અને પછી તેમની કમર સુધી ઊભરી આવ્યું. આ નિર્ણાયક ક્ષણે, અનિતાએ મદદ માટે ઈશ્વરને પોકાર કર્યો. તેમના વિશ્વાસુપણામાં ઈશ્વરપિતાએ તેણીનું રક્ષણ કર્યું હતું. યશાયા 43:2 માં પોતાનું વચન પૂર્ણ કર્યું અને તેણીને ડૂબાડી ન દીધી. પ્રભુના નામનો મહિમા થાઓ.

# ગોગામુખ અને ધકુખાના






## ક્ષેત્રો

આસામ ભારતના પૂર્વોત્તર ક્ષેત્રમાં સ્થિત છે. તે પૂર્વી હિમાલનયી તળેટીમાં સ્થિત છે. તે ઉત્તર તરફ ભુતાન અને દક્ષિણમાં બાંગ્લાદેશની સરહદે છે. તે અરુણાચલ પ્રદેશ, મેઘાલય, ત્રિપુરા, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમ રાજ્યોની પણ સરહદ ધરાવે છે, જે સામૂહિક રીતે 'સેવન સિસ્ટર્સ ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાય છે. આસામમાં 35 જીલ્લાઓ છે જેમાં દિસપુર સીટી તેની રાજધાની છે. ભૌગોલિક રીતે, આસામ ટેકરીઓ અને ખીણોથી ભરેલું છે. પૂર્વી હિમાલયની શૃંખલા આસામ હિમાલય તરીકે ઓળખાય છે અને બારાઈલ પર્વતમાળા અહીં અસંખ્ય નાની ટેકરીઓ છે. બ્રહ્મપુત્ર નદી આશરે 650 થી 725 કિલોમીટર સુધી આસામથી વહે છે. બ્રહ્મપુત્રા ખીણ અને બરાક ખીણ કૃષિ અને ચાના વાવેતર માટે ફળદ્રુપ ભૂમિ તરીકે સેવા આપે છે. આસામની આ ભૌગોલિક સુવિધાઓ રાજ્યની મનોહર સુંદરતામાં વધારો કરે છે.

ગોગામુખ ધકુખાના ક્ષેત્રે આસામના ધમાજી અને લખીમપુર જીલ્લાઓમાં સ્થિત છે. આ પ્રદેશો બ્રહ્મપુત્રની નજીક સ્થિત છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય કૃષિ અને માછીમારી છે. અહીંના લોકો જમીનથી ઉપર પિલ્લરવાળા મકાનોમાં રહે છે કારણ કે આ પ્રદેશમાં વિપુલ પ્રમાણમાં વરસાદ પડે છે અને દર વર્ષે ત્રણથી ચાર વાર ભારે પૂર આવે છે.

ઉત્તર-પૂર્વ ભારતનું બીજું સૌથી મોટું જૂથ, મિશિંગ આદિજાતિ, ગોગામુખ અને ધકુખાના ક્ષેત્રોમાં રહે છે. તેઓને અગાઉ 'મીરી' તરીકે ઓળખવામાં આવતા હતા, પરંતુ હવે તેઓને સત્તાવાર રીતે 'મિશિંગ લોકો' તરીકે ઓળખવામાં આવે છે. તેઓ બ્રહ્મપુત્રના પ્રદેશોની આસપાસ રહે છે ત્યારે તેઓ 'નદીના લોકો' તરીકે ઓળખાય છે.



આ ક્ષેત્રના લોકોની વિવિધ સાંસ્કૃતિક અને પરંપરાગત પદ્ધતિઓ છે. મિશિંગ લોકો પ્રકૃતિ ઉપાસકો છે. તેમની માન્યતા છે કે આ સૃષ્ટિ સૂર્ય અને ચંદ્રની આસપાસ કેન્દ્રિત છે. તેઓ પૂર્વજોના આત્માઓ, તારાઓ અને ગાજવીજ અને વીજળી જેવા પ્રકૃતિમાં થતા અન્ય તત્વોના આત્માઓની પણ આરાધના

કરે છે. ઉદાહરણ તરીકે, અલી-આઈ-લિગાંગ એ બીજ વાવતા પહેલા ઉજવવામાં આવતો એક તહેવાર છે, જ્યાં તેઓ સારી લણણી માટે સૂર્યની પ્રાર્થના કરે છે.



એફએમપીબી સેવાકાર્યની શરૂઆત અહીં 2019 માં શરૂ થઈ હતી. આપણા મિશનરીઓ કવિતા અને આહિલા દ્વારા ગોપુર ક્ષેત્રમાં સેવા આપતી વખતે બીજની શરૂઆત ખૂબ જ વહેલી તકે કરવામાં આવી હતી. ગોપુરના સેવાકાર્યના પ્રારંભિક ફળમાંથી એક, રિંગુકટમ નામની એક યુવતી હતી, જે 2006 માં આપણા પ્રથમ વિશ્વાસી અને સ્થાનિક સુવાર્તિક મિલન કુટટમની પુત્રી હતી. રિંગુએ ગોગામુખમાં બિન-ખ્રિસ્તી પરિવાર સાથે લગ્ન કર્યા હતા. તેણીને તેના સાસરીના ધાર્મિક રિવાજોને અનુસરવાની ફરજ પડી હતી. તેણીએ તેના પતિના તારણ માટે 10 વર્ષ સુધી સતત પ્રાર્થના કરી હતી. 2019 માં, ઈશ્વરે તેમની પ્રાર્થનાઓનો જવાબ આપ્યો અને તેમના પતિએ ખ્રિસ્તમાં બાપ્તિસ્મા લીધું. આ દંપતીના આમંત્રણ દ્વારા, એફએમપીબી સેવાકાર્ય ગોગામુખ ક્ષેત્રમાં શરૂ કરવામાં આવ્યું હતું.

આમ ધીમે શરૂ થયું તેમ છતાં, ઈશ્વરપિતાએ અજાયબ કામ કર્યું. કોસુથુલીના નજીકના ગામમાં એક નવા મંડળની સ્થાપના કરવામાં આવી હતી. નજીકના વિસ્તારોમાં બહુવિધ ચમત્કારો થયા હતા. શ્રી લીલા મિસોંગને પેટની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું, શ્રીમતી બિલાશ્વરીને બ્લડ કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું. હેમાકન્થોને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળી હતી. કિડનીની બિમારીમાંથી મંજુને સાજાપણું મળ્યું હતું. હાટિયામોરા ગામમાં, ઈશ્વરપિતાએ મંગલસનને પેટાના ચાંદામાંથી સાજાપણું આપ્યું એ પછી એક સંગતની શરૂઆત થઈ હતી.

છેલ્લા 6 વર્ષમાં, ઈશ્વરપિતાએ તેમના રાજ્યમાં લગભગ 111 આત્માઓ ઉમેર્યા છે. પ્રથમ પાંચ વર્ષમાં 60 વિશ્વાસીઓ મળ્યાં, અને ગયા વર્ષે ફક્ત 51 નવા આત્માઓ ઉમેરવામાં આવ્યા. હાલમાં, ગોગામુખ વિસ્તારમાં ચાર મંડળો છે. અમે આ ચમત્કારો માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

2022 માં ઈશ્વરપિતાએ ધકુખાનામાં સેવા ક્ષેત્ર ખોલવામાં મદદ કરી હતી. શ્રી દેવકાંતો નામના વ્યક્તિ, જે એક પ્રકારના કેન્સરથી પીડાતા હતા તે ચમત્કારિક રૂપે સાજા થયા હતા. તેમના દ્વારા એક નાની સંગત શરૂ થઈ છે. અમને વિશ્વાસ છે કે ઈશ્વર આ ક્ષેત્રમાં મોટા ચમત્કારો કરશે. મિશિંગ જનજાતિ વચ્ચેનું અમારું સેવાકાર્ય હાલમાં વિસ્તરી રહ્યું છે અને લખીમપુર સુધી પહોંચ્યું છે. આવતા વર્ષ માટેનું અમારું દર્શન ગોગામુખ અને ધકુખાના ક્ષેત્રોમાંથી 100 નવા આત્માઓ જીતવાનું છે, જેમાં અનુક્રમે 250 અને 162 ગામો છે.

આ ક્ષેત્રનો એક મોટો પડકાર એ છે કે, લોકો માને છે કે ખ્રિસ્તી ધર્મ વિદેશી ધર્મ છે. તેઓ ખ્રિસ્તી ધર્મને નીચલા જાતિઓ સાથે પણ જોડે છે. તદુપરાંત, જો તેઓ તેમના વિશ્વાસથી દૂર જતા હોય તો લોકો સામાજીક એકલતાનો ડર રાખે છે. આપણે આ સેવા ક્ષેત્રોમાં સેવાકાર્યની સફળતા માટે પ્રાર્થના કરીએ કે વધુ લોકો ખ્રિસ્તને આતુરતાથી સ્વીકારે.

## પ્રાર્થના કરો

- વરસાદ, તોફાનો બ્રહ્મપુત્ર નદી અને એનએચપીસી ડેમના કારણે પૂરથી સલામતી માટે પ્રાર્થના કરો. આનાથી કૃષિને ભારે અસર થાય છે, જેનાથી સ્થળાંતરની સમસ્યા અને પાણીજન્ય રોગો થાય છે. તેમ છતાં સરકારે બંધ અને ચેકડેમ બનાવ્યા છે, તેમની સફળતા અને માંદગીથી બચાવ માટે પ્રાર્થના કરો.

- ડ્રગનો ઉપયોગ, ચોખાની બિઅર અને આલ્કોહોલના ઉપયોગની વિરુદ્ધ પ્રાર્થના કરો જે લોકોમાં માનસિક સ્વાસ્થ્યના પ્રશ્નોનું કારણ બને છે.
- કેન્સર અને એન્સેફાલીટીસ જેવા રોગોમાંથી સાજાપણા માટે પ્રાર્થનાકરો જે આ પ્રદેશોમાં પ્રચલિત છે.
- આત્મિક ઘુસણખોરી સામે પ્રાર્થના કરો, અન્ય સમુદાયોના પ્રભાવને કારણે, મૂર્તિપૂજા અને વ્યસન લાવે છે.
- ખ્રિસ્ત વિરોધી જૂથોથી રક્ષણ માટે પ્રાર્થના કરો, જે પૂર્વજોની પૂજાને પ્રોત્સાહન આપે છે અને સુવાર્તાનો વિરોધ કરે છે.

# દોહનાવુરની સંતોશ વિદ્યાલયની મુલાકાત





તાજેતરમાં, મેં બ્રધર જેમ્સ ધર્મબાલન સાથે સંતોશ વિદ્યાલયની મુલાકાત લીધી હતી. આચાર્ય અને સ્કૂલ બોર્ડના અધ્યક્ષ સાથે, શાળામાં અભ્યાસ કરતા મિશનરીઓના બાળકો સાથે અડધો દિવસ પસાર કરવામાં આનંદ થયો. એફએમપીબી અને એનએસએમ મિશનરીઓના 300 થી વધુ બાળકો શાળામાં અભ્યાસ કરી રહ્યાં છે. જ્યારે હું તેમને મળ્યો, ત્યારે હું તેમના વલણમાં ઉત્કટતા અને તેમની આંખોમાં તેજ જોઈ શક્યો હતો.

મિશનરીઓના બાળકોના ભવિષ્યમાં નોંધપાત્ર રોકાણ કરવાની આપણી જવાબદારી છે. અમે તેમના યુનિવર્સિટી શિક્ષણ, કારકિર્દી વિકાસ, ચારિત્ર વિકાસ અને મિશનરી તેડામાં રોકાણ કરવા માંગીએ છીએ. અમે શાળા સાથે પરામર્શ કરીને, આ સંદર્ભમાં કેટલાક પ્રોજેક્ટ્સ લઈ શકીએ છીએ. જ્યારે હું ઓડિટોરિયમમાં સંદેશો આપતો હતો ત્યારે ઘણા વિદ્યાર્થીઓએ મિશનરી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

હું તેમને આપણા રાષ્ટ્રના ભાવિ આગેવાનો – મિશનરી ડોક્ટરો, મિશનરી એન્જિનિયર્સ, મિશનરી સિવિલ સેવકો, મિશનરી ન્યાયાધીશો, મિશનરી વૈજ્ઞાનિકો, મિશનરી શિક્ષકો, પૂર્ણ સમયના મિશનરીઓ, મિશનરી રાજકીય આગેવાનો તરીકે જોઉં છું જે સમાજમાં નિર્ણાયક પરિવર્તન લાવશે. મેં જનરલ સેક્રેટરીને સંતોષ વિદ્યાલયમાં એક મિશનરી દંપતીની નિમણૂંક કરવા વિચારવાનું કહ્યું કે જેથી તેઓ એફએમપીબીના મિશનરી બાળકોની ભાવનાત્મક અને આત્મિક જરૂરિયાતોની સંભાળ રાખી શકે. મેં શાળાના આચાર્યને વીબીએસ તિરુનેલવેલીના સહયોગથી વિદ્યાર્થીઓ માટે દર વર્ષે વીબીએસનું આયોજન કરવાનું વિચારવાનું પણ કહ્યું છે.

**શ્રી જ્હોન સેમ્યુઅલ - પ્રમુખ, એફએમપીબી**

# મિશનરી સમર્પણ



પલનાડુ જીલ્લાના ડો. કે. એલિયા ગારુ ગામના ચિત્તૂર ક્ષેત્રના મિશનરીનું ૩૦-૩-૨૦૨૫ ના રોજ લૂથરન ચર્ચમાં રેવ. એમ. નરેશ કુમાર ગારુ દ્વારા સમર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત મિશનરીને ટેકો આપનારા મિશનરી પ્રાયોજકો માટે અમે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

- રેવ જ્હોન સ્ટીફન



ઈશ્વરપિતાની અપાર કૃપા દ્વારા ૬ઠ્ઠી એપ્રિલે કાકીનાડાના ઈમેન્યુઅલ બેની ચર્ચ ખાતે ત્રણ મિશનરીઓને પ્રભુને સમર્પિત કરવામાં આવ્યા હતા. આ મિશનરીઓને ટેકો આપવા આગળ આવનારા તમામ પ્રાયોજકો માટે અમે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ.

- પાસ સેમ બેન્ની,

માન. સેક્રેટરી એફએમપીબી

## સતાવણી વચ્ચે વિશ્વાસ દ્રઢ રહેવું

મનોજ અને તેની પત્ની, રાજસ્થાનના ટપુકારા ક્ષેત્રના વિશ્વાસીઓને ઈસુ ખ્રિસ્તને સ્વીકારવા માટે પંચાયત સમક્ષ બોલાવવામાં આવ્યા હતા. દબાણ હોવા છતાં, મનોજ અને તેના પરિવારે હિંમતભેર તેમના વિશ્વાસની કબૂલાત કરી અને ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપી. બદલામાં, રાજપાલ અને અન્ય વિશ્વાસીઓને, મનોજના સંબંધીઓ દ્વારા માર મારવામાં આવ્યો, જેમણે ખ્રિસ્તને અનુસરવા માટે મનોજને પ્રભાવિત કરવાનો આરોપ લગાવ્યો. તેઓ રાજપાલને ગામની બહાર પણ લઈ ગયા. તેમ છતાં, આ પડકારોની વચ્ચે, મનોજના પરિવાર અને રાજપાલ બંને તેમના વિશ્વાસમાં દ્રઢ રહ્યા.

# નશીલા પદાર્થનો દુરુપયોગ અને હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસ



26 જૂન, 1987 ના રોજ, પ્રથમ વખત યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા નશીલા પદાર્શના દુરૂપયોગ અને હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. ડ્રગના દૂરૂપયોગની વૈશ્વિક સમસ્યાનો સામનો કરવા માટે આ દિવસને ચિહ્નિત કરવામાં આવ્યો હતો,જે ડ્રગના દુરૂપયોગ અને હેરફેર અંગે જાગૃતિ લાવવા અને ડ્રગ મુક્ત સમાજના લક્ષ્ય તરફનું પગલું છે.

વ્યસન એ એવી સ્થિતિ છે જ્યાં કોઈ વ્યક્તિ તેના હાનિકારક પરિણામ હોવા છતાં કાર્ય અથવા પદાર્થ સાથે સંકળાય છે. માદક દ્રવ્યોનું વ્યસન એ એવી અવસ્થા છે, જ્યાં વ્યક્તિ તેને અનિયંત્રિત માત્રામાં લે છે. તે વ્યક્તિને ક્ષણિક આનંદની સ્થિતિમાં મૂકે છે પરંતુ તેને તેની આકરી કિંમત ચૂકવવી પડતી હોય છે. મગજની ન્યુરોલોજીકલ કામગીરીને માદક દ્રવ્યોના કારણે વિપરિત અસર થાય છે. તે લાંબા ગાળાની સમસ્યાઓમાં પરિણમે છે. જેમ કે શીખવામાં મુશ્કેલી, નિર્ણય લેવામાં મુશ્કેલી, યાદશક્તિ ગુમાવવી અને તે વ્યક્તિમાં તણાવ અને વર્તણૂંકીય ફેરફારોનું કારણ બને છે. દુર્ભાગ્યવશ, આ હાનિકારક પરિણામો વિષે જાગૃત હોવા છતાં ઘણા લોકો માદક દ્રવ્યોનું સેવન કરવાનું ચાલુ રાખે છે, કારણ તેઓ તેને તેમના રોજીંદા સંઘર્ષોમાંથી છૂટકારા રૂપે જુએ છે.

યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ નામની સંસ્થાએ રજૂ કરેલા 2024 ના વર્લ્ડ ડ્રગ રિપોર્ટમાં અહેવાલ આપ્યો છે કે 2022 સુધીમાં, વૈવિક સ્તરે 292 મિલિયન ડ્રગ્સ વપરાશકારો છે, જેમાંથી 64 મિલિયન લોકો ડ્રગ યુઝ ડિસઓર્ડરથી પીડાય છે. તે પાછલા દાયકામાં 20 ટકાનો વધારો દર્શાવે છે. ભારતમાં 73.25 મિલિયનથી વધુ લોકો ડ્રગ યુઝ ડિસઓર્ડરવાળા દેશોની સૂચિમાં છે.

માદક દ્રવ્યોનો આ વ્યાપ વર્ષોથી ડ્રગ હેરફેરના વ્યવસાયોમાં વધારાને કારણે છે. માદક દ્રવ્યોની હેરફેર વિશ્વનો ત્રીજા નંબરનો સૌથી મોટો વ્યવસાય છે. યુએનઓડીસીએ ભારતને ગેરકાયદેસર ડ્રગ શિપમેન્ટના મુખ્ય કેન્દ્ર તરીકે અવલોકન કર્યું છે. અહેવાલો કહે છે કે એકલા વર્ષ 2024 માં દેશમાં 1.07 અબજ ડોલરની કિંમતનું ડ્રગ મળ્યું હતું. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં દેશમાં ડ્રગના વ્યવસાયો હંમેશા વધી રહ્યા છે. પોલીસ સર્વેક્ષણ દર્શાવે છે કે એકલા કેરળ રાજ્યમાં 137 ડ્રગ્સની હેરફેર કરવા માટેની મુખ્ય જગ્યાઓની ઓળખ કરવામાં આવી છે. આ ક્ષણે આપણો દેશ ભયંકર સ્થિતિએ છે તે દર્શાવે છે.

તણાવને કારણે આ દિવસોમાં પુષ્કળ યુવાનો ડ્રગ્સના નશામાં પ્રવેશ કરે છે. તેઓ ઘણીવાર ડ્રગ્સ લેવાની બાબતને રોમાંચક બાબત તરીકે વિચારે છે. સર્વેક્ષણોએ નિરીક્ષણ કર્યું છે કે આ દિવસોમાં કિશોરો દારૂ અને સિગારેટની ઉપર ડ્રગ્સને પસંદ કરે છે. ડ્રગ એટલી સામાન્ય બાબત બની ગઈ

છે કે બાળકો તેને શાળાઓમાં મેળવી શકે છે. સ્કૂલ જતા કિશોરોને ઘણીવાર આ ડ્રગ મફતમાં આપવામાં આવે છે અને બદલામાં, તેઓ તેમના કેરિયર્સ તરીકે કામ કરે છે અને તેને બીજા ઘણા લોકોમાં વહેંચે છે. યુવાનો ડ્રગના નશા દ્વારા તેમના જીવનોને નષ્ટ કરી દે છે.

18 થી 35 વર્ષની વયના યુવાનોને ડ્રગના વ્યસનની સૌથી વધુ સંભાવના છે. તે તેમના વિકાસ અને ઉત્પાદકતાને અસર કરે છે. ડ્રગનો દુરૂપયોગ, શારીરિક સમસ્યાઓ સિવાય, તેઓ માનસિક રીતે પણ અસરગ્રસ્ત થાય છે. વ્યસની વ્યક્તિઓ ઘણીવાર જીવન-મૃત્યુની સ્થિતિમાં હોય છે. આ યુવાનો હિંસક બનવાની સંભાવના વધારે છે અને પરિણામે ચોરી, હત્યા, વગેરે જેવા અન્ય ગુનાઓ કરતા થઈ જાય છે, ઉદાહરણ તરીકે, ફેબ્રુઆરી મહિનામાં 23 વર્ષના યુવકે તેના પરિવારના સભ્યો સહિત છ લોકોની હત્યા કરી હતી. આ ડ્રગ્સના વ્યસનને કારણે હતું જેણે તેને દેવામાં ડૂબાડી દીધો હતો. તે સ્પષ્ટ છે કે આ વ્યસનથી મુક્ત થવું એ એક મોટો સંઘર્ષ છે. તેથી, તે જરૂરી છે કે તેઓને શ્રેષ્ઠ સારવાર અને પુનર્વસન સુવિધાઓ પૂરી પાડવામાં આવે, જેથી તેઓ પોતાને અન્ય ગુનાઓમાં ડૂબાડી ના દે.

નિદાન કરવા કરતા તેને રોકવું વધુ સારું છે. આ સિદ્ધાંત ડ્રગના દુરૂપયોગને પણ લાગુ પડે છે. હવે સમય પાકી ગયો છે કે આ સમસ્યાને રોકવા માટે કંઈક નક્કર કરવામાં આવે. ડ્રગના ઉત્પાદન અને વિતરણ પર ધ્યાન રાખવા માટે વિવિધ અભિયાનો અને કાયદા અમલીકરણની ટીમો દ્વારા સરકાર તેના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. ઈશ્વરના બાળકો તરીકે આપણને પણ પગલા લેવા કહેવામાં આવે છે. આપણું કર્તવ્ય છે કે આપણે આપણા દેશમાં પરિવર્તન લાવીએ. 1 કરિંથી 6:19 કહે છે કે "તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને દેવ પાસેથી મળેલો છે, તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ? વળી તમે પોતાના નથી." આપણને જે શરીર આપવામાં આવ્યું છે, તે ઈશ્વરનું છે. આપણે તેને પવિત્ર રાખવું જોઈએ અને પોતાને બરબાદ ન કરવું જોઈએ. તેથી, આ 26 મી જૂને, આવો આપણે આપણા દેશમાં ડ્રગ સંબંધિત સમસ્યાઓને બહાર કાઢવા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

## પ્રાર્થના કરો

જેઓ હાલમાં આપણા દેશમાં ડ્રગ્સના વ્યસની છે, કિશોરો, યુવાનો અને પુખ્ત વયના તથા તેમના પરિવારો માટે.

જે વ્યક્તિઓ વ્યસનમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેઓ તેમાંથી મુક્ત થાય એ માટે.

જેઓ વ્યસનમાં પાછા ના આવે એ માટે સારવાર લઈ રહ્યા છે તેઓ માટે.

શાળાએ જતા બાળકો અને યુવાનો અજાણતા માદક દ્રવ્યોના વ્યસનમાં અને વિતરણમાં સામેલ છે તેઓ માટે

વધુ પુનર્વસન સુવિધાઓ અને સારવાર પદ્ધતિઓ જે સુલભ અને સસ્તી હોય તે પ્રાપ્ત થાય તે માટે.

સરકાર તેની શક્તિનો ઉપયોગ વ્યાપક ઉપલબ્ધતા, ઉત્પાદન અને દવાઓની ગેરકાયદેસર હેરફેરને રોકવા માટે કરે એ માટે.

આવા વ્યવસાયમાં જોડાનારા લોકો પસ્તાવો કરે અને અન્ય કાયદેસરના વ્યવસાય કરે એ માટે.

આપણા મિશન ક્ષેત્રોના લોકો માટે, જેઓ ડ્રગ્સના શિકાર બન્યા છે, તે પસ્તાવો કરે અને ખ્રિસ્તને સ્વીકારે એ માટે.

# મિશનરી સમર્પણ

## લામકા, મણિપુર

પ્રભુની કૃપાથી 6 મિશનરીઓ 8 મી એપ્રિલ 2025 ના રોજ મણિપુરના લામકામાં ઝોઉ પ્રેસ્બિટેરિયન ચર્ચ સિનડ ખાતે સમર્પિત થયા હતા. અમે ઝેડપીસીએસ ચર્ચ માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ જેમણે પ્રાર્થના અને દાનો દ્વારા આપણા મિશનરીઓને ટેકો આપ્યો. સમર્પણ સેવાની અધ્યક્ષતા આપણા ઉત્તરપૂર્વ અને ઉત્તર ભારતના વિભાગીય સચિવ, મોબિલાઈઝેશન, રેવ. રોબિન્સન હસદાક અને શ્રીમતી ઝાંસી રોબિન્સન, અને પ્રાદેશિક મોબિલાઈઝેશન સેક્રેટરી, રેવ. હ્યુટોઆચુમીની હાજરીમાં મધ્યસ્થી રેવ. ઝામલીઅનપૌની અધ્યક્ષતામાં થઈ હતી.

**શ્રી જી. થંગવન્સાંગ – મોબિલાઈઝેશન સેક્રેટરી, મણિપુર.**

# મિશનરી સમર્પણ

## ઓડિશા

ઈશ્વરપિતાની કૃપાથી, ગજાપતિ જીલ્લાના 50 થી વધુ મિશનરીઓ હવે એફએમપીબી સાથે સેવા આપી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી, અમે પ્રાર્થના કરી રહ્યા છીએ અને ગજાપતિ એફએમપબી મિશનરીઓ 'ફેમિલી કોન્ફરન્સ'નું આયોજન કરવાની યોજના બનાવી રહ્યા છીએ. ઈશ્વરની વિપુલ કૃપાથી, અમે 1 લી એપ્રિલ 2025 ના રોડ પરાલાખેમુંદી ઉત્કલ બેપ્ટિસ્ટ ચર્ચ ખાતે પહેલી વાર આ કોન્ફરન્સ યોજવામાં સક્ષમ થયા હતા.

45 મિશનરી પરિવારો અને યુબીસીએ બોર્ડના સભ્યો સહિત કુલ 55 લોકોએ ભાગ લીધો હતો. અમને રેવ. આલિયાકિમ જેના અને રેવ. હરામોહન નાઈક દ્વારા તેમના ક્ષેત્રના અનુભવો જાણવાનો આશીર્વાદ મળ્યો. અમારા માનવ સંસાધનના વ્યક્તિ, ચેન્નાઈના રેવ. સેલ્વિન યેસુદાસ, તેમની ટીમ સાથે આવ્યા અને શક્તિશાળી રીતે માર્ગદર્શન પૂરું પાડ્યું. તેમના પ્રેમાળ હૃદયના સેવાકાર્ય માટે અમે તેમના ખરેખર આભારી છીએ.

તમામ સહભાગીઓ આ મિશનરીઓ માટે નિયમિત પ્રાર્થના કરવા પ્રતિબદ્ધ છે. કેટલાક માનદ આગેવાનો તરીકે સેવા આપવા માટે સ્વયંસેવા આપે છે, અને અન્ય લોકો સેવાકાર્યને ટેકો આપવા માટે હુન્ડી બોક્સ લઈ ગયા હતા. અમે તેમના અદ્‌ભુત આશીર્વાદો અને આ નવી શરૂઆત માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

અમે આ પ્રસંગ માટે ચર્ચના દ્વાર કૃપાપૂર્વક ખોલવા બદલ રેવ. અબ્રાહમ ક્રિસ્ટ દાસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. અમને ગેસ્ટ હાઉસ પૂરૂ પાડવામાં અને એફએમપીબી સેવાકાર્ય માટે તેમના પ્રેમ, ચિંતા અને ઉત્સાહપૂર્ણ પ્રાર્થના માટે યુબીસીએ બોર્ડના સભ્યોના પણ ખૂબ આભારી છીએ. આપણા સમિલામાંથી ઘણા મિશનરીઓ મોકલવામાં તેમના સતત સમર્થન માટે અમે તેમનો ખાસ આભાર માનીએ છીએ.

**શ્રી હેમંતા કુમાર, મોબિલાઈઝેશન સેક્રેટરી – ઓડિશા**

JUNE
1
રવિવાર

## Happy Birthday

શ્રીમતી સુકાંતી બેથુએલ બર્ધન
શ્રીમતી ઉર્મિલાબેન રામસિંગભાઈ
શ્રી વિનયરાજ એમ.
શ્રી વસાવા પાચિયાભાઈ પોહનાભાઈ
શ્રી ગામીત કમલેશ સિંગાભાઈ
શ્રી ભોયા દેવુભાઈ ગંગજુભાઈ
શ્રીમતી રેચલ જોઈશ બાબુ પુષ્પરાજ
શ્રીમતી ગાવિત જામુબેન દેવુભાઈ
શ્રીમતી કૃતાંજલિ ગુના ચંદ્ર પાઈક
શ્રી વસાવા સુનિલકુમાર
શ્રી વસાવા રમેશભાઈ ઉલસિંગ
શ્રી ભોરસત બાબુભાઈ ચિમનભાઈ
શ્રીમતી સૌમી અબ્રાહમ થોમસ
શ્રીમતી પ્રિતીબાલા પ્રધાન બિદુશ
શ્રી હોશિઅલ નાઈક
શ્રીમતી કોંકની ભારતીબેન દીલીપભાઈ
શ્રીમતી જાદવ સરસ્વતીબેન ભોરસત
શ્રી બોદાર અમૃતભાઈ બચુભાઈ
શ્રી વસાવા અજુભાઈ રામુભાઈ
શ્રી સરકાર રમેશભાઈ જોહુરામભાઈ
શ્રીમતી લામાની રત્ના માન્જ્યા નાયક
શ્રીમતી જેલીન જયાપ્રથા કુમારન
શ્રી કુમારન જી.
શ્રી તિમ્મન્ના જ તિમોથી
શ્રીમતી સુંદરા કુલકર્ણી રાજા
શ્રીમતી મીનાખી બીરો સુનિલ દતકારા
શ્રી વસાવે અરવિંદ કાલુસિંગ
શ્રીમતી પવાર દિનેશ ઈંદ્રભાઈ
શ્રી ગોંડ દેવુ વિશ્રામ
શ્રીમતી રાંધે લક્ષ્મીબેન દેસાઈ

## જમ્મુ
## રેઆસી
### ડેવિડ અચ્ચનાર અને મનપ્રીત કૌર

**સ્તુતિ :** 2 ગામોમાં સુવાર્તા પ્રચાર કાર્યક્રમો દ્વારા સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. દાનસલ ગામના લોકો જે સુવાર્તાને સારો પ્રતિસાદ આપી રહ્યા છે. તલવરા ગામના ગુર્જર સમુદાયના લોકો જેમણે ઈસુ ખ્રિસ્તના શુભ સમાચાર સાંભળ્યા છે અને ઈસુ ખ્રિસ્ત વિષે વધુ જાણવા માટે રસ છે.

**પ્રાર્થના :** સમુદાયના ડર, અંધ વિશ્વાસ, પરંપરાઓ અને આત્મિક અંધત્વ જેવા દૂષણો તેઓને ઈસુ ખ્રિસ્તની સુવાર્તાને સ્વીકારવામાં અડચણરૂપ છે. રાજપૂત અને ગુર્જરના સમુદાયો તારણ પ્રાપ્ત કરે એ માટે. રેઆસી જીલ્લામાં રવિવારની આરાધના સંગત માટે યોગ્ય સ્થાન મેળવવા માટે. રેઆસી ક્ષેત્રના વિસ્તારો માટે પ્રાર્થના કરો કે જ્યાં નવું સેવાકાર્ય શરૂ કરવામાં આવ્યું છે, લોકો તરફથી સારો પ્રતિસાદ મળે અને ગામોમાં નવા મંડળની રચના થાય એ માટે. સલાલ, જ્યોતિપુરમ, કંથન અને પૌની જેવા ગામોના લોકો માટે પ્રાર્થના કરો કે સુવાર્તાને સારો પ્રતિસાદ આપે.

### વિશ્વાસમાં પાછા પડેલાને પુનઃસ્થાપિત કરવા

જમ્મુના નૌશેરા ક્ષેત્રના વિશ્વાસી શ્રી કુલદીપે ચર્ચ બાંધકામ માટે પોતાની જમીન દાનમાં આપી હતી. જ્યારે તેમણે પારિવારિક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો ત્યારે તે વિશ્વાસમાંથી પાછા હટી ગયા અને ચર્ચમાં ભાગ લેવાનું બંધ કરી દીધુ હતું. પરંતુ ઈશ્વરે ચમત્કાર કર્યો અને હવે તે ઘણા વર્ષો પછી તેમની પત્ની સાથે ચર્ચમાં હાજરી આપે છે.

## JUNE 2
## સોમવાર

### Happy Birthday

શ્રી સોમાભાઈ વાલુભાઈ
શ્રી બિભાબા પાનિ, શ્રી સુંદર દુરાઈ વાય.
શ્રી સુનિલ પ્રસાદ સિંગ
શ્રીમતી વિમતા પિટર પ્રભાકરન
શ્રીમતી વસાવા સુનિતાબેન ઉલસિંગ
શ્રીમતી શિવગામી સ્ટીફન
શ્રીમતી નિશા અનન્તમ
શ્રીમતી જ્યોત્સના જેરાલ્ડ ઝેવિયર

**નૌશેરા**

## શૈક શુભાની અને એમી બક્યા

**સ્તુતિ :** આ મહિને નોનિયલ ગામના ઘણા પડકારો વચ્ચે ઉમેરવામાં આવેલા નવા આત્મા માટે ઈશ્વરની સ્તુતિ કરો. 40 દિવસની પ્રાર્થનાઓ હતી અને વિશ્વાસીઓને આશીર્વાદ પ્રાપ્ત થયા હતા અને તેમના આત્મિક જીવનમાં ઘણા ફેરફારો આવ્યા હતા. આપણા પ્રભુમંદિરની જમીનના દાતા કુલદીપના પરિવારની પુનઃસ્થાપના માટે જે તેમના પરિવારની સમસ્યાઓને કારણે વિશ્વાસમાં નબળા પડ્યા હતા તે હવે તેમની પત્ની સાથે પ્રભુમંદિરમાં હાજરી આપી રહ્યા છે. ધન્યા ગામની નીલનમાં પતિ, જે દૈનિક વેતન માટે કામ કરતા હતા, પરંતુ 2 અઠવાડિયાથી બેકાર હતા, હવે પ્રાર્થના દ્વારા તેમને નોકરી પ્રાપ્ત થઈ છે. પહેલગામ જીલ્લામાં આતંકવાદી હુમલા પછી આપણા વિશ્વાસીઓ અને સ્થાનિકોના રક્ષણ માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરો.

**પ્રાર્થના :** 6 વ્યક્તિઓ તેમના વિશ્વાસની કબૂલાત કરવા તૈયાર છે તેઓ અડચણોનો સામનો કરી શકે એ માટે. પલ્લી ગામના બાલવીર દારૂના વ્યસની છે અને તે ધીમે ધીમે તેમની દ્રષ્ટિ ગુમાવી રહ્યા છે. ઈશ્વરપિતા નીચેના ગામોના લોકો કે જેઓ વિશ્વાસમાં નબળા પડ્યા છે તેઓને વિશ્વાસમાં પુનઃસ્થાપિત કરે એ માટે : બેરારી, લામ, કેનેટી, ડિંગ, કંગડી, મનપુર, ગીતપુર, સોલ્કી, ડબ્બર, ડહનકા, બગનોટી, કાલ્સિઆહ, નાયરી, અને બોહની. એવા લોકો માટે કે જેમણે તેમના કુટુંબમાં ચમત્કારોનો અનુભવ કર્યો છે અને ઈસુ પર વિશ્વાસ કર્યો છે પરંતુ સમાજના ડરને કારણે તેમના વિશ્વાસની કબૂલાત કરવામાં અનિચ્છા દર્શાવે છે. આગામી વીબીએસ કાર્યક્રમો સારી રીતે આયોજીત થાય અને ઘણા બાળકો ખ્રિસ્ત વિષે શીખે એ માટે. સીમા પર તણાવભરી સ્થિતિમાં નૌશેરાના સ્થાનિકો અને તમામ વિશ્વાસીઓના રક્ષણ માટે પ્રાર્થના કરશો.

### ઈશ્વર કાર્યરત છે

કર્ણાટકના હલીઆલ ક્ષેત્રમાંથી સૌભાગ્યાની પસંદગી આંગણવાડી કાર્યકરની નોકરી માટે કરવામાં આવી હતી. પરંતુ તેની નિમણૂંકમાં સમસ્યા ઊભી થઈ હતી. અધિકારીઓ આ સમસ્યાને હલ કરવા 1.5 લાખની લાંચ માંગતા હતા. તેથી તેણીએ, ઉત્સાહપૂર્વક ઉપવાસ સહિતની પ્રાર્થના કર્યા પછી ઈશ્વરપિતાએ તેની પ્રાર્થના સાંભળી અને સૌભાગ્યને હવે છ મહિના પછી કામ કરવા બોલાવવામાં આવી છે.

### ઈશ્વરની રાહતનો અનુભવ

મહારાષ્ટ્રના ખંડબારા અને નવપુર સેવા ક્ષેત્રના દેમોગરા ગામમાં સુદીબાઈએ તાજેતરમાં ઓપરેશન કરાવ્યું હતું, પરંતુ શસ્ત્રક્રિયામાં થોડી ગૂંચવણ ઊભી થઈ હતી જેના કારણે તેણીની આંખોમાં અને માથાનો દુઃખાવો થતો હતો. ઈશ્વરપિતાને ઉત્સાહપૂર્ણ પ્રાર્થનાના પરિણામે તેને સાજાપણું પ્રાપ્ત થયું હતું. શ્રીમતી સુદીબાઈ હવે આપણી તમામ મીટીંગ્સમાં નિયમિતપણે ભાગ લઈ રહી છે. ઈશ્વરપિતાનો મહિમા થાઓ.

**JUNE 3**
મંગળવાર

## Happy Birthday

શ્રી એડવર્ડ સેમ ટી., શ્રી વેદિયાપ્પન એલ.
શ્રી પાઉલ ડેનિયલ વી., શ્રી વિજયકુમાર કે.
શ્રીમતી રૂપા કુમારી પ્રસાન્ત, શ્રી બાલામુરૂગન વી.
શ્રીમતી રશ્મિતા પરિદા વિલ્સન, શ્રી આશાપ્રાપ્ता
શ્રીમતી યેશુમનિ મઈલસામી, શ્રીમતી એન્થની રાજમ જેરોમ
શ્રીમતી વલવી એજુ કાલુસિંગ

### પંજાબ

### ભટિંડા

### સંજીબ આનંદ અને પ્રસ્તુતાબતી પાનિ

**સ્તુતિ :** લેન્ટની પ્રાર્થના અને દુઃખસહન સપ્તાહના કાર્યક્રમો માટે ખાસ કરીને, પવિત્ર ગુરુવાર, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના રવિવારની સંગતો ભટિંડા ક્ષેત્રમાં દરેક સબસેન્ટરમાં હાથ ધરવામાં આવી હતી. 60 પરિવારો માટે ઈશ્વરની સ્તુતિ કરો કે જેઓ સેવાકાર્ય માટે સતત પ્રાર્થના કરતા હતા અને પરિણામે અમને મંડી કલાન સબ સેન્ટરમાં નિયુક્ત એક નવા સુવાર્તિક મળ્યા. આશા પટિ મોર મંડી વિસ્તારમાં લેન્ટની પ્રાર્થના દરમિયાન એક નવા પરિવારનો સંપર્ક થયો હતો. ભાઈ રૂપા વિસ્તારમાં 6 યુવાનો બાઈબલ અભ્યાસમાં રસ બતાવી રહ્યા છે. ભાઈ દેસા વિસ્તારની મનપ્રીતને તેના પરિવાર તરફથી ખ્રિસ્તી વિશ્વાસ છોડવા દબાણ કરવામાં આવી રહ્યું છે પરંતુ તે તેના વિશ્વાસમાં મક્કમ છે. ઈશ્વરપિતાએ ઉપાસનાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ આપી હતી અને ગુરદીપ કૌરને ટાઈફોઈડની બિમારીમાંથી સાજાપણું આપ્યું હતું. બિશ્વનાથ માટે પ્રભુનો આભાર કે જેમને અકસ્માતમાં પગમાં ફ્રેક્ચર થયું હતું પરંતુ હવે તેમને સારુ છે.

**પ્રાર્થના :** વિશ્વાસની કબૂલાતની સંગત, 4 સુવાર્તા પ્રચાર સત્સંગ, 1100 લોકો સુધી પહોંચવાનું આયોજન અને 1400 સુવાર્તિક સાહિત્યના વિતરણના કાર્યક્રમો અડચણ વિના આયોજીત થઈ શકે એ માટે. ભાઈ રૂપા સબસેન્ટર અને બુચો મંડી સબસેન્ટરમાં સ્થાનિક સુવાર્તિકોની જરૂરિયાત માટે અથવા સેવાકાર્યના વિકાસ માટે સ્વયંસેવકની જરૂરિયાત માટે. મંડી સબસેન્ટર હેઠળના રામ નગર, યાત્રી, જોધપુર, ભગવાન પુરા અને મેડી ગામોમાં સેવાકાર્ય માટે દરવાજા ખુલે એ માટે. મંડી કલાન સબ સેન્ટરમાં સ્થાનિક સુવાર્તિક તરીકે પ્રેમ જ્હોનની નિયુક્તિ થઈ છે, તે નવા આત્માઓ પ્રભુમાં લાવે એ માટે. ઈશ્વરપિતા કિડનીની બિમારીથી પીડિત રાજાને, હૃદયની બિમારીમાંથી રાજીન્દરને, માનસિક બિમારીમાંથી મનજીત કૌરને સાજાપણું આપે અને દારૂ અને ડ્રગ્સના વ્યસનમાંથી રાધે શ્યામને મુક્તિ આપે એ માટે.

### પ્રભુ અવરોધ દૂર કરે છે

કર્ણાટકના હલીયાલ ક્ષેત્રમાં, નિંગપ્પાના પરિવારે ધર્મસ્થલામાં એક વર્ષ માટે નાણાં જમા કરાવ્યા હતા. જ્યારે પરિવારને નાણાની અછત પડી ત્યારે તેઓએ પોતાના જમા કરાવેલા નાણાં માંગ્યા પરંતુ અધિકારીઓ રોજેરોજ તેમને અન્ય દિવસે આવવાનું જણાવીને નણાં આપતા ન હતા. ત્યાર બાદ અમે આ મુદ્દે ઈશ્વરપિતાને પ્રાર્થના કરીને અને હવે ઈશ્વરે એક માર્ગ બતાવ્યો અને તેઓ તેમના નાણાં પાછા મેળવી શક્યા હતા.




ઉપવાસ સહિત
પ્રાર્થના દિવસ

Happy Birthday

શ્રી કરાડો બિસ્વો રંજન
શ્રીમતી જેમિમા જેબરાની ડેનિયલ ડેવિડ
શ્રી એબી જ્ઞાના સેલિન એસ., શ્રી જીવર જોસ્વા ઈ.
શ્રીમતી વસાવા નિતા કુમારી અજુભાઈ

## અમૃતસર

### ચિતરંજન તેન્ડી અને તેજસ્વિતા તેન્ડી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને નવા 110 લોકો સુધી પહોંચવા સક્ષમ બનાવ્યા હતા. 3 સત્સંગની મીટીંગો, 5 રાત્રિ સભાઓ અને 1 મહિલા સભાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. રમન કૌરને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી, અને તેના પરિવારને શાંતિ પ્રાપ્ત થઈ હતી. તેનો પરિવાર હવે નિયમિતપણે પ્રભુમંદિરમાં ભાગ લઈ રહ્યો છે. ઈશ્વરપિતાએ મંજીત સિંગને પ્રાર્થના દ્વારા દારૂના વ્યસનમાંથી મુક્તિ આપી હતી, તેનો પરિવાર હવે પ્રભુમંદિરમાં હાજરી આપી રહ્યો છે. જસપાલસિંહ આ ક્ષેત્રમાં સ્વયંસેવક તરીકે જોડાયા છે. ઈશ્વરપિતાની સ્તુતિ કરો જે હૃદયને સ્પર્શ કરે છે અને ઈસુ ખ્રિસ્તને સ્વીકારવા માટે લોકોની આંખો ખોલી રહ્યા છે.

**પ્રાર્થના :** આપણા મિશનરી ચિત્તરંજન તેન્ડીના ઝડપી સાજાપણા માટે જેમને અકસ્માત થતા જમણા પગની ઘૂંટી તૂટી ગઈ છે અને સીએમસી લુધિયાણા હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. ખસ્સા ગામના છેલ્લા 20 વર્ષથી માનસિક બિમારીથી પીડાતા આપણા પ્રભુમંદિરના વડીલ બોહર સિંહને સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. આપણા સુવાર્તિકના પુત્ર અધિરંજન સિંહને ઈન્ફ્યુએન્ઝાથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસીઓના બાળકોને સરકારી નોકરીઓ પ્રાપ્ત થાય એ માટે. રાજાસાંસી અને મલ્લુનાંગલ પ્રભુમંદિરોના વિશ્વાસીઓ ચાલ્યા ગયા છે તેઓ પાછા ફરે એ માટે. આગામી કાર્યક્રમોને ઈશ્વરપિતા આશીર્વાદિત કરે અને માર્ગદર્શન આપે અને તે દ્વારા વિપુલ પ્રમાણમાં ફળો ઉપજે એ માટે.

## સંગરૂર

### ગિમ્મલ દિલિપભાઈ અને બિરારી રીટાબેન

**સ્તુતિ :** આ મહિનમાં સંગરૂર ક્ષેત્રમાં નવા 3 આત્માઓ પ્રભુના વાડામાં ઉમેરવામાં આવ્યા હતા. કાકડા ગામમાં શેનકી સિંગની પોલીસે ધરપકડ કરીને જેલમાં મોકલવામાં આવ્યા હતા પરંતુ સતત પ્રાર્થનાઓ દ્વારા તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. લોંગોવાલ ગામમાં વિશાળ સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો. મૈના રાનીની આંખનું ઓપરેશન સફળ થયું હતું. ઈશ્વરપિતા મનુ અને કરમવીરના પરિવારને એક બાળકનો આશીર્વાદ આપે એ માટે. સંગરૂર ચર્ચના વડીલ મહિન્દર સિંહ ખોરાકી ઝેરથી બિમાર થયા હતા, પરંતુ પ્રાર્થના અને દવા દ્વારા તેમનું સ્વાસ્થ્ય હવે સારુ થઈ રહ્યું છે. તમામ વિશ્વાસીઓના બાળકોને સારા ગુણ મળ્યા હતા અને આગળના ધોરણમાં બઢતી આપવામાં આવી હતી.

**પ્રાર્થના :** આ મહિનાના લક્ષ્ય પ્રાપ્ત થાય એ માટે. પૂજા અને વંદનાના ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરવા સામેના અવરોધો દૂર થાય એ માટે. સંગરૂર ચર્ચની જ્યોતિ રાની તાવથી પીડાય છે અને તેના રક્તકણો દરરોજ ઘટી રહ્યા છે અને સારવારની કોઈ અસર થતી નથી, તેના સાજાપણા માટે. બલજીત કૌરને અકસ્માતમાં પગમાં ફ્રેક્ચર થયું હતું તેમના સાજાપણા માટે અને તે ફરીથી ચાલી શકે એ માટે. તમામ વિશ્વાસીઓ અને ખાસ કરીને યુવાનો સુવાર્તા પ્રચારમાં સામેલ થાય એ માટે. ઈશ્વરના રાજ્યને વિસ્તારવા માટે સંગરૂર ક્ષેત્રમાં વધુ સ્વયંસેવકો અને સુવાર્તિકો પ્રાપ્ત થાય એ માટે.

JUNE
5
ગુરૂવાર

## Happy Birthday

શ્રીમતી બેઉલાહ સુલોચના જોશુઆ
શ્રી એફ્રાઈમ માલ્લી, શ્રી મઈલસામી જોસેફ ટી.
શ્રી શિવ શંકરન જેબાસીલન, શ્રી સંકર એ.
શ્રી નરેન્દ્ર કુમાર, શ્રી પચીગોલા પ્રવીણ
શ્રીમતી રામપુરમ પેડ્ડકા મેથ્યુ
શ્રી યેલમુલવર સ્વપ્નિલ રામાલુ

### અહેમદગઢ મંડી

### કૃપા રક્ષાના બર્ડે અને શકીના

**સ્તુતિ :** મહિલાઓની તાલીમ, બાળકોની શિબિર, સત્સંગ, જીસસ ફિલ્મ, આત્માઓ જીતવાની તાલીમ, રાત્રિ સભા, બાઈબલ અભ્યાસના કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજીત કર્યા હતા અને નવા 500 લોકોને સુવાર્તા આપી હતી. 40 દિવસના ઉપવાસ સહિતની પ્રાર્થના, ખજૂરીનો રવિવાર, પવિત્ર ગુરુવાર, ગુડ ફ્રાઈડે, અને ઈસ્ટરના રવિવારની સંગતો સફળતાપૂર્વક આયોજીત કરી શક્યા હતા અને વિશ્વાસીઓને આશીર્વાદ આપવામાં આવ્યા હતા અને તેમને બંધનો અને માંદગીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સુવાર્તા પ્રચારના કાર્યક્રમ દ્વારા એક નવી વ્યક્તિને પ્રભુના વાડામાં ઉમેરવામાં આવી હતી અને નવા 3 સંપર્કો પ્રાપ્ત થયા હતા.

**પ્રાર્થના :** આગામી પ્રાર્થના સભાઓ અને સુવાર્તા પ્રચારના કાર્યક્રમો માટે. રાયકોટ મંડળ અને નજીકના ગામોમાં નવા સંપર્કો મળે અને વધુ વિશ્વાસીઓ તેમના પરિવારો સાથે કાર્યક્રમોમાં હાજરી આપે એ માટે. કેટલાક લોકો સંબંધીઓના ડર અને અન્ય લોકો દ્વારા ગેરમાર્ગે દોરાવાને કારણે તેમના વિશ્વાસની કબૂલાત કરવા આગળ આવતા નથી તેઓ પોતાના અવરોધો દૂર કરે એ માટે. આ ક્ષેત્રમાં માણસોની જરૂરિયાત માટે વધુ વિશ્વાસીઓ અને યુવાનો પ્રભુના સેવાકાર્ય માટે આગળ આવે એ માટે. આપણા સક્રિય વિશ્વાસીઓ અને ચર્ચની સમિતિના સભ્યો નવા વિશ્વાસી વિશ્વાસીઓમાં એકતાના નમૂના તરીકે કામ કરે એ માટે.

### બરનાલા

### બિધાન હંસદા અને પાન્સુરી મોહલિન

**સ્તુતિ :** 3 સત્સંગ, 2 જીસસ ફિલ્મ, 40 દિવસના ઉપવાસની પ્રાર્થના, પ્રાર્થના સાંકળ, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના કાર્યક્રમો, જેના દ્વારા 300 થી વધુ લોકોએ સુવાર્તા સાંભળી હતી. સેહના ગામના હસનપ્રીત સિંગને પેટની બિમારી, વાયરલ તાવ અને નબળાઈમાંથી સાજાપણું મળ્યું હતું. આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહેલા જયસિંહના પરિવારને મિશનરીઓ અને વિશ્વાસીઓની સતત પ્રાર્થના દ્વારા તેમના પુત્ર રાહુલને એક કંપનીમાં નોકરી મળી હતી અને તેમની પુત્રીને પણ સિલાઈનું કામ મળ્યું હતું. નિશા રાનીને પેટના દુ:ખાવામાંથી 40 દિવસની ઉપવાસની પ્રાર્થના દરમિયાન સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આ નાણાંકીય વર્ષમાં સુવાર્તા પ્રચારનું લક્ષ્ય પ્રાપ્ત કરવા અને વિવિધ કાર્યક્રમો યોજવા માટે ઈશ્વરપિતાનું ડહાપણ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરના રાજ્યના વિસ્તરણ માટે માનવ શક્તિ પ્રાપ્ત થાય એ માટે. રવિના સાજાપણા માટે જે માનસિક બિમારી અને યાદશક્તિની કમીથી પીડાય છે. ધઉન્સ ગામની મનજીત કૌર કેન્સરથી પીડિત છે અને કોઈ દવાઓથી રાહત થતી નથી તેના સંપૂર્ણ સાજાપણા માટે. ધનાઉલા ગામના બબ્લુ સિંગને પોસ્ટ ઓફિસમાં નોકરી મળી છે પરંતુ તેને તેના પરિવારથી દૂર રહેવાનો ડર છે, ઈશ્વરપિતા તેમને હિંમત આપે એ માટે. ગોવિંદ નગર, પ્યારાલાલ બસ્તી અને નવી બસ્તીમાં નાના પ્રાર્થના જૂથો સંગતો યોજવાનું ચાલુ રાખે અને સુવાર્તિકો વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા પ્રગટ કરવાનું ચાલુ રાખે એ માટે.

**JUNE 6**

શુક્રવાર

## Happy Birthday

શ્રી ઉદિપ્તા કુમાર બાગ
શ્રીમતી શ્યામલા શમિની મેથ્યુ
શ્રીમતી પુષ્પમ મહેન્દ્ર
શ્રીમતી ભુક્યા ઝાંસીભાઈ
શ્રીમતી નાથિયા ડેવિડ

## ઉત્તરાખંડ

### નાનકમટ્ટા

### વી. રામાસામી જેરોમ અને એન્થની જેરોમ

**સ્તુતિ :** ડેયોરી અને સુંદર નગરમાં ગુડ ફ્રાઈડેની સંગત સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. ડેયોરીમાં ઈસ્ટરની સંગતમાં 3 ગામોના લોકોએ ભાગ લીધો હતો. ડેયોરીની ગુલદીપ અને હરદાસપુરની શિવાની આત્માઓ જીતવાના કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. શિવાની સન્ડે સ્કૂલના સેવાકાર્યમાં પણ ભાગ લઈ રહી છે. બલવિન્દર 2 વર્ષથી ખાતરના વ્યવસાયમાં નુકસાન સહન કરી રહ્યો હતો પરંતુ પ્રાર્થનાઓ દ્વારા હવે તેનો વ્યવસાય સારો ચાલી રહ્યો છે. સુંદર નગરના ચંદનને આપણા સત્સંગમાં ભાગ લીધા પછી દારૂના વ્યસનમાંથી મુક્તિ મળી હતી.

**પ્રાર્થના :** અમિતના પરિવારમાં ગેરસમજને કારણે શાંતિનો અભાવ છે, તેમના પરિવારમાં પ્રેમ અને શાંતિ માટે. રાજુને યકૃતની બિમારી અને પેટમાં સોજામાંથી સાજાપણું મળે એ માટે. સુંદર નગરના રામપ્રકાશના પરિવાર મધ્યે એકતા સધાય એ માટે. દારૂના વ્યસની બલકર સિંગ તેમની પત્ની સાથે ખરાબ વર્તન કરે છે તેમના પસ્તાવા માટે. આગામી કાર્યક્રમો કોઈપણ અવરોધ વિના આયોજીત થઈ શકે એ માટે.

### બાઝપુર

### ક્રિશ્ચિયન પ્રકાશ એસ. અને કોકની સુમિત્રાબેન પી.

**સ્તુતિ :** 4 વ્યક્તિઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. કનકે ધો. 12 માં શાળામાં પ્રથમ નંબર મેળવ્યો છે. સુવાર્તા પ્રચાર સેવાકાર્ય અને સુલતાનપુર પટ્ટીમાં વિશ્વાસીઓની તાલીમ દ્વારા નવા ગામો સુધી પહોંચ્યા હતા. બનિષ્કા અને આરાધ્યાને ખંજવાળની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. બન્નેખેડા ગામમાં ચર્ચના બાંધકામ માટે જરૂરી જમીન પ્રાપ્ત થઈ હતી. 8 ગામોમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. માયાના પરિવાર માટે જેમણે સુવાર્તામાં રસ દર્શાવ્યો છે.

**પ્રાર્થના :** જેઓએ જુદા જુદા ગામોમાં સુવાર્તા સાંભળી છે તેઓના હૃદયોમાં ઈશ્વરપિતા કાર્ય કરે અને તેઓ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. 50 વર્ષની જંગિરો કૌરને ટીબીની બિમારીમાંથી સાજાપણું પ્રાપ્ત થાય એ માટે. બન્નેખેડા ગામના વિશ્વાસીઓ શાંતિપૂર્ણ જીવન જીવે એ માટે. એટવાવા ગામના વિશ્વાસી કિશન સિંગ ખૂબ દારૂ પીવે છે અને તેના પરિવારને રવિવારની સંગતમાં આવવા દેતા નથી, તે પસ્તાવો કરે એ માટે. વિશ્વાસીઓ અને ચર્ચના વડીલો સુવાર્તા પ્રચારના કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લે એ માટે.

**JUNE**

**7**

શનિવાર

Happy Birthday

શ્રીમતી એલિઝાબેથ કરૂનાકરન, શ્રીમતી ડેઈઝી ઈઝરાએલ ડી. શ્રીમતી ગામીત સરૂબેન કમલેશ, શ્રીમતી એલિસ શીબા એ.

## હરિયાણા

### ફતેહાબાદ

### ડેવિડ એસ. અને પી. જેબાગ્રેસ

**સ્તુતિ :** નવા 110 લોકોને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. અભિલાશાને લગ્ન બાદ 2 વખત કસુવાવડ થઈ હતી તેણી હવે ઈશ્વરપિતાની કૃપાથી 3 મહિનાની ગર્ભવતી છે અને ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે. નેહાના પરિવારે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને તેમની જૂની જીવનશૈલી છોડી દીધી છે. 3 વ્યક્તિઓ ખ્રિસ્તના વાડામાં ઉમેરાઈ હતી. હિઝરાવાન કલાન ગામના વિશ્વાસીઓ દરરોજ દર્શનના ઘરે આરાધના કરે છે.

**પ્રાર્થના :** મજરા ગામના 19 વર્ષના હરદીપને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવે એ માટે. ભાટિયા કોલોનીના રામ સ્વરૂપ અને સુભાશના હૃદયોનું બદલાણ થાય એ માટે જેમની પત્ની અને બાળકો આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે. માનસિક બિમારીમાંથી સંજુને અને લકવાગ્રસ્ત સંસર ચંદના સાજાપણા માટે. પાટિલડબર ચર્ચના વડીલો સંસાર ચંદ, વિજય અને બાનવેરિલાલની આત્મિક વૃદ્ધિ માટે.

### પેહોવા

### ભોરસત બાબુભાઈ અને જાદવ સરસ્વતીબેન

**સ્તુતિ :** આપણા ચર્ચના વડિલ સાવિત્રીને માર્ગ અકસ્માતમાં ઈશ્વરપિતાએ મોટી ઈજામાંથી બચાવ્યા હતા. રાજાને ઈશ્વરપિતાએ લગ્ન માટે એક ખ્રિસ્તી કન્યા પ્રાપ્ત કરાવી હતી. સુશીલ ચર્ચની છત સાફ કરતી વખતે નીચે પડ્યો હતો ત્યારે કોઈપણ ઈજા વિના ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું. ચિન્દરને થયેલ હાર્ટ એટેકમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** નવા કુટુંબ સંજય અને સરોજ ચર્ચમાં હાજરી આપે છે અને તેમના વિશ્વાસ માટે પ્રાર્થના કરે છે, તેઓ તેમના પડોશીઓ માટે ઉદાહરણ પૂરૂ પાડે કે તેઓએ સુવાર્તા મેળવવી જોઈએ અને ચર્ચમાં હાજરી આપે એ માટે. કૈથલના ગુરમીતના સાજાપણા માટે તે ચાલવામાં અને બોલવામાં અસમર્થ છે. લાલકોટી ગામની લોકેશને રાત્રે ડરાવણા સ્વપ્નો આવે છે અને પ્રાર્થના દ્વારા તેણી હવે ચર્ચમાં હાજરી આપે છે તેના સાજાપણા માટે.

### તોશામ

### અજય બરડે અને શાયતુલ ગેહલોત

**સ્તુતિ :** તોશામ ગામના મુકેશ ડીડીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, તેમને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાની કૃપાથી 3 ગામોમાં રાત્રિ સભાઓ કરવામાં આવી હતી. ભોજરાજ ગામની કૈલાશાને ગર્ભાશયમાં ફાઈબ્રોઈડ્સની ગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું, તેણીને હવે સાજાપણું મળ્યું છે.

**પ્રાર્થના :** બિજ્જો દેવીને લકવામાંથી, બિરન ગામના પવનને ડાયાબિટિઝ અને યકૃતની બિમારીમાંથી અને 24 વર્ષના સાંતને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. બલવાસ મંડળ ઈશ્વરની હાજરીમાં વૃદ્ધિ પામે અને વિશ્વાસીઓ ચર્ચની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લે એ માટે.

JUNE
8
રવિવાર

Happy Birthday

શ્રી જ્હોન સુંદર સિંગ
શ્રીમતી થિલાગાવતી નાગરાજન
શ્રીમતી સૌંદર્યા રેખા વ્યાસુ બાબુ
કુ. એન્જેલિન ગ્રેસ ડી.

## રાજસ્થાન

### ઉદયપુર

### આશિષ કુમાર અને સવિતા દેવી

**સ્તુતિ :** 18 લોકોએ આ મહિનામાં ખ્રિસ્તને તેમના વ્યક્તિગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. 14 ગામોમાં લેન્ટના દિવસો દરમિયાન ઉપવાસ સહિતની પ્રાર્થનાનું આયોજન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. નવા 4 ગામોમાં ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. આપણા સુવાર્તિક આનંદ લાલના પૌત્રના લગ્ન કોઈ વિરોધ વિના ખ્રિસ્તી રિવાજો અનુસાર હાથ ધરવામાં આવ્યા હતા. બાગરામને લકવાની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. પુષ્પાને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. આશાને લોહી સંબંધિત બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** રેમિલા, સુકન, હકરી અને કમલાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા દેવીલાલને ડાબા પગના ફ્રેક્ચરમાંથી અને 90 વર્ષના અંબાબાને તેમની બિમારીમાંથી સાજાપણું આપે એ માટે. લીલ અને સોનિયાને કસુવાવડ થઈ હતી, ઈશ્વરપિતા તેમને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. અનાદિલાલ, પ્રકાશભાઈ, નાનાલાલને ડાયાબિટિઝ અને બીપીની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા ફલાસીયા અને ગોગુંડા તાલુકામાં સેવાકાર્ય માટે દરવાજા ખોલે એ માટે. રાજસ્થાનમાં ભીલ લોકજૂથ વિશ્વાસમાં મજબૂત બને એ માટે. અમારા પરિવાર અને આપણા સ્થાનિક સુવાર્તિકો (આનંદ લાલ, શ્યામ, આશિષ ડામોર, મોહન લાલ, સુશીલ કાસોટા)ના સારા સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે.

### ખજુવાલા

### વી. કુમાર અને પેટ્રિશિયા એલ. તમિલ સેલ્વી એલ.

**સ્તુતિ :** 32 કેવાયડી ગામમાં સુવાર્તા પ્રચારનું સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. રાઈ, વટાણા અને ઘઉંની સારી કાપણી કરવામાં આવી હતી. આ મહિનામાં નીચેના કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજીત કરવામાં આવ્યા હતા : બાળકોની મીટીંગ, 2 બાઈબલ અભ્યાસ, 7 પ્રાર્થના સભાઓ, 8 સુવાર્તાપ્રચારની સભાઓ, 9 વ્યક્તિગત સુવાર્તા પ્રચાર, 13 ફોલો-અપ કાર્યક્રમો, 6 ઘરો અને માંદાઓની મુલાકાતો અને અન્ય પ્રાર્થના સભાઓ અને રવિવારની સંગતો.

**પ્રાર્થના :** સાશી સમુદાયના તમામ લોકો ખ્રિસ્તના વાડામાં આવે એ માટે. સતનામ અને પ્રીતમ પ્રભુના વચનો રસપૂર્વક સાંભળે છે તે જલદીથી પ્રભુનો સ્વીકાર કરે અને વિશ્વાસની કબૂલાત કરે એ માટે. મોનિકા અને સિમરનના ઉચ્ચ શિક્ષણ માટે જેઓ તેમના પિતા પથારીવશ હોવાથી અભ્યાસ કરવામાં અસમર્થ છે. આગામી તમામ પ્રાર્થના સભાઓ અને કાર્યક્રમો માટે.

JUNE
9
સોમવાર

## Happy Birthday

શ્રી કોઈલ પુશ્મ પોલરાજ
શ્રીમતી જોશિલા સુંદરીબાઈ બનહર વાય.
શ્રીમતી સેલ્વમ્મલ સેલ્વરાજ
શ્રીમતી સાગરિકા પ્રધાન પરિચ્ચા

### ખેરવાડા

### કેનોઝ સ્ટેનલી અને વાંગલાપુડી ચાંદની

**સ્તુતિ :** દીપિકા અને જયંતિ ભાઈના પુત્રને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. લક્ષ્મણ બરહટ અને જિનેશ બરહટને પથરીની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. રમેશભાઈને માનસિક બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. કરિશ્માબેનને પેટની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું. આશા ખારોઈને એ.એન.એમ. કોર્સમાં પ્રવેશ મળ્યો છે.

**પ્રાર્થના :** લામાભા પટડા ગામના નાથુ મોલટે સુવાર્તા પ્રાપ્ત કરી છે તે જલદીથી ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. 8 વર્ષથી બોલી ન શકતા શંકર ખરાડીના સાજાપણા માટે. શિલ્પાને કિડનીની પથરીથી સાજાપણું મળે એ માટે. મમતા બેનને સામાન્ય પ્રસૂતિ થાય અને તંદુરસ્ત બાળક જન્મે એ માટે. મિનાક્ષીબેનને સારો જીવનસાથી મળે એ માટે. મનીષાબેનને તેના પતિએ તેને ઘરેથી કાઢી મૂકવાની ધમકી આપી હતી, તેમના પરિવારમાં શાંતિ થાય એ માટે.

### સંગરીયા

### અમીરકાંત દિગલ અને નિરોલા દિગલ

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ મિશનરીઓને સદુલશહરથી સંગરીયામાં સ્થળાંતર કરવામાં મદદ કરી હતી અને આખા મહિના દરમિયાન તેઓનું રક્ષણ કર્યું હતું. નવા 2 ગામોની મુલાકાત લેવામાં આવી હતી. સેકરેખેડા અને ડબા ગામમાં કેટલાક પરિવારો સુવાર્તામાં રસ બતાવી રહ્યા છે. 4 રાત્રિ સભાઓ, 1 જિસસ ફિલ્મ, નવા 15 ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય અને વિશ્વાસીઓ માટે 2 સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સહિપની ગામમાં બાજીગર લોકજૂથ સુવાર્તામાં રસ બતાવી રહ્યું છે.

**પ્રાર્થના :** નવા ગામોમાં સુવાર્તાને સકારાત્મક પ્રતિસાદ મળે એ માટે. રાહુલ અને પરિવાર મે મહિનાથી સ્વયંસેવક તરીકે જોડાઈ રહ્યા છે, ઈશ્વરપિતા તેમને વિશ્વાસપૂર્વક અને અસરકારક રીતે સેવાકાર્ય કરવામાં સહાય કરે એ માટે. કુલવિંદર અને તેમનો પરિવાર તારણ પામે એ માટે. ચર્ચના નિર્માણ માટે જમીન ખરીદી શકાય એ મટો. ગરમ આબોહવાથી રક્ષણ માટે. વર્ષ 2025-2026 માટેનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે. મોંના ચાંદાથી પીડાતા હરગોવિંદને ગર્ભાશયની ગાંઠથી પીડાતી અમનદીપ અને ટાઈફોઈડ અને કમળાથી પીડિત શિપુના સાજાપણા માટે.

JUNE
10
મંગળવાર

Happy Birthday

શ્રી પોલ રવિ રાજ બી.એન, શ્રી થોમસ આર.
શ્રી નાગરાજન એમ., શ્રીમતી પૌલીન મેરી બુપથી
શ્રીમતી રાજેશ્વરી પ્રધાન શંભુનાથ
શ્રીમતી નેત્રવતી મુથુ કુમાર
શ્રીમતી શયતુલ અજય બરડે

## દિલ્હી

### પટપરગંજ

### એસ. જ્હોન ડેવિડસન અને જી. એસ્તર

**સ્તુતિ :** ત્રિલોકપુરી અને કલ્યાણપુરી મંડળના કિશોરો અને યુવાનોએ 3 દિવસ વીબીએસ અને સન્ડે સ્કૂલના શિક્ષકોની તાલીમ લીધી હતી, કારણ કે તેઓને બાળકોમાં સેવાકાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. રાજેન્દ્રને માર્ગ અકસ્માતમાં ઈશ્વરપિતાએ સામાન્ય ઈજાઓ સાથે બચાવ કર્યો હતો. ચર્ચના વડીલોએ વારંવાર પાપ કરનારા વિશ્વાસીને સુધારીને ચર્ચની શુદ્ધિ કરવા માટે પોતાને પ્રતિબદ્ધ કર્યા છે.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસી પ્યારેલાલ અને તેમના બાળકો માટે કે જેમણે પોતાને ચર્ચથી દૂર રાખ્યા છે અને દુષ્ટ પ્રથાઓથી પ્રભાવિત થયા છે. યુવાનો જતિન અને રોયલ વિલ્સન માટે જેમણે નોકરી છોડી દીધી છે અને જુગારના વ્યસની બની ગયા છે અને તેમના પરિવારની સંભાળ રાખતા નથી. ચંદ્રવતી, જ્યોતિ અને સાવિત્રીએ ઈશ્વર તરફથી ચમત્કારિક સાજાપણું મળ્યું હતું, તેઓ હિંમતપૂર્વક તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. આગામી આત્માઓ જીતવાના અને સુવાર્તા પ્રચારના કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજીત થાય એ માટે.

## ઉત્તર પ્રદેશ

### ગોંડા

### ઓમપ્રકાશ ગુપ્તા અને તુમ્પા ચૌધરી

**સ્તુતિ :** આ ક્ષેત્રમાં કેટલાક લોકોએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. કાનપુર ક્ષેત્રના જુદા જુદા ક્ષેત્રોમાંથી ગોંડા ચિલ્ડ્રન હોમમાં નવા 13 બાળકો દાખલ થયા છે. અમે આપણા છાત્રાલયના બાળકો સાથે ગુડ ફ્રાઈડે, ઈસ્ટર અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ઈશ્વરપિતાની કૃપાથી આપણા વિશ્વાસીઓ વૃદ્ધિ પામી રહ્યા છે.

**પ્રાર્થના :** આપણા છાત્રાલયના ધો.10 અને 12 ના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે. ગોંડા જમીનના કોર્ટ કેસ જે હાલ લખનઉની હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે તેના માટે. આપણા છાત્રાલયના બાળકોના આરોગ્ય, શિક્ષણ અને આત્મિક વિકાસ અને આગામી પરિવારોની મુલાકાતના કાર્યક્રમ માટે.

### ન્યાયી ચુકાદો

કર્ણાટકના શિગગાંવ ક્ષેત્રમાં, આપણા વિશ્વાસી શ્રી સંતોષની જમીન ઘણા વર્ષોથી કોર્ટ કેસ હેઠળ હતી. કોર્ટની સુનાવણી નજીક આવી રહી હોવાથી, અમે બધાએ ન્યાયી ચુકાદા માટે ઈશ્વરપિતાને પ્રાર્થના કરી હતી. ઈશ્વરપિતાએ અમારી પ્રાર્થનાઓ સાંભળી અને આખરે ચુકાદો તેમના પક્ષમાં આવ્યો અને ઈશ્વરે તેમને 15 એકર જમીનનો આશીર્વાદ આપ્યો. તેઓ ચર્ચના બાંધકામ માટે 1 એકર જમીન એફએમપીબીને આપવા આગળ આવ્યા છે. ઈશ્વરપિતાની સ્તુતિ કરો.

**JUNE**
**11**
બુધવાર

*ઉપવાસ સહિત પ્રાર્થના દિવસ*

## જાલૌન

### રાકેશ ગાવિત અને રેશ્મા મારૂતિ

**સ્તુતિ :** આ મહિનામાં જે લોકો ખ્રિસ્તમાં આવ્યા છે તેઓના માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરો. નવા 2 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઈશ્વરપિતાએ વિશ્વાસીઓ માટે સભાનું આયોજન કરવામાં સહાય કરી હતી. 132 લોકોને ખ્રિસ્તના શુભ સમાચાર જણાવ્યા હતા. ઉમરી ગામમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા અને ત્યાં એક પરિવારનો સંપર્ક થયો હતો. વાવલીમાં ગુડ ફ્રાઈડેની સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું. ખજૂરીનો રવિવાર અને ઈસ્ટરની સંગતો ચાર સ્થળોએ આયોજીત કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** ચાર વર્ષથી બાળક માટે રાહ જોતી હેમલતાને અને 15 વર્ષથી બાળકની રાહ જોતા દિનેશને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. રામબહાદુરને હૃદયની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આગામી વીબીએસના કાર્યક્રમ માટે અને સેવાકાર્ય કોઈપણ અવરોધ વિના વૃદ્ધિ પામે એ માટે. યકૃતની બિમારીમાંથી ગુડીને સાજાપણું મળે એ માટે. બિટોલીને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે. કુનિઆપુરા, ડુસેપુરા અને જગમાનપુર ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે.

### ઘાટમપુર : જંગખોલુન ટૈથાંગ અને એનગાઈથિઆચિંગ હૈઝલ

**સ્તુતિ :** 3 વ્યક્તિઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. ખજૂરીનો રવિવાર. ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના રવિવારની સંગતો 2 વર્ષ પછી ઘાટમપુર મુખ્ય ચર્ચમાં શાંતિપૂર્ણ રીતે હાથ ધરવામાં આવી હતી. સુવાર્તિક સ્વ.શિવ કુમારની 13 મા દિવસની શોકસભાનું ખ્રિસ્તી વિધી પ્રમાણે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેમના ઘણા બિન-ખ્રિસ્તી સંબંધીઓએ ખ્રિસ્તની સુવાર્તા સાંભળી હતી. ઈશ્વર આપણને અન્ય વિશ્વાસના આપણા પડોશીઓ સાથે સારા સંબંધ જાળવવામાં મદદ કરે છે.

**પ્રાર્થના :** મહિલા સુવાર્તિક ગીતાનું ઈશ્વરપિતા રક્ષણ કરે અને તેમના સેવાકાર્યને ફળદાયી બનાવે એ માટે કારણ કે તે ગામડામાં એકલા સેવાકાર્ય કરવા માટે જાહેર પરિવહન પર આધારિત છે. શોધકમિત્રો અને વિશ્વાસીઓ તારણ પામે એ માટે ઈશ્વરના અભિષિક્ત સામર્થ્યની જરૂર છે. વરિષ્ઠ સુવાર્તિકો સુધારણાનો સ્વીકાર કરીને સેવાકાર્યની વૃદ્ધિ માટે પોતાના આરામના ક્ષેત્રને છોડી દે એ માટે. સુનિતા, રામ વિકાસ, સુભાષની પુત્રી અને સોનીને દુષ્ટ આત્માઓથી મુક્ત કરવા માટે. અમને ઈશ્વરની કૃપાની જરૂર છે કારણ કે અમે સેવાકાર્યમાં શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વ માટે આપણા બિન-ખ્રિસ્તી પડોશીઓની મદદ દ્વારા વિરોધી જૂથો સુધી પહોંચવાની યોજના બનાવીએ છીએ.

### રાનિયા : અનિલ કુમાર અને કવિતા

**સ્તુતિ :** વડીલો માટેનો કાર્યક્રમ સિકન્દ્રામાં સફળતાપૂર્વક આયોજીત કરવામાં આવ્યો હતો જેમાં 35 થી 40 વડીલોએ ભાગ લીધો હતો. ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો કોઈપણ અવરોધ વિના આયોજીત કરવામાં આવી હતી. સુવાર્તિક સુરેશ કુમારને વાયરલ તાવમાંથી સાજાપણું મળ્યું હતું. આપણા ક્ષેત્રમાં 40 દિવસની ઉપવાસ સહિતની પ્રાર્થનાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** સંગીતાને દુષ્ટ આત્મા અને તેની માનસિક બિમારીના બંધનમાંથી મુક્તિ મળે એ માટે. પેટમાં ગાંઠ ધરાવતા રામફર ચર્ચના વડીલના સાજાપણા માટે. સિકન્દરપુરના ગુલાબને કેન્સરમાંથી સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. આ ક્ષેત્રમાં આગામી વીબીએસના કાર્યક્રમ માટે પ્રાર્થના કરશો.

JUNE
12
ગુરૂવાર

Happy Birthday

શ્રી મોંગવાઈ ફોમ બી., શ્રીમતી પ્રિન્સી સેમપોલ
શ્રી વસાવા થોમસભાઈ ગુલાબભાઈ
શ્રીમતી મધુસ્મિતા પાનિ, શ્રી જીત પાન્ડિયન જી.

### સિકંદ્રા

### પાચિયાભાઈ અને સવિતાબેન

**સ્તુતિ :** નવા 2 ગામોમાં સુવાર્તા પ્રગટ કરી હતી જ્યાં 300 લોકોએ ઈશ્વરના વચનો સાંભળ્યા હતા. 4 સ્થળોએ મહિલા સભાઓ અને 2 સ્થળોએ વિશ્વાસીઓની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા વિશ્વાસી રામજની પુત્રીના લગ્ન સફળતાપૂર્વક પૂર્ણ થયા હતા. ઈશ્વરપિતાએ પ્રિયાન્શુના જીવનનો અકસ્માતમાંથી બચાવ કર્યો હતો.

**પ્રાર્થના :** બુધરા, બક્ષીકડેરા અને સિલોહરા ગામોમાં રાત્રિસભાઓ શરૂ થાય એ માટે. આગામી આત્માઓ જીતવાની શિબિરો, તાલીમી કાર્યક્રમ, સુવાર્તા પ્રચાર અને આત્મિક કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજીત થાય એ માટે. બાલહરમાઉ ચર્ચની જમીનની સંપત્તિ ચર્ચના નામે થાય અને કમ્પાઉન્ડનું કામ પૂર્ણ થાય એ માટે. ઓરૈયાના નાના સમૂહો ઓરૈયા, નસિરાબાદ અને સમર્થપુર ખાતે મંડળોમાં પરિવર્તિત થાય એ માટે.

## મધ્યપ્રદેશ

### કડૌરા

### બિમલચંદ્ર મુર્મુ અને છિતામની કિસ્કુ

**સ્તુતિ :** નવા ગામમાં સુવાર્તાનો પ્રચાર કરવામાં આવ્યો હતો. 2 રાત્રિ સભાઓ, 2 સ્થળોએ ગુડ ફ્રાઈડેની સંગત અને 5 સ્થળોએ ઈસ્ટરની સંગત કોઈપણ અવરોધ વિના આયોજીત કરવામાં આવી હતી. કુસ્મરા ગામના પપ્પી અને રામકંટીને પ્રાર્થના દ્વારા સાજાપણું અને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. સુમનને કરવામાં આવેલ ઓપરેશનથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આ નાણાંકીય વર્ષમાં 100 લોકો સુધી પહોંચવાના લક્ષ્યને પૂર્ણ કરવા માટે. કડૌરા ખાતેના વડીલોની તાલીમના કાર્યક્રમ માટે અને ઈટોરા અને ચંદ્રપુર વિસ્તારોમાં સુવાર્તા પ્રચાર કાર્યક્રમ સફળ થાય એ માટે. શિવાની તરફથી વિમલા દેવીના રક્ષણ માટે, જે આઈસીયુમાં સુરક્ષિત છે તેમના સાજાપણા માટે. શિવાની ચર્ચ કમ્પાઉન્ડનું કાર્ય શરૂ થવાનું છે તેમાં કોઈપણ ખલેલ ઊભી ન થાય એ માટે. સેવાકાર્ય તમામ વિરોધી તત્વોથી સુરક્ષિત રહે એ માટે.

### ખાલવા

### ઈસાક આર. અને સીતા ઈસાર

**સ્તુતિ :** તમામ આરાધના સંગતો નિયમિતપણે આયોજીત કરવામાં આવે છે. મહિલાઓની તાલીમ જે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી અને એક દિવસીય વડીલોની તાલીમ જે હસનપુરા ગામમાં કરવામાં આવી હતી જ્યાં 30 વડીલોએ ભાગ લીધો હતો. મુન્નીના પરિવારને વિશ્વાસી સંજયની પ્રાર્થના દ્વારા દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

**પ્રાર્થના :** જમથદ, મોઝવાડી, હસનપુરા અને ગાર્બેબે ગામોમાં યોજાનાર આગામી વીબીએસ કાર્યક્રમ માટે. વિશ્વામાં નબળા પડેલા કદમી, દીપક, સુકરમંદ અને મંગીલાલ વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. કોર્કુ લોકજૂથમાંથી અંધવિશ્વાસ દૂર થાય એ માટે કેમ કે સુવાર્તા માટે તે ઠોકરરૂપ છે. આ સમુદાય ઈસુને સ્વીકારે એ માટે. નવા પરિવારો પ્રભુના સેવાકાર્ય માટે આગળ આવે એ માટે.

JUNE
13
શુક્રવાર

Happy Birthday

શ્રી ગેડ્ડામ શ્રીનિવાસ રાઓ
શ્રીમતી જેબરાની જહોન્સન સંકર
શ્રીમતી સાગરિકા મોહિનિમાલા બીરો

## આસામ

### ગોહપુર

#### નાથાન કુમાર બેબર્તા અને નિરુપોમા બેબર્તા

**સ્તુતિ :** ચાકોલા ગામના એફએમપીબી પ્રાયોજક બિજુ કુતુમના દીકરા સ્ટીફન કુતુમને 10 મા ધોરણની પરીક્ષામાં પ્રથમ નંબર મળ્યો છે. લુઈટમુખ ગામના જાક પટગીરીને પણ 10 મા ધોરણની પરીક્ષામાં પ્રથમ નંબર મળ્યો છે. 40 દિવસના ઉપવાસની પ્રાર્થના સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. અનિલ કામન અને રિમા પટગીરી કુતુમે ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. આપણા ચાર વિશ્વાસી બાળકો 12 મા ધોરણની પરીક્ષામાં પાસ થયા છે.

**પ્રાર્થના :** 10 મા અને 12 મા ધોરણના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મળે એ માટે. નવા આત્માઓ ખ્રિસ્તના વાડામાં ઉમેરાય એ માટે. આગામી કાર્યક્રમો કોઈ પણ મુશ્કેલી વિના આયોજીત થઈ શકે એ માટે. આપણા ચાર સ્વયંસેવકો તેમના પોતાના સમુદાયને ઈસુના રાજ્યમાં લાવવા ઉત્સુકતા બતાવે એ માટે. પંચાયતની ચૂંટણીમાં સારા પરિણામો પ્રાપ્ત થાય એ માટે. આપણા મિશનરીઓનો ઈશ્વરપિતા તેમના રાજ્ય માટે વધુ ઉપયોગ કરે એ માટે. નિરુપોમા બેબર્તાના સાજાપણા માટે. મધુફુલ કારીને યકૃત અને હૃદયની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### જોનાઈ

#### સુનિલ પ્રસાદ અને જોય બેલા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ રાકેશ પેગુનો સર્પદંશમાંથી બચાવ કર્યો હતો. યુવાનોની મીટીંગમાં એક યુવાન મિશનરી તરીકે સેવા આપવા પ્રતિબદ્ધ થયો હતો. નવા ચાર પ્રાર્થના સમૂહો શરૂ કરવામાં આવ્યા હતા. 40 દિવસની પ્રાર્થના, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો આયોજીત કરવામાં આવી હતી. નવા સંપર્કો થયા હતા અને તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** રાકેશ પેગુનું કુટુંબ વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. મીટીંગમાં ભાગ લેનારા યુવાનો પવિત્ર જીવન જીવે એ માટે. સુવાર્તા સાંભળી છે તેઓ ઈસુ ખ્રિસ્તને સ્વીકારે એ માટે. ઘરની છત પરથી નીચે પડેલા ડોલી ચાલવા અને બેસવામાં અસમર્થ છે તેમના સાજાપણા માટે. પીપલગુરી ગામમાં ચર્ચનું બાંધકામ શરૂ થાય એ માટે. વર્ષ 2025-2026 માટે નિર્ધારિત લક્ષ્ય પ્રાપ્ત થાય એ માટે.

JUNE
14
શનિવાર

Happy Birthday

શ્રીમતી લાલમનિ દીગલ

### લખીમપુર

### એરોન સિંગ નર્ઝરી અને રીના બાસુમાટારી

**સ્તુતિ :** વ્યક્તિગત સુવાર્તા પ્રચાર દ્વારા 48 વ્યક્તિઓને સુવાર્તા જણાવી હતી. નવા 8 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી અને 11 ગામોમાં ફોલો-અપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. 9 રાત્રિ સભાઓ અને 11 વિશ્વાસીઓ માટે આત્મિક જાગૃતિની મીટીંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. સમુદાયના લોકો સુવાર્તામાં રસ ધરાવે છે.

**પ્રાર્થના :** 8 ગામોમાં ફોલો-અપ કાર્યની યોજના અને નવા સંપર્કો મળે અને તેમને પ્રભુનો પ્રેમ વહેંચી શકીએ એ માટે. આગામી જીસસ ફિલ્મ નિદર્શન, વડીલોની તાલીમ અને અન્ય કાર્યક્રમો સારી રીતે આયોજીત થઈ શકે એ માટે. જેઓ વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે તેમને માટે. વિશ્વાસીઓની આત્મિક જાગૃતિ અને વૃદ્ધિ માટે. નવા વિશ્વાસીઓ રમેશ તૈડ અને બાબુલ ચુંગક્રાંગ માટે પ્રાર્થના કરો કેમ કે તેઓ સ્વયંસેવકો તરીકે કામ કરવા તૈયાર છે.

## બિહાર

### ચતાપુર

### રવિ કે. અને સુધા રાની એમ, પવાર દિનેશભાઈ

**સ્તુતિ :** મસ્કન અને રાજપુરના દસ સભ્યોએ હિંમતપૂર્વક ઈસુ પર વિશ્વાસ કર્યો છે. લાલપુરના બિસ્નુ સાડાએ તેની જમીન પાછી મેળવી હતી જેના પર અન્ય વ્યક્તિએ ખોટો દાવો કર્યો હતો. પ્રભુના મહિમા માટે ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરના કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજીત કરવામાં આવ્યા હતા. ભાઈ જોગિન્દરની પત્નીને કસુવાવડ પછી ભારે રક્તસ્ત્રાવમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. જકારગંજ ગામમાં ઈશ્વરપિતાએ સુવાર્તા માટે દરવાજા ખોલ્યા છે અને તેમના રાજ્યને વિસ્તૃત કર્યું છે.

**પ્રાર્થના :** પપ્પુ સાડા માટે જે નવા વિશ્વાસીઓને ગેરમાર્ગે દોરે છે અને આરાધનામાં ભાગ લેતા અટકાવે છે. ધર્મેન્દ્ર સાડા માટે જેમની પત્નીએ તેમને છોડી દીધા છે અને સમાધાન કરવાનો ઈનકાર કર્યો છે, બરુન સાડા અને તેના પરિવારને રક્તપિત્તની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિ માટે, તેઓ હાનિકારક ટેવોને દૂર કરે અને ખ્રિસ્તમાં મક્કમ રહે એ માટે. મસ્કનના કેટલાક સમુદાયો પ્રભુના કાર્યને વિક્ષેપિત કરે છે તેમના પસ્તાવા માટે. આપણા ટ્યુશન સેન્ટરોમાં ભાગ લેનારા મસ્કન અને મોહનપુર ગામોના બાળકો જ્ઞાનમાં અને વિશ્વાસમાં વૃદ્ધિ પામે એ માટે. જેરવા ગામના રામવિલાસ માટે જે તેની પત્નીને આરાધના સંગતમાં ભાગ લેવાનો વિરોધ કરે છે. આપણા સ્વયંસેવકોની સલામતી, આરોગ્ય અને મુસાફરી માટે, તેમજ આપણા બાળકો એવિઆના અને આયંશની સુખાકારી માટે પ્રાર્થના કરશો.

JUNE
15
રવિવાર

## Happy Birthday

શ્રીમતી પુનિતા મેઈનરાજ
શ્રી અરુલનંદમ વેંકટેશ એમ.
શ્રી પોન્નુસામી એસ., શ્રી ડેવિડ એસ.
શ્રી દેબદત્તા લિમા, શ્રી હોસેન જેરાઈ
શ્રીમતી આલ્બી ઈવેન્જલિન હેરિસ
કુ. સેલ્વી બર્ધન, શ્રી જ્યોતિ પેગુ
શ્રીબતી લતા ઈસાક ધનાસિંગ
શ્રીમતી મરિયલ કુમારાવેલ

### રાનીગંજ

### અનન્થન એમ. અને નિશા આઈ.

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ નવા ગામ પૂરનિ માં સુવાર્તા માટે દરવાજા ખોલ્યા છે, જ્યાં લોકો ખ્રિસ્તની સુવાર્તા સાંભળવામાં રસ બતાવી રહ્યા છે. પંચુ રીસી, સુધાકર રીસી અને વિજયા રીસીએ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે અને તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. જીસસ ફિલ્મ રાયકા ગામમાં દર્શાવવામાં આવી હતી અને ઈસ્ટરની સંગતનું આયોજન કરવામાં આવ્યું હતું અને લોકોએ ખ્રિસ્તના પુનરુત્થાન વિષે સાંભળ્યું હતું.

**પ્રાર્થના :** સોનુ રીસી દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. ચોન્ટા ગામના લોકો માટે જેઓ દારૂના ઉત્પાદન અને વેચાણમાં રોકાયેલા છે તથા દારૂના વ્યસની છે અને તેના હાનિકારક ગુણથી અજાણ છે. રીસી સમુદાયના લોકો માટે જેમણે તેમના મૂળ સ્થાને સારી નોકરી મેળવવા માટે સ્થળાંતર કર્યું છે.

### ઝારખંડ

### જામા

### મુન્ના મોહિંદર અને સુમિતા દાસ મોહિન્દર

**સ્તુતિ :** 21 લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. વિવિધ સુવાર્તિક કાર્યો દ્વારા 27 ગામોમાં આશરે 2600 લોકોને સુવાર્તા આપી હતી. અરવિંદ કિસ્કુ અને બબલુ કિસ્કુના પરિવારોને ઓટીસીમાં સુવાર્તિકની તાલીમ માટે મોકલવામાં આવ્યા છે. 1250 સુવાર્તિક પત્રિકાઓ અને 10 બાઈબલનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાસિમોની અન્નન દ્વારા આત્માઓ જીતવાની તાલીમ, નાના જૂથના આગેવાનોની તાલીમ અને વિઝન કાસ્ટીંગ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** આ ગામોમાં સક્રિય મેલીવિદ્યાની વિધીઓ બંધ થાય એ માટે. ગામડાઓમાં મૂર્તિપૂજા અને સુવાર્તાનો વિરોધ બંધ થાય એ માટે. પ્રવર્તમાન લકવો, કેન્સર, ટીબી, ખેંચ, ગાંઠ અને માનસિક બિમારીઓમાંથી સાજાપણા માટે. વિશ્વાસીઓ અને મંડળના આગેવાનોના પસ્તાવા માટે જેઓ પૈસા કમાવાની માનસિકતા ધરાવે છે.સુવાર્તિક પરિવારો અને ચર્ચના વડીલો નિષ્ક્રિય થઈ ગયા છે તેઓ જાગૃત થાય એ માટે. સેવા ક્ષેત્રોમાં વધુ સુવાર્તા પ્રચાર થાય એ માટે.

JUNE
16
સોમવાર

Happy Birthday

શ્રી જ્હોન્સન સંકર આઈ.
શ્રીમતી સુશીલા વિજયકુમાર
શ્રી બિનિત પ્રસાદ બર્ધન
શ્રી એલિયા ચંદ્રન એસ.

રામગઢ

## લેટખોલુન બાઈટે અને હાટનેઈકિમ

**સ્તુતિ :** નવા આત્માઓએ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી છે. 6 વિશ્વાસીઓ માટેની શિબિર અને મહિલાઓ માટેની 2 શિબિરોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સિમરા ગામના ઝુમ્બ્રી તુડુ અને મિર્જાટોલા ગામના સન્ડરી મુર્મુને ટાઈફોઈડ અને કમળામાંથી સાજાપણું મળ્યું હતું. કીન્ડવતીકુર ગામના સુરેશ કોલને બાઈક અકસ્માતની ઈજામાંથી સાજાપણું મળ્યું હતું. વિશ્વાસીઓ અને નવા ગામો માટેના વિવિધ તાલીમી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** કિન્ડવતીકુર ચર્ચ કમ્પાઉન્ડની દીવાલના બાંધકામની મંજૂરી અને તે સમયસર પૂર્ણ થાય એ માટે. બોકોવા ગામના કંદેશ તુડુ અને ગુંદ્રુ ગામના રુબીલાલ કિસુને વાઈની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. સિમર ગામની અનિકા સોરેન અને ચાંદની ચોકના સુશીલ કિસુને લકવો અને ડાયાબિટિઝની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. રોનબહોર ગામના શ્રીરામ હેમ્બ્રોમનો પરિવાર સુવાર્તામાં રસ ધરાવે છે અને ટૂંક સમયમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે.

લાલમટિયા

## અમરેન્થિરન અને ગૌરવમ્મા

**સ્તુતિ :** ત્રણ લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો હતો અને તેમની જૂની જીવનશૈલી ત્યજી દીધી હતી. ઘણા વિશ્વાસીઓએ લેન્ટના દિવસો દરમિયાન 40 દિવસના ઉપવાસ કર્યા હતા જેનાથી તેઓની આત્મિક વૃદ્ધિ થઈ હતી. દર મંગળવારે વિશ્વાસીઓ દ્વારા હોસ્પિટલ સેવાકાર્ય કરવામાં આવે છે. ચિત્તકુત્તી ગામમાં નવા બે પરિવારોએ ચર્ચમાં આવવાનું શરૂ કર્યું છે. મચિગ ગામની નીલમને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્ત કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** સુવાર્તિક સિલાસના પરિવારને બાળકોનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. સુસાનથી પ્રાર્થના કરે છે અને સુવાર્તામાં રસ ધરાવે છે પરંતુ તેનો પતિ તેનો વિરોધ કરે છે, તેમના પસ્તાવા માટે. મહાદેવ બાથન ગામના વિસા અને નિકોલસ દારૂના વ્યસનમાંથી મુક્ત થાય એ માટે. 5 વર્ષથી બોલવામાં અસમર્થ અનિતા મુર્મુના સાજાપણા માટે. બુંદાઈ ગામની મોનિકા મરાંડીને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. બાલકોમી ગામના બાળકો હાડકા સંબંધિત બિમારીઓથી ગ્રસિત થાય છે અને વહેલા મૃત્યુ પામે છે. સમુદાયમાં આ રોગની નાબૂદી માટે પ્રાર્થના કરશો.

**JUNE 17**
મંગળવાર

## Happy Birthday

શ્રી એડવિન આર., શ્રી રાજદુરાઈ એન.
શ્રીમતી કવિતા અનિલ કુમાર

**બરહરવા**

**મલ્લા વિદ્યાસાગર અને દીપીકા રાની પાનિ**

**સ્તુતિ :** રાણીપુર ક્ષેત્રમાં માલ સમુદાયના 16 લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો. ઝિકિતા, ગુમાની અને રાનીપુર મંડળોમાં 3 દિવસની ઉપવાસ પ્રાર્થના અને ગુડફ્રાઈડે તથા ઈસ્ટરની સંગતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝિકિતા ચર્ચનું બાંધકામ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. પ્રાયોજક જૂથ માટે પ્રભુની સ્તુતિ થાઓ. બાઈક અકસ્માતમાંથી આપણા વિશ્વાસીના પુત્રનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** ઉષા ગુપ્તાના પુત્રને યોગ્ય જીવનસાથી મળે એ માટે કારણ કે તેણી ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે તેથી લોકો તેમની પુત્રીઓ આપવાનો ઈનકાર કરે છે. આપણા સ્વયંસેવક શ્રી ડેવિડ માલ્ટોના સાજાપણા માટે. આપણા શોધકમિત્રો માટે : ઈવા, કૃષ્ણ માલ, બબ્લુ સાહ, વિશુ દાસ અને મનોજ. સુવાર્તા પ્રચાર સેવાકાર્ય માટે લક્ષિત ગામો માટે પ્રાર્થના કરો.

**સેંટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ**

**વિક્ટર જયસીલેન સી અને પ્રિન્સેસ, સ્ટાલિન જીવા અને જ્ઞાના સેલ્વા રાની, મર્સી એમ. એચ., સુવાજી, જયશ્રી**

**સ્તુતિ :** મિશનરીઓને ખદીથી પાંડેની જવા માટે અને શાળામાં તેમના શિક્ષણની જવાબદારી શરૂ કરવામાં ઈશ્વરપિતાએ મદદ કરી હતી. 6 થી 9 મા ધોરણના તમામ વિદ્યાર્થીઓને આગામી ધોરણમાં બઢતી આપવામાં આવી છે. ઈશ્વરપિતાએ આ ઉનાળામાં વિવિધ માંદગી અને જોખમોથી સ્ટાફ અને વિદ્યાર્થીઓનું રક્ષણ કર્યું છે.

**પ્રાર્થના :** તમામ વિદ્યાર્થીઓ જેઓએ વાર્ષિક પરીક્ષાઓ આપી છે તેમના સારા પરિણામ માટે. બોર્ડ પરીક્ષાઓમાં પાસ થનારા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સારી શાળાઓ અને કોલેજોમાં પ્રવેશ મળે એ માટે. જે વિદ્યાર્થીઓ ઉનાળાના વેકેશનમાં તેમના ગામોમાં ગયા છે તેમના આરોગ્ય અને સલામતી માટે અને તેઓ તેમના ગામમાં તેમની સાક્ષી આપે એ માટે. પ્રાર્થના કરો કે મિશનરી શિક્ષકો અને સ્થાનિક શિક્ષકો ઈશ્વરની ઈચ્છા મુજબ વિદ્યાર્થીઓને દોરવણી, શિક્ષણ અને ડહાપણ આપે.

**ભગૈયા**

**જેબાકુમાર પેરિયાસામી અને પોનલતા**

**સ્તુતિ :** 14 ગામોમાં જીસસ ફિલ્મ દ્વારા સુવાર્તા આપી હતી જેના દ્વારા ઘણાને ઈશ્વરના પ્રેમ વિષે ખબર પડી અને લગભગ 5 પરિવારોએ ઈસુ વિષે જાણવાની રુચિ બતાવી છે. આપણા વિશ્વાસીઓ નરેશ અને ગીતાએ ચર્ચ માટે રસોઈના વાસણો આપ્યા છે. આપણા મિશનરીના બાળકો આ ઉનાળાના વેકેશનમાં દોનાવુરથી તેમના માતાપિતા સાથે સલામત રીતે આવ્યા છે.

**પ્રાર્થના :** બજરંગીનો પરિવાર સુવાર્તામાં રસ બતાવી રહ્યો છે પરંતુ બજરંગી વિરોધ કરી રહ્યો હોવાથી પરિવારના સભ્યો ખ્રિસ્તને સ્વીકારવામાં અચકાય છે. આપણા સુવાર્તિક સુશીલ લક્ટાએ ચર્ચ બનાવવા માટે તેમની જમીનનો આગળનો ભાગ આપ્યો છે. ચર્ચનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થાય એ માટે. પશ્ચિમ બંગાળના પ્રદેશમાં નવા ક્ષેત્ર ખોલવાના પ્રયત્નો ફળ આપે એ માટે.

JUNE
18
બુધવાર

*ઉપવાસ સહિત*
*પ્રાર્થના દિવસ*

Happy Birthday

કુ. રંધોન મુર્મુ

## પશ્ચિમ બંગાળ

### ઈટાહાર

### અસ્તાબન આદિત્ય કુમાર લિમ્મા અને માનીની કુમારી

**સ્તુતિ :** હટમુચડા અને ઉજન્ટોર ગામોના 3 લોકોએ ઈસુ પર વિશ્વાસ કર્યો છે અને તેમની જૂની જીવનશૈલી છોડી દીધી છે. અમે 24 ગામોમાં 6 રાત્રિ સભાઓ, 10 જીસસ ફિલ્મ કાર્યક્રમો અને 5 સામુહિક સુવાર્તા પ્રચાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. બેલ્બાદી ગામમાં આયોજીત વિઝન કાસ્ટીંગ કાર્યાક્રમમાં 25 લોકોએ ભાગ લીધો હતો. લેકરા ગામના જ્હોન સોરેનને મરડામાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું પ્રાપ્ત થયું હતું. સોનાડાંગીના સંધિમુની સોરેન અને હટમુચડા ગામના સંજલી હેમ્બ્રોમને જેમને પેટના તીવ્ર દુઃખાવામાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** કુસબોના ગામ અને બાલાબોન ગામના લોકો ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. ઉજન્ટોર ગામના લોકો સુવાર્તામાં રસ ધરાવે છે તેઓ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ માટે. કબીરાજ મુર્મુએ સર્જરી કરાવી છે તેમના સાજાપણા માટે.

### પકુઆહટ

### એ. રામકૃષ્ણ એલિયા અને અંજલિ દેવી

**સ્તુતિ :** સિલટાની ગામના લોકોએ રાજન સોરેનનો ગામમાંથી બહિષ્કાર કર્યો હતો તેમ છતાં તેમના લગ્ન ગામમાં સારી રીતે સંપન્ન થયા હતા. પામ સન્ડે દરમિયાન ગામના યુવાનો વિશ્વાસીઓને મારવા માગતા હતા, પરંતુ ઈશ્વરપિતાએ તેમની રક્ષા કરી હતી. રાજીવ મુર્મુની પત્ની બોલવામાં અસમર્થ હતી પરંતુ ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. સિલ્ટાની ગામમાં પામ સન્ડે, ગુડ ફ્રાઈડે તમામ મંડળોમાં અને લીમદંગા મંડળમાં ઈસ્ટરની સંગતનું કોઈપણ સમસ્યા વિના આયોજન કરવામાં આવ્યું હતું. લીમદંગા ગામના તુલસી તુડુને હાથ પરની ગાંઠમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું અને ઈસ્ટરના રવિવારે સાક્ષી આપી હતી. કોમલ મુર્મુ, માલિની તુડુ, કરુ હંસદા, મિથુન મુર્મુ અને બીના મુર્મુ સ્થળાંતરના કામેથી સુરક્ષિત રીતે પાછા આવ્યા છે.

**પ્રાર્થના :** સુસીલાના ભાઈના પસ્તાવા માટે જે આપણા વિશ્વાસીઓને ખ્રિસ્તથી દૂર કરવા માટે સતાવણી કરે છે. અમિત સોરેન અંધ અને મૂંગા છે તેમના સાજાપણા માટે. મુત્રુદંગા ગામના વિશ્વાસીઓ રવિવારની સંગતમાં નિયમિતપણે ભાગ લે એ માટે. સોનાલી તુડુ તેના માતા-પિતા માટે સાક્ષી બને એ માટે કે જેઓ હજી પણ પ્રભુથી દૂર છે. સુનિલ મુર્મુ ઘરે પાછો આવે એ માટે કે જે તેના ઘરમાં 4થી બાળકીનો જન્મ થતા ઘર છોડીને ચાલ્યો ગયો હતો. ગામના લોકો ગામના ગુરૂને બોલાવવા દબાણ કરતા હતા તેમ છતાં શ્રી અને શ્રીમતી ગોપિન બેસરાએ તેમની બિમારીમાંથી સાજાપણા માટે સ્થાનિક સુવાર્તિકને બોલાવ્યા હતા. તેઓ વિશ્વાસમાં મજબૂત રહે એ માટે. મોંગલ બેસરા અને સુજોન હેબ્રોમના પરિવારો વિવાદોને કારણે અલગ થયા છે. ગોપાલપુર ગામના પૂનમ ઓરાવન માટે જે પરિવારના સંબંધીઓના વિરોધને કારણે રવિવારની સંગતમાં ભાગ લેતા નથી.




Happy Birthday

શ્રી સેલ્વીન જેસુદાસ

શ્રીમતી જોતિલક્ષ્મી ઈમાન્યુએલ કાર્થી

## બેલુરઘાટ

### કિંગ્સ્લી લિવિંગસ્ટન આર. અને ડેલ્ફિન કિંગ્સ્લી

**સ્તુતિ :** 2 વ્યક્તિઓએ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો હતો. ઈશ્વરપિતો અમને સુવાર્તા પ્રચાર, 130 ઘરોની મુલાકાત, 12 રાત્રિ સભાઓ, 3 સામુહિક સુવાર્તા પ્રચાર અને 3 જીસસ ફિલ્મ નિદર્શન અને 9 ગામોની મુલાકાત લેવા સક્ષમ કર્યા હતા. આ પ્રયત્નો દ્વારા અમે 800 લોકો સુધી પહોંચીને 700 પત્રિકાઓનું વિતરણ કરી શકયા હતા. બેલેનરીયાના વિશ્વાસીઓ સુવાર્તિક નયન હંસદાના માર્ગદર્શન દ્વારા તેમના સંબંધીઓ અને પડોશીઓને ઉત્સાહપૂર્વક સુવાર્તા પ્રગટ કરી રહ્યા છે. સ્વાપમ કિસ્કુ પરિવાર ચર્ચના વડીલો તરીકે આપણા વિશ્વાસીઓને દોરવણી આપવા તૈયાર છે. બોનહટ ગામમાં લુખીરામ હેમ્બ્રોમને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. હવે તે ખ્રિસ્તને તેના અંગત તારનાર તરીકે સ્વીકારવાની રુચિ બતાવે છે.

**પ્રાર્થના :** દુલાન હસદા, કેન્ડોન હસદા, પ્રિસેન્ટો હેમ્બ્રોમ, લુકિરામ હેમ્બ્રોમ, અમોલ, સોરેન અને મરિયમ કિસ્કુના પરિવારો ખ્રિસ્તને તેમના તારનાર તરીકે સ્વીકારવામાં રસ ધરાવે છે. લકવાથી આપણા વિશ્વાસીઓ, સુબ્રાટો હેમ્બ્રોમ અને શુસન્ટો માર્ડીને સાજાપણું મળે એ માટે. દારૂના વ્યસનમાંથી સ્વર્ના મુર્મુને મુક્તિ મળે એ માટે. આગામી મેળાવડા અને કાર્યક્રમો કોઈપણ અવરોધ વિના આયોજીત થઈ શકે એ માટે. મિશનરીઓ, સુવાર્તિક પરિવારો અને ચર્ચના વડીલોના પરિવારોને પવિત્ર આત્માની શક્તિ પ્રાપ્ત થાય અને સેવાકાર્યમાં વૃદ્ધિ થાય એ માટે. ઈશ્વરપિતા આપણા મિશનરીના બાળકો કેવિન રોય અને કેશિકાની સંભાળ રાખે એ માટે કારણ કે તેઓ વેકેશનના સમયગાળા માટે તેમના માતાપિતા સાથે છે.

## કરનદીઘી

### કાઈથિએનગિન વાઈફેઈ અને મેલોડી ડીમસોનટિંગ

**સ્તુતિ :** નવા 14 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી જેમાં 560 લોકોએ પ્રભુના વચનો સાંભળ્યા હતા. ઈશ્વરપિતાએ અમને 10 ગામોમાં રાતની સભાઓ કરવામાં સક્ષમ બનાવ્યા હતા. કુંદરગાઓ ખાતે કાચા પ્રભુમંદિરનું સમર્પણ 20 મી એપ્રિલ, 2025ના રોજ કરવામાં આવ્યું હતું. નવા વિશ્વાસીઓ સુવાર્તા પ્રચાર કાર્ય કરે છે. કુંદરગાઓ ગામના વિશ્વાસીઓ મરંગમી મુર્મુને પ્રાર્થના દ્વારા શરીરના સોજામાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** આપણા સ્થાનિક સુવાર્તિક જેઠા હેમ્બ્રોમ વિશ્વાસપૂર્વક પ્રભુનું સેવાકાર્ય કરે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા વિજય મુર્મુ અને સિબુ બાસ્કીના પરિવાર વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય એ માટે. 10 ગામોમાં રાત્રિ સભાઓ અને 8 ગામોમાં જીસસ ફિલ્મ નિદર્શનનું સફળતાપૂર્વક આયોજન થાય એ માટે. આ મહિને 12 વ્યક્તિઓ ખ્રિસ્તનો સ્વીકાર કરે એ લક્ષ્યાંક પૂર્ણ થાય એ માટે. સોહરગાઓ ગામના નવા વિશ્વાસીઓ માટે જેઓનો ખ્રિસ્ત પરના વિશ્વાસને કારણે બહિષ્કાર કરવામાં આવ્યો છે. આ ક્ષેત્રમાં સ્થાનિક સુવાર્તિકોની તાત્કાલિક જરૂરિયાત માટે. આપણા વિશ્વાસીઓ અન્ય વિશ્વાસીઓને સારુ ઉદાહરણ બેસાડી શકે એ માટે, જેથી તેઓ પણ ઈસુનો સ્વીકાર કરે.

JUNE 20
શુક્રવાર

Happy Birthday

શ્રી કાર્તિકેયન એસ., શ્રી વિજયકુમાર આર.
શ્રી ક્રિષ્ન કુમાર, શ્રી લુંજલાલ સોંગથાટ
શ્રી બસવરાજ કે., શ્રી બુપથી પી.

**સામસી**

### દીપરત્ના અને મિથિલેશ

**સ્તુતિ :** ચાર ઓરાઓન પરિવારે તેમના નવા વિશ્વાસની કબૂલાત કરી છે. 15 સુવાર્તા પ્રચારની સભાઓનું સરળતાથી આયોજન કરવામાં આવ્યું હતું. લખી ઓરાઓનને લોહીની ઊલટી અને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. ઈશ્વરપિતાએ ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર પર કાર્યક્રમો યોજવા સહાય કરી હતી અને વિશ્વાસીઓએ ઈસુના પુનરૂત્થાનના આનંદ માટે વહેલી સવારે કેન્ડલ માર્ચ કરી હતી.

**પ્રાર્થના :** આગામી સામુહિક સુવાર્તા પ્રચાર કાર્યક્રમ માટે, આખી રાત્રિની પ્રાર્થના, મહિલાઓની પ્રાર્થના બેઠક, યુવા બાઈબલ અભ્યાસ અને વીબીએસના કાર્યક્રમો માટે પ્રાર્થના કરશો. આ મોટા કાર્યક્રમો માટે જેમાં 6 ગામોમાં નાટક દ્વારા સુવાર્તા પ્રચાર કરીને લોકોને ખ્રિસ્ત વિષે જાણકારી આપીશું. વારી મંડળને ચર્ચ બનાવવા માટે જમીન મળે એ માટે. સામસી નજીકના પરાક્રમ ગામના લોકોને ઈસુની સુવાર્તા જણાવી શકીએ એ માટે.

**માલદા**

### ઉદિસા કુમાર બાગ અને સુરજ્યાકાંતિ બાગ

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી લગ્નની સંગત સફળતાપૂર્વક અને શાંતિપૂર્વક સંપન્ન થઈ હતી. ઈશ્વરપિતાએ સમાઈ પહરિયાને બાઈક અકસ્માત અને સર્પદંશમાં રક્ષણ પૂરૂ પાડ્યું હતું. ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો સફળતાપૂર્વક આયોજીત કરી શક્યા હતા. ઈશ્વરપિતાએ તમામ વિશ્વાસીઓ, સ્થાનિક સુવાર્તિકો અને સ્વયંસેવકોને સારૂ સ્વાસ્થ્ય અને રક્ષણ પૂરા પાડ્યા હતા.

**પ્રાર્થના :** પેન્થેની સ્કૂલ અને હોસ્ટેલમાં જવાની તૈયારી કરી રહેલા બાળકો માટે. આ નાણાંકીય વર્ષનું લક્ષ્ય પ્રાપ્ત થાય એ માટે. આ મહિનાના આગામી કાર્યક્રમોના આયોજનો માટે. સુદાની, શીતલાપુર વિસ્તારના ઘણા લોકો ખ્રિસ્તના વાડામાં ઉમેરાય એ માટે.

### એક નવું હૃદય

કર્ણાટકના માલુર ક્ષેત્રમાં, તનુશ્રી બિન વિશ્વાસી પરિવારના 3 વર્ષના બાળકના હૃદયમાં છિદ્ર હતું. પરિવાર જયમંગલા ગામમાં રહે છે જ્યાં આપણું સ્થાપિત મંડળ છે. તેની માતા તનુશ્રીને મંડળની આરાધના સંગતમાં લાવવામાં આવી હતી. ડોક્ટરોએ તેણીને કહ્યું હતું કે તનુશ્રીને જીવવા માટે ફક્ત 2 અઠવાડિયા છે. મંડળે તેના માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ પ્રાર્થના સાંભળી. તનુશ્રી હવે ઈશ્વરપિતાની કૃપાથી સ્વસ્થ થઈ રહી છે અને તેઓ નિયમિતપણે મંડળીની સંગતમાં ભાગ લે છે.

JUNE 21
શનિવાર

Happy Birthday

શ્રીમતી ગેટ્રિઝિયા પોલરાજ., શ્રી જહોન કુમાર સી.
શ્રીમતી સુરેવા માર્થાબેન બોદાર

## રાનીગંજ (નવું)

### જેરાલ્ડ ઝેવિયર અને જ્યોત્સના

**સ્તુતિ :** નવા 6 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. 7 વર્ષની છોકરી ધિસા બૌરીને ઉચ્ચ તાવ આવતા વિશ્વાસીઓએ ઉપવાસ સહિત પ્રાર્થના કરતા તેને સાજાપણું મળ્યું હતું. નવા પરિવારો પ્રાર્થનામાં ભાગ લે છે અને ઈસુ પર વિશ્વાસ કરે છે. ઈશ્વરપિતાએ અમને 2 સ્થળો – બોગરા અને પરસુંડીમાં પ્રાર્થના સંગત શરૂ કરવા સક્ષમ બનાવ્યા હતા. સંપર્કો અને સંબંધો દ્વારા સુવાર્તા પ્રચાર વિસ્તરી રહ્યો છે. ઈશ્વરપિતાએ તેમના દૂતોને મોકલીને 2 મોટા અકસ્માતોમાંથી મિશનરીઓનો બચાવ કર્યો હતો. ઉતુલ બૌરી સેવાકાર્યમાં ખૂબ મદદ કરે છે પરંતુ તે બેકાર હતો અને ઘણું સહન કરતો હતો. ઈશ્વરપિતાએ તેને નોકરી મેળવી આપી છે.

**પ્રાર્થના :** નવા પરિવારો પ્રાર્થનામાં ભાગ લે છે તેઓ ખ્રિસ્તને તારનાર તરીકે સ્વીકારે એ માટે તેમના હૃદયો પરિવર્તિત થાય એ માટે. ઈસુનો સ્વીકાર કરવા તૈયાર હોય તેવા લોકોના તમામ બંધનો તૂટી જાય એ માટે.14 વર્ષથી જન્મથી અપંગ અનિખેટના સાજાપણા માટે. લગભગ 50 લોકો સાજાપણાની રાહ જોઈ રહ્યા છે તેમના સાજાપણા માટે, જે ઈસુને સ્વીકારવાનું એક કારણ બનશે. વૃદ્ધ ઉતુલ બૌરીના સાજાપણા માટે જેમણે સાંભળવાની શક્તિ ગુમાવી છે. નવા ગામ ઉખરામાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. પૂજા પારિવારિક વિવાદનો સામનો કરી રહી છે, ઈશ્વરપિતા દખલ કરીને તેના પરિવારમાં શાંતિ લાવે એ માટે.

## છત્તીસગઢ

## હટ્ટી

### દિનેશ કુમાર અને નીત

**સ્તુતિ :** નવા પરિવારો જોકેડા અને જામ્બોની ગામોમાં આરાધના સંગતોમાં ભાગ લઈ રહ્યા છે. નવા 6 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. મગન્દ લોકજૂથનો એક પરિવાર આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યો છે. ઈશ્વરપિતાએ રામશીલાને સારા જીવનસાથીનો આશીર્વાદ આપ્યો હતો. 2 દિવસીય ઉપવાસ સહિતની પ્રાર્થના અને રવિવારની તમામ સંગતો સારી રીતે આયોજીત થઈ હતી અને આશીર્વાદિત બની હતી.

**પ્રાર્થના :** આપણા નવા સંપર્કો રાના ઝમલી, જગદીશ અને તેના ભાઈ પ્રદીપ પ્રભુનો સ્વીકાર કરે એ માટે. ઈશ્વરપિતા સેવાકાર્યમાં ટેકો આપવા નવા 2 સ્થાનિક સુવાર્તિકો ઊભા કરે એ માટે. પીડીયા ચર્ચના તમામ સભ્યો સંગતોમાં ભાગ લે એ માટે. આ નાણાંકીય વર્ષ માટેના લક્ષ્યાંકો પૂર્ણ થાય એ માટે.

JUNE
22
રવિવાર

Happy Birthday

શ્રી શનમુગમ આર.એસ.
કુ. એવલિન પકિઆ
શ્રી મહેન્દ્રન એ.
શ્રીમતી રિશ્મરાની અભિગલ ખરા

## ઓરિસ્સા

### જગનાથપુર

### બાસુદેવ માલ્ટો અને બસન્તી માલ્ટો

**સ્તુતિ :** તમામ ચર્ચોના સ્થાનિક સુવાર્તિકો માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુના મહિમા માટે સુવાર્તા પ્રચાર સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. બારાજહમદા ગામમાં યોજાયેલ મહિલા શિબિરમાં 350 મહિલાઓએ પ્રભુના વચનો સાંભળ્યા હતા. થિરિપુર, પરબસૈયા અને કિટિકેન્ડુ ગામોમાં સખત વિરોધની વચ્ચે વિશ્વાસીઓ વિશ્વાસમાં મજબૂત રહ્યા છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા ડોન્ડો અને થોવરસાઈ પંથકના આગેવાનો દ્વારા સ્થાનિક સુવાર્તિકો અને સુવાર્તા પ્રચારના સેવાકાર્યોના પ્રયત્નોને વિશ્વાસીઓ સાથે મળીને ફળદાયી બનાવે એ માટે. કિટીકોન્ડ ગામના બિજે, થ્રીયા, કાઆનુ અને લાહોરી વિરુદ્ધના કેસો સકારાત્મક ચુકાદા સાથે ઝડપથી સમાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા સેન્ટલ્સ, હો, કોફે, લોહર અને ઓડિયા લોકજૂથો મધ્યેના સેવાકાર્યને આશીર્વાદ આપે એ માટે, જે નક્સલ પ્રભાવિત સરાન્ડાના જંગલોમાં રહે છે, તેઓને પણ ખ્રિસ્તના પ્રેમનો સ્પર્શ થાય એ માટે.

## ગુજરાત

### સુરત

### રેવ. માધવરોય (નિવૃત્ત) અને ઝેબથાંગમ

**સ્તુતિ :** 7 વ્યક્તિઓ તેમના વિશ્વાસની કબૂલાત માટે તૈયાર છે. મોનિશભાઈને પગના કેન્સરમાંથી સાજાપણું મળ્યું હતું અને ચાલીને સંગતમાં આવે છે. અમને ઈશ્વરપિતાએ રાત્રિ સભાઓ, બાઈબલ અભ્યાસ દુઃખ સહન સપ્તાહની રાત્રિ સભાઓ, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો અને મોડી રાતની મુસાફરી દરમિયાન રક્ષણ પૂરૂ પાડ્યું હતું. આપણા વિશ્વાસીઓને 40 દિવસની ઉપવાસ સહિતની પ્રાર્થના સાંકળમાં ભાગ લેવા સક્ષમ બનાવ્યા હતા. ઈશ્વરપિતાએ અમને જામનગરના હોમના નવીનીકરણ કાર્ય શરૂ કરવા નાણાં અને પરવાનગી પ્રાપ્ત કરવા સક્ષમ કર્યા હતા.

**પ્રાર્થના :** જેઓ તેમના વિશ્વાસની કબૂલાત કરવા તૈયાર છે તેમને માટે. અર્જુનભાઈને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે અને તેમની પત્ની અનિતાબેનને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. સોનીબેનને અકસ્માતમાં ગંભીર ઈજા થઈ છે અને સીવીલ હોસ્પિટલમાં દાખલ છે તેમના સાજાપણા માટે. ગીથાબેનના પુત્ર કૃણાલને ખોટા આરોપમાંથી મુક્ત કરવામાં આવે એ માટે.

JUNE
23
સોમવાર

Happy Birthday

શ્રીમતી મીના કિંગસ્લી ઈસાક જહોન્સન
શ્રીમતી પ્રબિના રાની બિસ્વો રંજન
શ્રી રામસામી વી. જેરોમ

## ખેરગામ છાત્રાલય

### કુમારન જી. અને જેલિન કે.

**સ્તુતિ :** છાત્રાલયના વિદ્યાર્થીઓએ તેમની પરીક્ષામાં સારા પરિણામો મેળવ્યા છે તેઓ કોઈપણ અવરોધ વિના તેમનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી શકે એ માટે. ગરમ વાતાવરણ હોવા છતાં ઈશ્વરપિતાએ છાત્રાલયના બાળકોનું રક્ષણ કર્યું છે. મુંબઈ પ્રાર્થના જૂથના આગેવાનોએ છાત્રાલયની મુલાકાત લીધી હતી અને બાળકો સાથે સમય પસાર કર્યો હતો. શૈક્ષણિક વર્ષ દરમિયાન તમામ પ્રકારની સમસ્યાઓ દૂર કરવા માટે ઈશ્વરપિતાનો આભાર.

**પ્રાર્થના :** સુસીલાબેનને ગર્ભાશયની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. મેહુલના પગમાં ઈજા થઈ છે અને 3 ટાંકા આવેલા છે તેના સાજાપણા માટે. કરણ અને અર્પિતના પગ પર થયેલા ફોલ્લામાંથી સાજાપણું મળે એ માટે. આશિષને કાનના દુઃખાવામાંથી અને વિકીન્સીવા અને ડિલસનને એલર્જીમાંથી સાજાપણું મળે એ માટે. વોર્ડનની પોસ્ટ માટે સમર્પિત સ્ટાફ અને છાત્રાલય માટે રસોઈયા પ્રાપ્ત થાય એ માટે.

## ક્વાંટ

### અખિલેશ કુમાર અને કિરન દેવી

**સ્તુતિ :** 15 લોકોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને તેમના વિશ્વાસની કબૂલાત કરવા તૈયાર છે. મહુદાબરી ગામના આપણા વિશ્વાસી સૈલેશભાઈ 40 દિવસથી પેટમાં દુખાવો હતો. લેન્ટના દિવસો દરમિયાન તેમણે તેના માટે પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ તેમની પ્રાર્થના સાંભળી અને તેમને સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું. નવા 3 ગામોમાં 300 લોકોને સુવાર્તા પ્રગટ કરી હતી. સુમિતભાઈને ત્રણ અઠવાડિયાથી પેશાબમાં લોહી જતુ હતું હવે પ્રાર્થનાઓ દ્વારા તેમને સારું થઈ રહ્યું છે. કોડીયા વશાત ગામના વિશાલભાઈને 8 મહિનાથી ફોલ્લાની તકલીફમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું છે.

**પ્રાર્થના :** તારાસ્વ ગામના આપણા વિશ્વાસીઓ જયરામભાઈ, ગીતાબેન, સુનિલભાઈ અને રમેશભાઈને કાનના ચેપથી સાજાપણું મળે એ માટે. અમે સુવાર્તા પ્રચાર માટે ઉમ્બલા ગામ ગયા હતા ત્યાં 15 લોકોએ ભેગા થઈને અમને ગામમાં બેસવાની કે પ્રવેશવાની મંજૂરી આપી ન હતી, ગામના લોકો પસ્તાવો કરે એ માટે. કેશરપુરા ગામના રેખાબેનને ટ્યુમર માટે 3 ઓપરેશન થઈ ચૂક્યા છે, હવે બીજી નસોને નુકસાન થતાં ચોથુ ઓપરેશન કરવા કહેવામાં આવ્યું છે. આપણા વિશ્વાસી સેવિબેનને સાજાપણા માટે, જે છેલ્લા 5 મહિનાથી તેમના પેશાબમાં લોહી જવાની સમસ્યાથી પીડિત છે. આગામી વીબીએસ, કૌટુંબિક સભાઓ અને યુવાનોની મીટીંગ કોઈપણ અવરોધ વિના આયોજીત થઈ શકે એ માટે.

**JUNE 24**
મંગળવાર

Happy Birthday

શ્રી પોલરાજ અબ્રાહમ પી.
શ્રીમતી રશ્મિતા રાની રાઉત હેમન્તા

## નસવાડી

### હેનરી સોલોમન અને એન્જલ જેબા

**સ્તુતિ :** નવા 2 ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.નવા 23 લોકો અને 2 પરિવારોએ આતુરતાપૂર્વક સુવાર્તા પ્રાપ્ત કરી છે. 5 સ્થળે ગૃહ પ્રાર્થના કરવામાં આવી હતી અને ઈશ્વરપિતાએ આપણા સ્થાનિક સુવાર્તિકોને 43 પરિવારોની ગૃહ મુલાકાત લેવા મદદ કરી હતી. 9 સ્થળે મહિલા પ્રાર્થના જૂથો શરૂ કરવામાં આવ્યા હતા. રેલીયંભા ગામમાં વડીલો અને સ્થાનિક સુવાર્તિકોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા ક્ષેત્રના યુવાનો માટે 2 ઓનલાઈન પ્રાર્થના મીટીંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ વજીયાભાઈના પરિવારને અકસ્માતથી બચાવ્યા હતા. ઈશ્વર જીતેન્દ્રના પરિવારને વિરોધી લોકો પ્રત્યે પ્રેમ બતાવવામાં મદદ કરી હતી. આવો આપણે ગુડ ફ્રાઈડે અને પુનરુત્થાનના રવિવારની સેવાઓ દરમિયાન તેમની હાજરી, શંતિ અને સુરક્ષા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ.

**પ્રાર્થના :** ગડી ગામના કામાભાઈ, જંતર ગામના હુનજીભાઈ અને દીવાતીભાઈ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારવા તૈયાર છે. ગનરવત ગામના લોકોએ સુવાર્તા પ્રાપ્ત કરી છે તેઓ ઈસુ ખ્રિસ્તને સ્વીકારે એ માટે. પિસાઈડા ગામના નવા વિશ્વાસી દીપાબેન અને મથાસકલ ગામના રસલભાઈને માનસિક બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આગામી 5 ગામોમાં આયોજીત વીબીએસના કાર્યક્રમ માટે. ઉનાળાના વેકેશનના સમયમાં છાત્રાલયના બાળકોના આત્મિક જીવન માટે. આવો આપણે આગામી કૌટુંબિક મીટીંગ અને ક્ષેત્ર મુજબના વિશ્વાસીઓના મેળા માટે પ્રાર્થના કરીએ.

## મોટાપોંડા

### મરકુસ માલ્ટો અને સારા માલ્ટો

**સ્તુતિ :** 14 લોકોએ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો અને તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. પ્રભુના વચનો વાંચવા અને જાણવા આવતા નવા લોકો માટે અમે નવા 3 ગુજરાતી બાઈબલ આપી શક્યા હતા. ધડદકુવા ગામના રાજેશભાઈ અને કલાબેન પ્રભુમંદિરમાં આવે છે અને શાંતિ મેળવવામાં સક્ષમ છે. તમામ મંડળોએ પામ સન્ડે અને ઈસ્ટરની સંગતોની ઉજવણી કરી હતી. 300 થી વધુ લોકો ચિવલ ચર્ચમાં એકત્ર થયા હતા અને ઘણા લોકોએ ઈસુને પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. ઘરોની મુલાકાત દ્વારા 25 લોકોને સુવાર્તા જણાવી હતી.

**પ્રાર્થના :** વિશ્વાસમાં નબળા પડેલા લોકો વિશ્વાસમાં પુનઃસ્થાપિત થાય અને ચર્ચમાં ભાગ લે એ માટે. ઈશ્વરપિતા તેમના વિશ્વાસને નવીનીકરણ કરે એ માટે પ્રાર્થના કરો. નવા 5 પરિવારો સુવાર્તા પ્રત્યે સકારાત્મક પ્રતિસાદ આપી રહ્યા છે. આગામી વીબીએસના કાર્યક્રમ માટે ઈશ્વરપિતા તમામ જરૂરિયાતો પૂર્ણ કરે અને બાળકો ઈસુનો સ્વીકાર કરે એ માટે. યુવા મીટીંગ અને વિશ્વાસીઓના પરિવારોની આત્મિક જાગૃતિના કાર્યક્રમો આશીર્વાદિત બની રહે એ માટે.




ઉપવાસ સહિત
પ્રાર્થના દિવસ

Happy Birthday

શ્રીમતી જેનિલા પોન મલાર સેલિન

શ્રીમતી પ્રિયા હેઝી એલેક્સ

### સિલ્વાસા

### ડેવીડસન રાજાસિંગ અને કનમની

**સ્તુતિ :** કલ્પેશભાઈને સતત પ્રાર્થના દ્વારા કિડનીની બિમારીમાંથી સાજાપણું મળ્યું હતું. વાસણા ગામના જ્યોતિબેને જ્યારે ઉપવાસ સાથે પ્રાર્થના કરી ત્યારે તેણીને છાતીના દુખાવામાંથી સાજાપણું મળ્યુ હતું. નાના રન્થા ગામમાં યુવા મીટીંગમાં ભાગ લેનારા 200 યુવાનોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

**પ્રાર્થના :** ડુથી અને કાંસ ખાતેના પ્રભુમંદિરો પ્રભુમાં આત્મિક વૃદ્ધિ પામે એ માટે. ઈશ્વરપિતા દીલીપભાઈ અને અંજલિબેનના પરિવારને બાળકનો આશીર્વાદ આપે એ માટે. જે યુવાનોએ શિબિરમાં પવિત્ર અને સાક્ષીરૂપ જીવન જીવવા પ્રતિબદ્ધ થયા છે તેમના માટે. ડૈયુસી અને ઝાથિપડા ગામોના પંચાયતના વડાઓ ચર્ચ બનાવવાની મંજરી આપે એ માટે.

## દાદરા નગર હવેલી

### ખાનવેલ

### અરુલ અસીર ડી. અને સુગુના એલ

**સ્તુતિ :** 1 વર્ષના છોકરા જેક્સનની રમતી વખતે પાંસળી તૂટી ગઈ હતી જેને પ્રાર્થના દ્વારા સંપૂર્ણ સાજાપણું મળ્યું હતું. કિનોલી ગામના વિલાસભાઈ 23 વર્ષથી પગના ઘાથી પીડાતા હતા તેમને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. 10 પરિવારોએ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓ માટે બનાવેલા સરકારી મકાનો માટે યોગ્ય ભંડોળ પ્રાપ્ત થાય અને ચોમાસા પહેલા બાંધકામ પૂર્ણ થાય એ માટે. ડોલારા ગામના લશીબેનને અને પરઝાઈ ગામના દિનેશભાઈને તેમની ચેતાની સમસ્યામાંથી સાજાપણું મળે એ માટે. દિનેશભાઈના પુત્ર માટે પ્રાર્થના કરો કે જે 5 વર્ષનો છે અને બોલવામાં અસમર્થ છે, તેના સંપૂર્ણ સાજાપણા માટે.

### ખોવાયેલું મળી આવ્યું છે

પંજાબના અહેમદગઢ મંડી ક્ષેત્રની શ્રી સજનની પત્ની શ્રીમતી સરબજી કૌર, સામાન્ય રીતે ઓનલાઈન પ્રાર્થનામાં ભાગ લેતી હતી. એક ઘુસણખોરે પ્રાર્થના જૂથનો સભ્ય હોવાનો ઢોંગ કરીને તેણી સાથે વાત કરી. પ્રાર્થના માટે બોલાવવાનો ઢોંગ રચીને એક દિવસે તેણે તેણીને અને તેના બાળકોને કેટલાક મંત્રનો ઉપયોગ કરીને ઘરેથી દૂર લઈ જવા લલચાવ્યા. તે તેમને હિમાચલના પર્વતીય વિસ્તારમાં તેના સ્થાને લઈ ગયો અને તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા. શ્રીમતી સરબજીત અને તેના બાળકો 25 દિવસથી ગુમ હતા. તેમના પરિવારના સભ્યો ખૂબ ચિંતિત હતા અને તેમની શોધ કરી રહ્યા હતા. તમામ વિશ્વાસીઓએ તેમના માટે પ્રાર્થના કરી અને ટૂંક સમયમાં જ શ્રીમતી સરબજીત અને તેના બાળકો અમૃતસર નજીકથી મળી આવ્યા. આ ઘટના પછી તેમના પરિવારમાં અશાંતિ છે. ઈશ્વરપિતા તેમના પરિવારને શાંતિ આપે.

JUNE
26
ગુરૂવાર

Happy Birthday

શ્રી ઈમેન્યુએલ કાર્તિ પી.
શ્રીમતી સુનિતા મરાન્ડી સુશીલ

## મહારાષ્ટ્ર

### ખંડબારા અને નવાપુરા

### તિમ્મન્ના @ તિમોથી અને મમતા જે. વી.

**સ્તુતિ :** તારાપુર, જમદા વાકીપાડા અને કોલગર ગામોમાં જ્યાં 120 થી વધુ લોકો એકઠા થયા હતા અને વિશ્વાસીઓ માટે તાલીમ આપવામાં આવી હતી. નવા બે ગામો – હર્નિપાડા અને ખંડપાડામાં સુવાર્તા પ્રગટ કરી હતી અને નવા કરારનું વિતરણ કરવામાં આવ્યું હતું અને અન્ય ઘણા પુસ્તકોનું વિતરણ કર્યું હતું. આ ક્ષેત્રના છ ગામના 420 લોકોએ વિવિધ શિબિરો અને બેઠકોમાં ભાગ લીધો હતો જે આ ક્ષેત્રમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. શોબસ દાદાએ પ્રાર્થના દ્વારા કમળામાંથી સાજાપણું મેળવ્યું હતું. નવી 2 વ્યક્તિઓ રવિવારની સંગતમાં ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** નવાગાંવ, કોલગર ગામોમાં ચર્ચના બાંધકામ માટે જમીન અને એનઓસી પ્રાપ્ત થાય એ માટે, કારણ કે વિશ્વાસીઓના ઘરોમાં વિશેષ પ્રાર્થના અને મીટીંગ્સ કરવી મુશ્કેલ છે. બાળક કિસનના સંપૂર્ણ સાજાપણા માટે જે માનસિક વિકારથી પીડાય છે અને ખાવામાં અસમર્થ છે. અમિત અને શાંતિ બાઈના સાજાપણા માટે જેઓ સિકલ સેલથી પીડિત છે. આપણા વિશ્વાસીઓના રક્ષણ માટે જેઓ સુરત, પુણે, નાસિક અને મુંબઈમાં સ્થળાંતર કરે છે. અર્જુન દાદાના સાજાપણા માટે જેમને કિડનીની સમસ્યા છે અને પેશાબ પસાર કરવામાં અસમર્થ છે. આયોજીત તમામ આગામી કાર્યક્રમો માટે પ્રાર્થના કરશો.

### પિમ્પલનેર/જિરનીપાડા અને સકરી

### બાલાજી નેતલામ અને જગદીશ્વરી

**સ્તુતિ :** થેમ્બા ગામમાં સુવાર્તા પ્રચારની મીટીંગમાં 42 લોકોએ ભાગ લીધો હતો અને 5 લોકોએ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. અમારી પ્રાર્થના સભાઓમાં નવા 4 પરિવારો હાજરી આપે છે. 8 સ્થળોએ 1 દિવસની ઉપવાસની પ્રાર્થના, 2 દિવસીય વીબીએસ અને મલગાંવ ચર્ચમાં 1 દિવસીય ક્ષેત્રીય ચર્ચના વડીલોની બેઠકનું આયોજન કરી શક્યા હતા, જેમાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. અમને ચર્ચના વડીલો તરફથી સારો પ્રતિસાદ મળ્યો અને મંડળના વિકાસ વિષે ચર્ચા કરી.

**પ્રાર્થના :** અખડા ગામમાં સાપ્તાહિક પ્રાર્થના બેઠકો શરૂ થઈ શકે એ માટે. ક્ષેત્રના ઘણા નવા ગામોમાં સેવાકાર્ય પ્રારંભ કરી શકીએ એ માટે. 30 ગામોમાં આયોજીત વીબીએસ કાર્યક્રમ માટે. તેમાં ઘણા બાળકો ભાગ લે અને આશીર્વાદ પ્રાપ્ત કરે એ માટે. માયા ચાલવા, બોલવા અને બેસવામાં અસમર્થ છે તેના સંપૂર્ણ સાજાપપણા માટે. પંચમૌલી મંડળને ચર્ચ બનાવવા માટે જરૂરી જમીન મળે એ માટે.

JUNE
27
શુક્રવાર

Happy Birthday

શ્રીમતી શાર્લેનટ જેસિન્થા સેલ્વિન
શ્રીમતી લિલી રાની વિન્સેન્ટ પ્રેમરાજ
શ્રીમતી લુન્ચિંગ પુમસોન્ચિન

### કુક્સ

#### આર. થોમસ

**સ્તુતિ :** પ્રભુએ આપણા મિશનરીને તમામ ક્ષેત્રોને આપવામાં આવેલા લક્ષ્યોની તમામ માહિતીને અપડેટ કરવામાં મદદ કરી છે. આપણા મિશનરીની પુત્રીએ નીટની પરીક્ષા સફળતાપૂર્વક આપી છે.

**પ્રાર્થના :** મોહરસાઈ ન્યાયધીશોનું પુસ્તક અને પાઉલોસ ગીતશાસ્ત્રના પુસ્તકનું ભાષાંતર કરી રહ્યા છે, ઈશ્વરપિતા તેમના ડહાપણ અને શક્તિ આપે એ માટે. ક્ષેત્રીય કાર્યાલયમાં ચાલતું નવીનીકરણનું કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ થાય એ માટે.

### કર્ણાટક

### માલુર

#### કિશાન્ત લિમ્મા અને પ્રેમિલા સિંગ

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ આપણી વિશ્વાસી લાવન્યા અને તેણીના પરિવારનું તેણીના ઘરની નજીક આવેલા ચિત્તાથી રક્ષણ કર્યું હતું. આ મહિને, ઈશ્વરપિતાએ અમને કોઈપણ અવરોધ વિના સેવાકાર્ય કરવામાં મદદ કરી હતી. એક વ્યક્તિએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. આપણા ચર્ચના વડીલ, રાજમનીની કિડનીનું ઓપરેશન સફળતાપૂર્વક થયું હતું.

**પ્રાર્થના :** રમેશને લકવાની બિમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણી મહિલા વિશ્વાસીઓ માટે પ્રાર્થના કરો જેમના મોટાભાગના પતિઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો નથી. આપણા વિશ્વાસી જોનાર્ડના ફેમિલી કોર્ટ કેસનો નિકાલ આવે એ માટે. આપણા વિશ્વાસી બાળકોને તેમની એસએસએલસી, પીયુસી અને ડિગ્રી પરીક્ષામાં સારા પરિણામો મેળવે માટે પ્રાર્થના કરો.

### શિગગાંવ

#### નરેન્દ્ર કુમાર

**સ્તુતિ :** એનએસએમના બાળકો અને વિશ્વાસીઓના તમામ બાળકો 12 માં ધોરણની પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થયા છે. સવિતાને 92 ટકા આવ્યા છે. કિડનીની બિમારી માટે હોસ્પિટલમાં દાખલ થયેલા ગિરીજમ્મા માટે સાથે મળીને પ્રાર્થના કરવા દ્વારા ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું. આ મહિને તેણીએ ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે. નવા 4 ગામોમાં 545 લોકોને સુવાર્તા આપી હતી અને 1 વ્યક્તિએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો. પ્રાર્થનાઓ દ્વારા દીપાએ 4 વર્ષ પછી ગર્ભ ધારણ કર્યો છે. પામ સન્ડે, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટરની સંગતો ઈશ્વરપિતાની કૃપાથી કોઈપણ અવરોધ વિના ઉજવી શક્યા હતા.

**પ્રાર્થના :** વીબીએસમાં ભાગ લેનારા બાળકો પ્રભુમાં વૃદ્ધિ પામે અને પરિપક્વ બને એ માટે. અમે સ્થાનિક નેતાઓ, તહસિલદાર, ધારાસભ્યોનો સંપર્ક કર્યો છે ત્યારે કબ્રસ્તાનની જમીનની સમસ્યાઓ ઉકલે એ માટે. મલ્લવા અને તેના પરિવારને મેલીવિદ્યાને કારણે થયેલ લકવામાંથી સાજાપણું મળે એ માટે. આ વર્ષના અમારા લક્ષ્યો : નવા ગામો – 106, નવા લોકો – 3600, બાપ્તિસ્મા – 90, મંડળ - 6, બાઈબલ - 106, નવા કરાર – 181, અને નવા બાઈબલ અભ્યાસ જૂથો અને તમામ તાલીમી કાર્યક્રમો માટે પ્રાર્થના કરશો. આપણી વિશ્વાસી પુષ્પા તેની આર.આર.બી. ની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરે અને સરકારી નોકરી મેળવે એ માટે.

JUNE
28
શનિવાર

Happy Birthday

શ્રીમતી સેલ્વી ડેઈવનયગમ

## હલીયાલ

### થાંગલ ઝોઉ અને નેમઝવાહ

**સ્તુતિ :** રૂદ્રેશના પરિવારે ઉપવાસ સહિતની પ્રાર્થના દ્વારા બોરવેલ ખોદ્યો હતો અને પુષ્કળ પાણી મેળવવા સક્ષમ થયા હતા. શાંતા બાળક માટે પ્રાર્થના કરી રહી હતી અને હવે ઈશ્વરપિતાની કૃપાથી ગર્ભવત્તી છે. 2 સ્થળોએ જીસસ ફિલ્મ સેવાકાર્ય કોઈપણ અવરોધ વિના આયોજીત કર્યું હતું. ઉપવાસ સહિતની પ્રાર્થના સંગતમાં ભાગ લીધા બાદ ઘણા વર્ષોથી ઘૂંટણની પીડાથી પીડાતા એલ્લામાઈ ઈટાગીને સાજાપણુ મળ્યું હતું. વિદ્યા અને મલવાને સામાન્ય પ્રસૂતિ દ્વારા બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થયો છે.

**પ્રાર્થના :** નંદગડ ચર્ચની જમીન માટે આપણે પંચાયત પાસે જઈએ છીએ, તેમની તરફથી કોઈ અવરોધ ન થાય એ માટે.ઈશ્વરપિતા નંદગડમાં કોઈપણ સમસ્યા વિના ચર્ચ બનાવવામાં સહાય કરે એ માટે. પ્રાર્થના કરો કે આપણને ચર્ચના નિર્માણ માટે ઈટ્ટીગીમાં જમીન મળે. જેઓ તેમના વિશ્વાસની કબૂલાત કરવામાં વિલંબ કરે છે તેમના હૃદયોના પરિવર્તન માટે. રેણુકા નંદગાદના પરિવારને દેવામાંથી મુક્તિ મળે અને પરિવારમાં શાંતિ પ્રવર્તે એ માટે. ભવિષ્યના સેવાકાર્ય અને લક્ષ્ય પ્રાપ્ત થાય એ માટે.

## આન્ધ્ર પ્રદેશ

## કુપ્પમ

### વેંકટેસન સી કેસેન્સ અને એન. સસીકલા

**સ્તુતિ :** વાર્ષિક શિષ્યો બનાવવાનું લક્ષ્ય પ્રાપ્ત થયું હતું. આ મહિનામાં 2 વ્યક્તિએ તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. 5 ગામોમાં સુવાર્તા પ્રચાર રાત્રિ સભાઓ યોજાઈ હતી. 9 ગામોમાં વિશ્વાસીઓ રાત્રિની બેઠકો અને ફોલો-અપ સેવાકાર્ય નવા 5 ગામોમાં કરવામાં આવ્યું હતું. પામ સન્ડે, પવિત્ર અઠવાડિયાની પ્રાર્થના, પવિત્ર ગુરુવાર, ગુડ ફ્રાઈડે અને ઈસ્ટર જેવી તમામ વિશેષ સંગતો અર્થપૂર્ણ અને અસરકારક રીતે આયોજીત કરવામાં આવી હતી. મુનીર અને શકુંતલાને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને શ્રી રામને વિવિધ બિમારીઓમાંથી સાજાપણું મળ્યુ હતું.

**પ્રાર્થના :** જેમણે તેમના વિશ્વાસની કબૂલાત કરી છે તેઓની આત્મિક વૃદ્ધિ માટે. વર્ષ 2025-2026 માટેનું લક્ષ્ય સફળતાપૂર્વક પ્રાપ્ત કરવા માટે. નવા અને હાલના ગામોમાં સુવાર્તા પ્રચાર સેવાકાર્યની સતત અસરકારકતા માટે. પોગુરુપલ્લી ખાતેના નવા આરાધના જૂથની સંખ્યા અને પરિપક્વતામાં વધારો થાય એ માટે. જમીન પેટાવિભાજનના કાર્યમાં સરળતાથી પ્રગતિ આવે એ માટે. વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલે એ માટે. બાઈબલ અભ્યાસ, પ્રાર્થના અને સંગત દ્વારા વિશ્વાસીઓ મજબૂત બને એ માટે. વિવિધ આગામી મુખ્ય કાર્યક્રમો માટે પ્રાર્થના કરશો.

JUNE
29
રવિવાર

Happy Birthday

શ્રીમતી જેબાથાંગમ માધવરોય
શ્રી પોલરાજ પી., શ્રી મિંટુ કુટુમ
શ્રી વાડેકર દીલીપભાઈ રંગુભાઈ
શ્રીમતી સોનિયા રાની દેબદત્તા
શ્રીમતી માન્ના સિંગ દેબ્રતો

### સડુમ

### અનિલ મહાલી અને પ્રસંતિ

**સ્તુતિ :** 3 ગામોમાં સુવાર્તા પ્રચાર કરવામાં આવ્યો હતો. ઈશ્વરપિતાએ અમને ઘણા ગામોમાં ફોલો-અપ સેવાકાર્યમાં સહાય કરી હતી. અમે રાત્રિ સભાઓ, રાત્રિ પ્રાર્થનાઓ, મંડળીના વડીલોની તાલીમ, ઉપવાસ સહિતની પ્રાર્થનાઓ અને રવિવારની આરાધના સંગતોનું આયોજન કર્યું હતું. જોગીરપરપલ્લી ગામમાં વિશ્વાસીઓ માટે આત્મિક જાગૃતિનો કાર્યક્રમ અને દર્શન અને સેવાકાર્યની તાલીમનું આયોજન પણ કર્યું હતું. આપણા ચર્ચના યુવાન સેમ પ્રસાદે ખૂબ સારા પરિણામ સાથે ધો.10 ની પરીક્ષા પાસ કરી છે.

**પ્રાર્થના :** 10 વર્ષથી બાળકવિહોણા સ્વરૂપ રાણી પરિવાર અને લક્ષ્મીના પરિવારમાં ઈશ્વરપિતા ચમત્કાર કરે અને બાળકનો આશીર્વાદ આપે એ માટે. વિશ્વાસમાં નબળા પડેલા વિશ્વાસીઓ ચર્ચમાં પાછા જોડાય એ માટે. નાગરકોઈલની 7 વર્ષથી બાળકવિહોણી ક્રિસ્ટલજેપાને ઈશ્વરપિતા બાળકનો આશીર્વાદ આપે એ માટે. ભાઈ હેમન્થરાજે એમબીએ પૂર્ણ કર્યું છે તેમને સારી નોકરી મળે એ માટે. ગેની બેનને બીસીએ પરીક્ષામાં, યામિનીની બી.ફાર્મની પરીક્ષા, મિધુનને ડીપ્લોમાની પરીક્ષામાં સફળતા મળે એ માટે. ભાઈ નરસિંહા તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે.

### તમિલનાડુ

### વેટ્ટવલમ

### સી. બ્રાઈટ જેયાકુમાર અને બેઉલાહ અન્ના શાંતિની

**સ્તુતિ :** ઓલાઈપડીની શ્રીમતી અસૈમાલ્લી અને કેનાલોરમાં રહેતા તેમના 3 પૌત્રો ખૂબ જ ઉત્સાહથી આપણી રવિવારની પ્રાર્થનામાં ભાગ લઈ રહ્યા છે. સારાસુએ સ્વેચ્છાએ ઓલાઈપડીમાં ચર્ચના આંગણામાં છોડને પાણી આપવા અને જાળવણી માટે સ્વયંસેવા આપે છે. રાત્રે ચીસો પાડતા નાના છોકરા લોકેશને પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં સાજાપણું મળ્યું હતું. છોકરો અને તેની માતા આપણી પ્રાર્થના સંગતમાં રસપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** વૃદ્ધ અને પથારીવશ રાધાની માતા ચિન્નાતાઈ ખ્રિસ્તનો સ્વીકાર કરે અને મૃત્યુ પહેલાં તારણ પ્રાપ્ત કરે એ માટે. રાધાની પુત્રી સુગન્ધીનો પરિવાર પણ ઈસુનો સ્વીકાર કરે એ માટે. કાલાય સોરાથુર એફએમપીબીની ચર્ચની જમીનને સાફ કરી, માપવા અને શક્ય તેટલી વહેલી તકે વાડ કરવામાં આવે એ માટે, કમ કે નજીકની જમીનના માલિક તેમની જમીનને માપવાની યોજના બનાવી રહ્યા છે. સુવાર્તા પ્રચારના સેવાકાર્ય માટે એલસીડી પ્રોજેક્ટર અને પી.એ. સિસ્ટમની જરૂરિયાત માટે પ્રાર્થના કરશો. આગામી વીબીએસના કાર્યક્રમ માટે પ્રાર્થના કરશો.

**JUNE 30**
સોમવાર

Happy Birthday

શ્રી અઝરિયા રાજકુમાર
શ્રી વેંકટેશન સી. કેસેન્સ
શ્રી વિગ્નેશ્વરમ એન.
શ્રી શિશુ પાલ

### એનચેટ્ટી

#### ડેવિડ નિકોલસન અને આઈવી

**સ્તુતિ :** 53 વર્ષના ગૌવરમ્માની બંને કિડની નિષ્ફળ ગઈ હતી પરંતુ મંડળીએ તેમના માટે પ્રાર્થના કરી ત્યારે તેમને સાજાપણું મળ્યું હતું. સુવાર્તા નવા 4 ગામોમાં પ્રગટ કરવામાં આવી હતી. વેલ્લાઈના પૌત્રની શ્વાસનળીમાં મગફળી ફસાઈ ગઈ હતી અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી ત્યારે ઈશ્વરપિતાએ તેને દૂર કરવા ડોક્ટરને ડહાપણ આપ્યું હતું.

**પ્રાર્થના :** સુવાર્તા સાંભળનારા લોકો તારણ પામે એ માટે. સરોજા દેવીને ગળાના ઓપરેશનને કારણે થયેલ ઘામાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા થાનપલપેટ્ટી, થિમમન્થોટી, પાસપાત્ના, કોવાલ્લી અને મંડાઈવલ્લી ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. આગામી કાર્યક્રમો કોઈપણ ખલેલ વિના આયોજીત થઈ શકે એ માટે.

### વર્લી અનુવાદ

#### જી. અબ્રાહમ અને પી. હેમલથા

**સ્તુતિ :** અંબત્તુર અને આયપ્પક્કમ ખાતેની પ્રાર્થના મીટીંગો ઈશ્વરપિતાની કૃપાથી આશીર્વાદિત રહી હતી. નવા કરારના અનુવાદ માટે જે ભાષા સહાયકો દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. માથ્થી થી પ્રકટીકરણ સુધી સર્વગ્રાહી તપાસ કરવામાં આવી હતી. 8 થી 23 માર્ચ સુધી એનઆઈએમમાં નવા મિશનરીઓને શીખવવામાં આવ્યું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા નીતિવચનો 14 થી 31 પ્રકરણોના સંશોધન માટે સહાય કરે એ માટે. ઈશ્વરપિતા નવા કરારના અનુવાદનના કાર્યમાં રોકાયેલા વિશ્વાસીઓને ડહાપણ આપે એ માટે. ભાષા સહાયકો જે અનુવાદકાર્યમાં મદદ કરે છે તેમના સ્વાસ્થ્ય અને તેમને કોઈ અવરોધ ન આવે એ માટે.

### દારૂના વ્યસનની પકડ તોડી

મધ્યપ્રદેશના ખાલવા ક્ષેત્રના મોઝવાડી ગામની શ્રીમતી પાર્વતી છેલ્લા 13 વર્ષથી વિશ્વાસી છે. તેના પતિ, શ્રી વિલાસ પણ આપણા વિશ્વાસી છે. મિત્રની સોબતમાં આવીને વિલાસ છેલ્લા 7 વર્ષથી દારૂના વ્યસનમાં હતા. તેથી તેમનો પરિવાર ખૂબ પરેશાન હતો. મિશનરીઓ અને વિશ્વાસીઓએ તેમના માટે પ્રાર્થના કરી અને તેમની મુક્તિ માટે ક્ષેત્રીય અહેવાલ દ્વારા બે વાર પ્રાર્થના વિનંતી મોકલવામાં આવી હતી. શ્રીમતી પાર્વતીએ આગ્રહપૂર્વક પ્રભુને વિનંતી કરીને પ્રાર્થના કરી અને ઈશ્વરપિતાએ તેની પ્રાર્થનાઓનો જવાબ આપ્યો અને શ્રી વિલાસે છેલ્લા પાંચ મહિનાથી દારૂનું વ્યસન ત્યજી દીધું છે. પ્રાર્થના કરો કે આ પરિવાર વધુ લોકોને ઈશ્વર પાસે આવવા પ્રેરણા આપે.

405

**મિશનરી આલ્બમ**



## શ્રી જેરાલ્ડ ઝેવિયર અને શ્રીમતી જ્યોત્સના પરિવાર

શ્રી જેરાલ્ડ ઝેવિયરનો જન્મ તમિનલનાડુના રામાનાથપુરમ જીલ્લામાં કરંકડુ ગામમાં 9 નવેમ્બર 1989 ના રોજ શ્રી જોસેફ પાંડિયન અને શ્રીમતી ઈન્દિરા જેબમલાઈના પરિવારમાં થયો હતો. તેની માતા દ્વારા ખ્રિસ્તી ગુણોમાં અને આત્માઓ માટેના ઊંડા બોજથી ઉછરેલા, જેરાલ્ડને, બાળપણથી, ઉત્તર ભારતમાં મિશનરી તરીકે સેવા આપવાની તીવ્ર ઈચ્છા હતી. તેમણે બહુવિધ ભાષાઓ શીખવા અને તેમના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવા માટે સંગીતના સાધનોમાં નિપુણતા પ્રાપ્ત કરવા પ્રાર્થના કરી.

તેમણે 12 મું ધોરણ પૂર્ણ કર્યા પછી, બાઈબલ કોલેજમાં ઈશ્વરવિદ્યાનો અભ્યાસક્રમ પસંદ કર્યો. આ સમય દરમિયાન, તેમણે તેમના ક્ષેત્રમાં હાથ ધરવામાં આવેલા સુવાર્તા રથમ કાર્યક્રમમાં સક્રિયપણ ભાગ લીધો. ભાઈ આનંદ દ્વારા, તેમને એફએમપીબીના સેવાકાર્યો વિષે જાણ થઈ. 2008 માં ગોસ્પેલ રથમ સેવાકાર્યમાં જોડાયા અને એક વર્ષ સેવા આપી. 2009 માં, તેમણે મધ્યપ્રદેશમાં બરેલા લોકજૂથમાં સેવા આપવાનું શરૂ કર્યું. 2011 થી તે રતિયા લોકજૂથમાં પોતાનું સેવાકાર્ય ચાલુ રાખ્યું. 2016 થી તેઓ ઝારખંડમાં સંતાલ લોકજૂથ મધ્યે સેવા આપી રહ્યા છે.

શ્રીમતી જ્યોત્સનાનો જન્મ 1995 માં આંધ્રપ્રદેશના ચિત્તૂર ક્ષેત્રમાં સ્થિત કલાકદા સેવા ક્ષેત્રમાં શ્રી સુધાકર અને શ્રીમતી પદ્માવતીની સૌથી નાની પુત્રી તરીકે થયો હતો. તેનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેણે નર્સિંગનો કોર્ષ કર્યો હતો. રેવ જ્હોન ડેવિડ રાજ અને શ્રી રાજેશ, એક ક્ષેત્ર મિશનરી, જે તેમને તિરુમાલા લઈ ગયા અને તેમના વિશ્વાસની યાત્રામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

2012 માં, તેમણે તિરૂપતિમાં એફએમપીબી દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય યુથ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ત્યાંના મિશનરીઓના શક્તિશાળી પ્રશંસાપત્રો અને જીવનકથાઓથી પ્રેરાઈને, તેમણે પવિત્ર આત્માના પૂર્ણ સમયના સેવાકાર્યમાં પોતાનું જીવન સમર્પિત કરવાના તેડાનો સ્વીકાર કર્યો. તે 2014 માં એફએમપીબીમાં જોડાયા અને ઝાંસીમાં મિશનરી તાલીમ લીધી અને 2016 સુધી મહારાષ્ટ્રમાં સેવા આપી.

27 જાન્યુઆપી, 2017 ના રોજ, શ્રી જેરાલ્ડ અને શ્રીમતી જ્યોત્સનાના લગ્નમાં એક થયા. ત્યારથી, આ દંપતી પશ્ચિમ બંગાળમાં બંગાળી ભાષી સમુદાયો વચ્ચે સેવા આપી રહ્યું છે. ઈશ્વરપિતાએ તેમને બે પુત્રોનો આશીર્વાદ આપ્યો છે. 22 નવેમ્બર 2017 ના રોજ જન્મેલા તેમનો મોટા પુત્ર, જેહફિલ બીજા ધોરણમાં અભ્યાસ કરે છે અને 16 જૂન, 2019ના રોજ જન્મેલો તેમનો નાનો પુત્ર જેફરી જીન, પ્રથમ ધોરણમાં ધોહનાવુર સંતોષ વિદ્યાલયમાં અભ્યાસ કરે છે.

આવો આપણે આપણી પ્રાર્થનાઓમાં આ સમર્પિત મિશનરી પરિવારને સમર્થન આપવાનું ચાલુ રાખીએ.

406
મિશનરી આલ્બમ




## શ્રી થંગ ચિન લિયાન લેંગેલ અને શ્રીમતી વુંગ્થિઆન્ચીંગ


મણિપુરના ચુરાચાંદપુર જીલ્લામાં 1984 માં જન્મેલા શ્રી થાંગચિનલિયન લેંગેલ, ખેડૂત માતાપિતા શ્રી એલ. તુઆલખાનપાઉ અને શ્રીમતી થોંગઝનિંગના ખ્રિસ્તી પરિવારમાં બે બહેનો અને એક ભાઈ સાથે ઉછેર કરવામાં આવ્યો હતો. તે ખ્રિસ્તી ધર્મની શરૂઆતમાં સન્ડે સ્કૂલમાં ભાગ લેતા. દસ વર્ષની ઉંમરે એક આત્મિક જાગૃતિની મીટીંગ દરમિયાન રોમનો 10:9 વચન દ્વારા તારણનો અનુભવ કર્યો હતો. ઈશ્વરના વચનો વિષેની સમજને વધુ ગહન કરવાની ઈચ્છાથી તેમણે ઈશ્વરવિદ્યાકીય અભ્યાસ કરવા, ફેઈથ બેપ્ટિસ્ટ બાઈબલ કોલેજ અને સેમિનરી, કેરળ (2007) માં બી.ટીએચ અને મણિપુરમાં (2009) માં એમ.ટીએચ.નો અભ્યાસ દરમિયાન, તેમને ક્રોસ-કલ્ચરલ મિશનરી તરીકે સેવા આપવા માટે સ્પષ્ટ તેડાનો અનુભવ થયો હતો. 21-5-2010 ના રોજ, તે કુ. વુંગ થિઆન્ચિંગ સાથે લગ્નગ્રંથિમાં જોડાયા.

શ્રીમતી વુંગ થિઆન્ચિંગનો જન્મ મણિપુરના ચુરાચાંદપુર જીલ્લાના બંગમ્યુઅલ ગામમાં શ્રી એન. જિનલિયન અને શ્રીમતી નંગઝાદિમની સૌથી મોટી પુત્રી તરીકે, 14-3-1987 ના રોજ થયો હતો. તેમને બે ભાઈઓ અને એક બહેન છે. તેના માતાપિતા બંને સરકારી કર્મચારી તરીકે કામ કરતા હતા. તેઓ એક સારા ખ્રિસ્તી પરિવાર હતા. તેમના બાળપણથી, તે રવિવારની શાળા અને અન્ય ચર્ચ પ્રવૃત્તિઓ દ્વારા ખ્રિસ્તી ઉપદેશ પ્રાપ્ત કરતા હતા. વર્ષ 2000 માં, તેણીએ યુવા શિબિરમાં તારણનો અનુભવ કર્યો હતો. તેણીનું બાઈબલનુ પ્રિય વચન 1 પિતર 2:9 છે. તેણીએ 12 મુ ધોરણ પૂર્ણ કર્યા પછી, બાઈબલનો અભ્યાસ કરવા 2006 માં કેરળની ત્રિવેન્દ્રમ બાઈબલ કોલેજમાં બેચલર ઓફ થિયોલોજીનો કોર્સ શરૂ કર્યો હતો અને 2008 માં સ્નાતક થયા હતા. ત્યાર બાદ તેણીએ ગ્રેસ બાઈબલ કોલેજ, ચુરાચાંદપુરમાં એમ.ડિવ. નો અભ્યાસક્રમમાં જોડાઈને બાઈબલ અભ્યાસ ચાલુ રાખ્યો હતો જે તેમણે 2010 માં પૂર્ણ કર્યો હતો. તેણીના બાઈબલ અભ્યાસ દરમિયાન ઈશ્વરપિતા તરફથી વણખેડાયેલા લોકો મધ્યે મિશનરી તરીકે સેવા કરવાનું તેડુ અને બોજ પ્રાપ્ત થયા.

તેમના લગ્ન પછી તરત જ, બંને એફએમપીબીમાં જોડાયા અને ડેનિશપેટના બેથેલ બાઈબલ ઈન્સ્ટિટ્યૂટમાં મિશનરી તાલીમ મેળવી. તેઓને પ્રથમ ભાંડેરી ચિલ્ડ્રન હોમ અને સ્કૂલના સેવાક્ષેત્રમાં નિમણૂક કરવામાં આવી હતી. એક વર્ષ પછી, તેઓ થોડા મહિનાઓ માટે સંતાલ ક્ષેત્ર, ઝારખંડમાં સ્થાનાંતરિત થયા. પછી તેઓએ માલ્ટો ડેવલપમેન્ટ ક્ષેત્રમાં પ્રાથમિક શાળામાં છ વર્ષ કામ કર્યું. જુલાઈ 2019 થી, તેઓએ ગોંડ લોકો મધ્યે છત્તીસગઢના ભૈયાથન ક્ષેત્રમાં કામ કર્યું હતું. 11 માર્ચ, 2024 ના રોજ, કેવર ગામ ખાતે, એક ગૃહ પ્રાર્થના મીટીંગ દરમિયાન તેઓએ સતાવણીનો સામનો કરવો પડ્યો હતો અને તેમને ક્ષેત્ર છોડવાની ફરજ પડી હતી. શ્રી થાંગની ધરપકડ કરવામાં આવી હતી અને ઈશ્વરનું કામ કરવા બદલ એક દિવસ માટે જેલમાં રાખવામાં આવ્યા હતા. પ્રભુનો આભાર કે તેમને બીજા દિવસે જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો કોર્ટ કેસ સમાપ્ત થાય ત્યાં સુધી તેઓને અસ્થાયી રૂપે લૂડેગ બોય્ઝ હોસ્ટેલમાં મૂકવામાં આવ્યા હતા. હાલમાં, માર્ચ 2025 થી, તેઓ રઘુનાથપુર બોય્ઝ હોસ્ટેલ, છત્તીસગઢમાં કામ કરી રહ્યા છે.

ઈશ્વરપિતાએ તેમને બે પુત્રોનો આશીર્વાદ આપ્યો છે. મોટો પુત્ર, પાઉથિઆલ લેંગેલનો જન્મ 18 ફેબ્રુઆરી, 2011 માં થયો હતો, અને તેણે ધો.8 પૂર્ણ કર્યું છે. નાનો પુત્ર, થેનગ્લિઅંગ લેંગેલવાસ 30 મે, 2012 માં જન્મેલો અને ધો. 6નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. બંને હાલ મણિપુરના ઈસ્ટન હોલ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.

આવો આપણે આ સમર્પિત મિશનરી પરિવારને આપણી પ્રાર્થનામાં યાદ રાખીએ અને મણિપુરમાં તેમના સેવાકાર્ય, બાળકો અને તેમના વૃદ્ધ માતાપિતા માટે પ્રાર્થના કરીએ.




***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***